પ્રથમ વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 2 (બ)

# ભારતીય શિક્ષણ દર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ


જીસીઈઆરટી, વિદ્યાભવન,

ઉદ્યોગભવન સામે, સેક્ટર–12, ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી,
સચિવ, જીસીઇઆરટી, ગાંધીનગર

**કન્વીનર**
ડૉ. ટી. એસ. જોષી, પ્રાચાર્ય,
જિ. શિ.તા. ભવન, ગાંધીનગર

**વિષય સલાહકાર**
ડૉ. રવીન્દ્રભાઇ દવે
ડૉ. મહેન્દ્રભાઇ ચોટલીયા

**લેખન–સંપાદન**
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ
ડૉ. પંકજ દેસાઇ
શ્રી ભદ્રસિંહ વાઘેલા
શ્રી મનીષભાઇ પટેલ
શ્રી બુદ્ધેશભાઇ મેટાલીયા
શ્રી વસરામ બલદાણિયા

**સમીક્ષા**
ડૉ. ભરતભાઇ જોષી
ડૉ. પી. જી. પટેલ

**નિર્માણ સંયોજન**
શ્રી આઇ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્.(D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ વધુ સમૃદ્ધ અને ક્ષતિરહિત બને તે માટે રાજ્યની તમામ ડી.એલ.એડ્. સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવીને મૉડ્યૂલને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે. આમ, પ્રસ્તુત મૉડ્યૂલ ઉપયોગી અને અસરકારક બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | ભારતમાં શિક્ષણ પ્રણાલીનો વિકાસ | 4 |
| 2 | શિક્ષણની આધારશિલાના શિલ્પી : મુખ્ય શિક્ષક અને શિક્ષકની સજ્જતા | 26 |
| 3 | શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા | 50 |
| 4 | ભારતનું બંધારણ અને શિક્ષણ | 77 |

# એકમ 1: ભારતમાં શિક્ષણ પ્રણાલીનો વિકાસ

1.1 **પ્રસ્તાવના**

1.2 **ઉદ્દેશો**

1.3 **વેદકાલીન શિક્ષણ વ્યવસ્થા**

- 1.3.1 વેદકાલીન શિક્ષણના ઉદ્દેશ
- 1.3.2 વેદકાલીન શિક્ષણની લાક્ષણિકતાઓ
- 1.3.3 શિક્ષણ-પદ્ધતિ
- 1.3.4 ગુરુ-શિષ્ય સંબંધ
- 1.3.5 અભ્યાસક્રમ
- 1.3.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ

1.4 **બૌદ્ધકાલીન શિક્ષણવ્યવસ્થા**

- 1.4.1 બૌદ્ધકાલીન શિક્ષણના ઉદ્દેશો
- 1.4.2 બૌદ્ધકાલીન શિક્ષણની લાક્ષણિકતાઓ
- 1.4.3 શિક્ષણ-પદ્ધતિ
- 1.4.4 ગુરુ-શિષ્ય સંબંધ
- 1.4.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ

1.5 **મધ્યકાલીન શિક્ષણ વ્યવસ્થા**

- 1.5.1 ઈસ્લામિક શિક્ષણના ઉદ્દેશો
- 1.5.3 શિક્ષણ-પદ્ધતિ
- 1.5.4. ગુરુ-શિષ્ય સંબંધ
- 1.4.5 અભ્યાસક્રમ
- 1.5.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ
- 1.5.7 મધ્યકાલીન સમયમાં હિંદુ શિક્ષણ વ્યવસ્થા

1.6 **આધુનિક સમયમાં શિક્ષણ-વ્યવસ્થા**

- 1.6.1 સ્વાતંત્ર્યોત્તર શિક્ષણ વ્યવસ્થા
- 1.6.2 કોઠારી કમિશન (1964-66)
- 1.6.3 નવી શિક્ષણનીતિ – 1986

# એકમ -1 : ભારતમાં શિક્ષણ પ્રણાલીનો વિકાસ

## 1.1 પ્રસ્તાવના

પ્રાચીન સમયમાં અસ્તિત્વમાં હતી તેવી કેટલીક બાબતો પ્રવર્તમાન સમયમાં વિસરાઈ રહી છે તેને પુનઃ સમજવાનો પ્રયત્ન કરીએ. આ બાબતને સમજવા માટે એક ઉદાહરણ લઈએ જેમ કે, 'વિદ્' ધાતુ (શબ્દ) કે જેનો આધાર લઈને પ્રવર્તમાન સમયમાં ઉપયોગમાં લેવાતા હોય તેવા ઘણા બધા શબ્દો અસ્તિત્વમાં આવ્યા.

'વિદ્'નો અર્થ થાય છે- 'ભણવું', 'શીખવું' કે 'જાણવું'. શિક્ષણનું સમગ્ર કાર્ય એ આ 'વિદ્' શબ્દમાંથી પ્રગટ થાય છે. 'વિદ્' એ સંસ્કૃતનો ધાતુ છે. આ 'વિદ્' ધાતુમાંથી પ્રાચીન સમયમાં જે બીજો શબ્દ બન્યો છે તે છે 'વેદ'.

'વેદ'નો અર્થ થાય છે 'જ્ઞાન'. આપણા જે ચાર વેદો છે તેને આપણે 'જ્ઞાન ગ્રંથો' તરીકે ઓળખી શકીએ. આ જ્ઞાનગ્રંથો એક જમાનામાં ગુરુકુળોમાં પાઠ્યપુસ્તકો તરીકે વપરાતા હતા. આ ચારેય વેદના જન્મ અંગે પણ વિચારણા થવી જોઈએ. શરૂઆતમાં આ વેદ એક જ હતા, જેને વૈદિક સમયમાં 'જ્ઞાન' તરીકે ઓળખવામાં આવતા. આ વેદના પ્રત્યેક મંત્રને 'ઋચા' એટલે કે 'પ્રકાશ' તરીકે ઓળખવામાં આવે છે. એટલા માટે જ શિક્ષણ કે કેળવણીને 'આંતરિક પ્રદિપ્તીકરણ'ની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આમ, કેળવણી એ માનવ સશક્તિકરણ અને આંતરિક પ્રદિપ્તીકરણની પ્રક્રિયા છે જેના દ્વારા જીવન બહેતર અને ઉન્નત બની શકે. જીવન બહેતર બને એટલે કે 'વ્યવહારુ જ્ઞાન' જેમાં પૈસા કમાવા, ઘર ચલાવવું, બાળકોનું ધ્યાન રાખવું, સાજા-માંદા સમયની સગવડો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે જીવન ઉન્નત બને એટલે કે તમે જીવનમાં ઊંચા બની શકો તમારી પ્રગતિ થાય. મૂળભૂત રીતે આ બે કાર્યો માટે જ 'કેળવણી' છે.

મોટા મોટા ગુરુકુળોના આચાર્યો અને પ્રાચાર્યો દ્વારા વેદોની રચના કરવામાં આવી. જેમાં ગૌતમ, ભારદ્વાજ, વ્યાસ જેવા આચાર્યોનું મહત્વનું પ્રદાન છે. આ મોટા વિદ્વાનો દ્વારા જુદી જુદી જગ્યાએથી પ્રાપ્ત થયેલ કે શીખેલ ઋચાઓને સંગઠિત કરવાનું, તેને વ્યવસ્થિત કરવાનું તેમજ આ ઋચાઓને તેના અર્થ કે ઉપયોગિતાને અનુલક્ષીને વિભાગીકરણ કરવાનું ભગીરથ કાર્ય થયું અને એ રીતે એક વેદમાંથી ચાર વેદ અસ્તિત્વમાં આવ્યા.

વેદનો મૂળ અર્થ 'જ્ઞાન' થાય. અહીં જ્ઞાન એટલે ફક્ત માહિતી જ નહિ પરંતુ ઊંડાણપૂર્વકનું જ્ઞાન. આ રીતે 'વિદ્'માંથી 'વેદ' શબ્દ થયો અને એક વેદમાંથી ચાર વેદો ઉત્પન્ન થયા. તેની સાથે સાથે ઉપનિષદો પણ બન્યા. જેમ કે ઈશાવાસ્ય, કઠ, કેન, છાંદોગ્ય ઉપનિષદ વગેરે. આ રીતે પ્રશિક્ષણાર્થી 'વિદ્'માંથી 'વેદ' અને આ રીતે શિક્ષણની પરિભાષામાં વપરાતા આવા શબ્દોના આવિર્ભાવ વિશે સમજ મેળવશે ત્યારે જ ભારતીય શિક્ષણ દર્શનનો સાચો ખ્યાલ પ્રાપ્ત કરી શકશે.

પ્રસ્તુત એકમમાં વેદકાળ, બૌદ્ધકાળ, મધ્યકાળ અને ત્યારબાદના સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધીના સમયગાળામાં શિક્ષણના ઉદ્દેશ, પદ્ધતિ, લાક્ષણિકતાઓ, શિક્ષણની પ્રણાલી, ગુરુ-શિષ્ય સંબંધ, અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સંબંધિત બાબતોની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

## *1.2* ઉદ્દેશ

આ એકમને અંતે તમે.....

- વૈદિક, બૌદ્ધ અને ઈસ્લામિક સમયગાળાની વિચારધારાઓનાં મુખ્ય દાર્શનિક વિચારોનું સ્પષ્ટીકરણ કરી શકશો.
- આ વિચારો શિક્ષણ પ્રણાલીમાં કઈ રીતે પ્રતિબિંબિત થતા હતા તેનું શિક્ષણના ઉદ્દેશ, લાક્ષણિકતાઓ, પદ્ધતિઓ, ગુરુ-શિષ્ય સંબંધ અને અભ્યાસક્રમના સંદર્ભમાં સ્પષ્ટીકરણ કરી શકશો.
- આ શૈક્ષણિક પ્રણાલીઓની આધુનિક શિક્ષણમાં કેટલી પ્રસ્તુતતા છે, તેને ઓળખી – બતાવી શકશો.
- અંગ્રેજોના સમયનું શિક્ષણ, ભારતીય બંધારણમાં શિક્ષણના પ્રાવધાનો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું વર્ણન કરી શકશો.

## *1.3* વેદકાલીન શિક્ષણ વ્યવસ્થા

પ્રશિક્ષણાર્થી મિત્રો, ભવ્ય પ્રાચીન સંસ્કૃતિ ધરાવનાર ભારતમાં શિક્ષણનો પ્રારંભ વૈદિકકાળથી થયો હોવાનું મનાય છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધાર વેદ હતા. તે સમયે શિક્ષણમાં વેદ અને વૈદિક સાહિત્યનું મહત્વ હોવાના કારણે તેને 'વૈદિક શિક્ષણ' કહે છે. વૈદિકકાળમાં સમાજ અને શિક્ષણ પર બ્રાહ્મણોનું આધિપત્ય હોવાથી વિદ્વાનો તેને 'બ્રાહ્મણકાળ' કે 'બ્રાહ્મણીય શિક્ષણ' તરીકે પણ ઓળખાવે છે.

પ્રાચીન ભારતમાં શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનું તેમજ સમાજની સર્વત્તોમુખી ઉન્નતિ માટેનું એક અગત્યનું પરિબળ હતું. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ એવી સુગ્રથિત શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કર્યું કે જેણે વૈદિક સાહિત્યનું રક્ષણ કરવાની સાથે સાથે જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં મૌલિક વિચારકોને જન્મ આપ્યો.

### 1.3.1 વેદકાલીન શિક્ષણના ઉદ્દેશ

વૈદિક શિક્ષણના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ હતા :

### વ્યક્તિમાં ધાર્મિકતાની ભાવનાનો વિકાસ કરવો

પ્રાચીન શિક્ષણનો પ્રત્યક્ષ અને મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સમાજના ધાર્મિક સભ્ય બનાવવાનો

હતો. પ્રાચીન ભારતમાં વ્યક્તિના જીવનમાં ધર્મ મુખ્ય ભાગ ભજવતો હતો. શિક્ષણ આપવાનું કાર્ય ધર્મગુરુઓ જ કરતાં હતાં. વ્યક્તિ મોક્ષ ત્યારે જ મેળવી શકે જ્યારે તે ઈશ્વરભક્તિ અને ધાર્મિકતાની ભાવનાથી પૂર્ણ હોય. વ્રત, યજ્ઞ, ઉપાસનાઓ અને વિવિધ ધાર્મિક ઉત્સવો દ્વારા વિદ્યાર્થીઓમાં આ ભાવનાનો વિકાસ કરવામાં આવતો હતો.

**ચારિત્ર્યનું ઘડતર કરવું**

વેદકાલીન શિક્ષણનો બીજો ઉદ્દેશ શિક્ષણ દ્વારા વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવાવનો હતો. તે સમયે વિદ્વત્તા કરતાં ચારિત્ર્યને વધુ મહત્વ અપાતું હતું.

**વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ કરવો**

વેદકાલીન શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવાનો પણ હતો. આ ઉદ્દેશની સિદ્ધિ માટે તેમને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે સાથે વ્યાવહારિક જ્ઞાન પણ આપવામાં આવતું હતું. વેદકાલીન માનવજીવનનું મુખ્ય લક્ષ્ય ચાર પુરુષાર્થો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનું હતું. વ્યક્તિત્વના વિકાસ માટે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, આત્મસન્માન, આત્મસંયમ, ન્યાયની ભાવના અને વિવેક જેવા સદગુણોનો વિકાસ થાય તેવો પ્રયત્ન કરવામાં આવતો હતો.

**મોક્ષની પ્રાપ્તિ**

વેદકાળમાં જીવનનું પરમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ હતું. શરીર નાશવંત છે અને આત્મા અમર છે. આ અમર આત્માની ઉન્નતિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવા માટે જપ, તપ અને ધ્યાન પર વિશેષ ભાર મૂકવામાં આવતો હતો. વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના શિક્ષણ દ્વારા પોતાના મનને નિયંત્રિત કરવાનું અને ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનું શીખવવામાં આવતું. જેથી ચંચળ મન ગમે ત્યાં ભટકી તેમના મોક્ષપ્રાપ્તિના લક્ષ્યમાં અડચણરૂપ ન બને.

ડૉ એસ. એન. મુખર્જી જણાવે છે કે, “શિક્ષણનો ઉદ્દેશ ચિત્તવૃત્તિ નિરોધ એટલે મનમાં એવા વિચારોનો પ્રવેશ નિષેધ કે જેના કારણે મન સંસારમાં લુપ્ત થઈ જાય છે.”

**નાગરિક અને સામાજિક ફરજોનું પાલન**

વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સામાજિક કર્તવ્યભાવના વિકસે અને તે દેશનો સારો નાગરિક બને તે પણ વેદકાલીન શિક્ષણનો ઉદ્દેશ હતો. આ માટે વિદ્યાર્થીને નિઃસ્વાર્થ અને પરોપકારપૂર્ણ જીવન જીવવા માટેનું શિક્ષણ અપાતું હતું. તેઓ પોતાની નાગરિક અને સામાજિક ફરજો યોગ્ય રીતે નિભાવે તે માટે ગુરુ તેમને ઉપદેશ પણ આપતા હતા. આ ઉપદેશમાં અતિથિઓનો યોગ્ય સત્કાર કરવો, દિનદુઃખીયાઓને સહાય કરવી, વૈદિક સાહિત્યનું નિઃશુલ્ક શિક્ષણ આપવું તેમજ પુત્ર-પિતા કે પતિ તરીકેના પોતાના કર્તવ્યના પાલનનો સમાવેશ થતો હતો.

**આત્મનિર્ભરતા માટેનું શિક્ષણ**

વેદકાલીન શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સામાજિક કાર્યક્ષમતાની વૃદ્ધિ કરવાનો હતો, જેથી તેઓ પોતાના વ્યાવહારિક જીવનમાં સરળતાથી આજીવિકા પ્રાપ્ત કરી પોતાના સુખમાં વધારો કરી શકે. વિવિધ વ્યવસાયોમાં કુશળ વ્યક્તિઓ વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરી પોતાના પરિવાર અને દેશને સુખી તેમજ સમૃદ્ધ બનાવવામાં પોતાનું યોગદાન આપતા હતા.

**સંસ્કૃતિની જાળવણી અને પ્રસાર**

વેદકાળમાં ગૃહસ્થો પાસે એવી અપેક્ષા રખાતી કે તેઓ તેમના વેદનું અધ્યયન (સ્વાધ્યાય) કરે અને ભાવિ પેઢીને પણ તેનું જ્ઞાન આપે.  વિદ્યાદાન એ બ્રાહ્મણનું પુનિત કર્તવ્ય ગણાતું. પ્રત્યેક બ્રાહ્મણ વેદોનું અધ્યયન કરતા અને પ્રત્યેક આર્ય વૈદિક સાહિત્યના કોઈ એક ભાગનું અધ્યયન કરતા હતા. આનાથી રાષ્ટ્રીય સંસ્કૃતિનું સંરક્ષણ અને પ્રસાર પેઢી દર પેઢી સરળ બનતું.

### 1.3.2 વેદકાલીન શિક્ષણની લાક્ષણિકતાઓ

વેદકાલીન શિક્ષણની મુખ્ય લાક્ષણિકતાઓ (વિશેષતાઓ) નીચે મુજબ છે:

**ઉપનયન સંસ્કાર (જનોઈ)**

'ઉપનયન' શબ્દ સંસ્કૃત ધાતુ **उप+नी** (નજીક લઈ જવું, દોરી જવું) પરથી બન્યો છે. એનો શાબ્દિક અર્થ 'વિદ્યાર્થીને શિક્ષણ માટે તેના ગુરુ પાસે લઈ જવો અને બ્રહ્મચર્ય જીવનમાં પ્રવેશ કરાવવો' તે છે. ઉપનયન એ હિન્દુઓના જીવનનો એક મહત્વપૂર્ણ સંસ્કાર છે. આ સંસ્કારથી જ દ્વિજત્વના અધિકારી ત્રણ વર્ણોના બાળકોને દ્વિજત્વ પ્રાપ્ત થાય છે. બાળકની ઉંમર 8-9 વર્ષની થતાં તેને ઔપચારિક શિક્ષણ મેળવવા માટે ગુરુકુળમાં મૂકવામાં આવતો. ગુરુકુળમાં પ્રવેશ સમયે એક વિધિ કરવામાં આવતી, જે ઉપનયન સંસ્કાર (દોરાની વિધિ – Thread Ceremony) તરીકે ઓળખાતી.

**દિક્ષાન્ત વિધિ (સમાવર્તન સંસ્કાર)**

સમાવર્તન કે સ્નાન સંસ્કાર બ્રહ્મચર્ય સમાપ્ત થાય તે સમયે કરવામાં આવતો. આ સંસ્કાર વિદ્યાર્થીજીવનના અંતનો સૂચક હતો. સમાવર્તનનો શાબ્દિક અર્થ થાય 'પાછા ફરવું'. સમાવર્તન એટલે વેદાધ્યયન બાદ (સંપૂર્ણ અભ્યાસ પૂર્ણ કર્યા પછી) ગુરુકુળથી ઘર તરફ પાછા ફરવું. સમાવર્તન સંસ્કારને સ્નાન સંસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે સ્નાન એ આ સંસ્કારનું મહત્વપૂર્ણ અંગ છે.

**પ્રાકૃતિક સાનિધ્ય**

વેદકાળમાં તપોવનમાં આવેલ શિક્ષણકેન્દ્રોમાં વિદ્યાર્થીઓ ઋષિમુનિઓ(ગુરુ)ના ચરણમાં બેસીને જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. પ્રાકૃતિક સૌંદર્યથી સભર શિક્ષણકેન્દ્રોમાં વિદ્યાર્થીઓ પોતાના

જીવનનો અમૂલ્ય સમય વિતાવતા હતા. પ્રકૃતિ સાથેના ગાઢ, સતત અને દીર્ઘકાલીન સંબંધની તેમના શારીરિક અને માનસિક વિકાસ પર ચિરસ્થાયી અને વિધાયક અસર થતી હતી.

**ગુરુકુળ પ્રથા**

ગુરુકુળ પ્રથા એ પ્રાચીન ભારતીય શિક્ષણનું એક ઘણું જ મહત્વનું અંગ હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતા અને ઘરથી દૂર ગુરુને ઘેર કે પ્રતિષ્ઠિત છાત્રાલયમાં રહી પોતાનો અભ્યાસ પૂર્ણ કરતા. સ્મૃતિમાં જણાવ્યા અનુસાર ઉપનયન બાદ વિદ્યાર્થીએ પોતાના ગુરુની દેખરેખ હેઠળ શિક્ષણ પૂરું કરી દેવું જોઈએ. વિદ્યાર્થી ગુરુની સાથે તેમના પરિવારના સભ્ય બની જ્ઞાન મેળવતા અને પોતાના જીવનનું ઘડતર કરતા. આ વિદ્યાર્થી 'અંતેવાસી' કહેવાતા. અંતેવાસીનો યૌગિક અર્થ થાય છે, 'જે પોતાના ગુરુની પાસે રહે છે તે.

**અધ્યયનનો સમયગાળો**

વેદકાળમાં અધ્યયનની અવધિ સામાન્ય રીતે 12 વર્ષની હતી. 12 વર્ષની સમયાવધિમાં વિદ્યાર્થી માત્ર એક જ વેદનું અધ્યયન કરી શકતો. વિદ્યાર્થીએ બીજા વેદોનું અધ્યયન કરવું હોય તો તેણે પ્રત્યેક વેદ માટે 12 વર્ષ ગુરુકુળમાં વિતાવવા પડતા. 12, 24, 36 અને 48 વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્યનું પાલન કરી જ્ઞાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ક્રમશઃ સ્નાતક, વસુ, રુદ્ર અને આદિત્ય તરીકે ઓળખાતા.

**શિક્ષણનું સ્વરૂપ**

વેદકાલીન શિક્ષણ સંપૂર્ણપણે ધર્મથી પ્રભાવિત હતું. વૈદિક શિક્ષણના આદર્શો, ઉદ્દેશ, પાઠ્યક્રમ, શિક્ષણ વ્યવસ્થા અને વિદ્યાર્થીના દૈનિક જીવન પર ધર્મનું પ્રભુત્વ જોવા મળતું હતું. આમ, વૈદિક શિક્ષણ સંપૂર્ણપણે ધર્માવલંબિત, ધર્માચ્છાદિત અને ધર્મથી રચાયેલું હતું.

**નિઃશુલ્ક અને સાર્વત્રિક શિક્ષણ**

વેદકાળમાં શિક્ષણ નિઃશુલ્ક હતું. શિક્ષણ આપવું (વિદ્યાદાન) બ્રાહ્મણો માટે ધાર્મિક કર્તવ્ય ગણવામાં આવતું, જેના દ્વારા તેઓ ઋષિ ઋણમાંથી મુકિત મેળવી શકતા હતા. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાનનો પ્રસાર કરવાનો હતો, આજીવિકા મેળવવાનો નહીં.

**કક્ષાનાયક પ્રણાલી**

વૈદિક શિક્ષણની મહત્વપૂર્ણ વિશેષતા છે કક્ષાનાયક પ્રણાલી (વડા વિદ્યાર્થીની પ્રથા, વર્ગ નેતા પ્રણાલી ). આ પદ્ધતિ અનુસાર ઉચ્ચવર્ગ(કક્ષા)ના બુદ્ધિશાળી, પ્રતિભાશાળી વિદ્યાર્થી જેને

નાયક (નેતા) કહેવામાં આવતો, તે નિમ્નવર્ગ(કક્ષા)ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતો અને ગુરુને શિક્ષણકાર્યમાં મદદરૂપ બનતો.

આ પદ્ધતિથી મુખ્ય ત્રણ લાભ થતા હતા, જે નીચે મુજબ છે :

(1) ગુરુને તેમના શિક્ષણકાર્યમાં સહાય મળતી, વિદ્યાલયની કાર્યક્ષમતામાં વૃદ્ધિ થતી.

(2) ગુરુ(શિક્ષક)ની ગેરહાજરીમાં પણ શિક્ષણકાર્ય ચાલતું.

(3) વડો વિદ્યાર્થી થોડા સમયમાં જ શિક્ષણકાર્યમાં પ્રશિક્ષિત થઈ જતો.

વેદકાળની આ પદ્ધતિથી પ્રભાવિત થઈ અંગ્રેજ શિક્ષણકાર બેલ અને લેંકાસ્ટરે તેમના દેશમાં આ પદ્ધતિ અમલમાં મૂકી. પરંતુ તેઓ આ પદ્ધતિને આદર્શ સ્વરૂપ ન આપી શક્યા.

**બાહ્ય નિયંત્રણથી મુક્તિ**

રાજય ગુરુકુળને આર્થિક મદદ કરતું પરંતુ ગુરુકુળના સંચાલનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કરતું નહોતું. ગુરુકુળ સંપૂર્ણપણે આચાર્યના નિયંત્રણમાં હતું. આચાર્યની આજ્ઞા અનુસાર જ ગુરુકુળના બધા કાર્યો થતા. રાજય સરકાર, રાજકીય પરિબળો કે પ્રજા આચાર્યના કાર્યોમાં દખલગીરી કરતા નહીં.

### 1.3.3 શિક્ષણ-પદ્ધતિ

વેદકાળમાં મૌખિક પદ્ધતિથી શિક્ષણ અપાતું. વેદમંત્રોનું ગુરુના મુખેથી ઉચ્ચારણ થયા બાદ વિદ્યાર્થીઓ વેદમંત્રોનું શ્રવણ અને ગુરુના ઉચ્ચારણનું અનુસરણ કરતા. મંત્રમાં વિદ્યાર્થીને પડતી મુશ્કેલીનું નિવારણ ગુરુ દ્વારા કરવામાં આવતું. ગુરુ પાસેથી મેળવેલ જ્ઞાન ચિંતન, મનન અને નિદિધ્યાસન દ્વારા વિદ્યાર્થી આત્મસાત્ કરતો. કંઠસ્થ કરેલ પ્રત્યેક મંત્રનો અર્થ જાણવો વિદ્યાર્થી માટે જરૂરી હતો. મંત્રો અને ગુરુના પ્રવચન પરની વિદ્યાર્થીઓની શંકા-પ્રશ્નોના સમાધાન માટે શાસ્ત્રાર્થ, વાદવિવાદ, પ્રશ્નોત્તર જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરાતો.

ઉપરોક્ત પદ્ધતિઓ ઉપરાંત ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓમાં પ્રશ્ન (શિષ્ય દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો), અનુપ્રશ્ન (ગુરુના સ્પષ્ટીકરણ પર પૂછવામાં આવતા પૂરક પ્રશ્નો), અન્તીપ્રશ્નો (અસંગત પ્રશ્ન કે દલીલને અટકાવવા પૂછાતો પ્રશ્ન), વ્યાખ્યા (ફકરાનો અર્થ સમજાવવો), અનુવ્યાખ્યા (પૂરક સ્પષ્ટીકરણ) અને દૃષ્ટાંત (ઉદાહરણ) મહત્વપૂર્ણ પદ્ધતિઓ હતી. વૈદિક ઋષિઓ અંતિમ સત્ય અને વાસ્તવિકતાને જાણવા તપ અને યોગ કરતા હતા.

આમ, વૈદિક સમયમાં શિક્ષણની પદ્ધતિ પ્રત્યક્ષ અને વ્યક્તિગત હતી.

### 1.3.4 ગુરુ-શિષ્ય સંબંધ

વૈદિક શિક્ષણની સર્વશ્રેષ્ઠ પરંપરાઓમાં ગુરુ-શિષ્ય સંબંધની પરંપરા ધ્યાનાકર્ષક હતી. ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધનો આધાર કોઈ સંસ્થા નહીં પણ અહીં દર્શાવેલા તેમના પારસ્પરિક કર્તવ્યો પર હતો. બન્ને વચ્ચેના સંબંધો સુમધુર, પારસ્પરિક અને પારિવારિક હતા.

**વિદ્યાર્થીની ફરજો**:

વિદ્યાર્થીઓ પોતાના ગુરુને ઊંડા આદરભાવથી જોતા અને હૃદયથી તેમનું સન્માન કરતા. તેઓ ગુરુને માતા-પિતા, દેવતા કે રાજા જેવું ઉચ્ચસ્થાન અને માન આપતા.

**શિક્ષકની ફરજો**:

વેદકાળમાં ગુરુ પોતાના વિદ્યાર્થી પર પુત્ર સમાન પ્રેમ રાખતા. વૈદિક ઋષિઓએ ગુરુને વિદ્યાર્થીના 'આધ્યાત્મિક પિતા' (Spiritual Father) કહ્યા છે. પોતાના વિદ્યાર્થીની ક્ષતિઓ માટે ગુરુ નૈતિક રીતે જવાબદાર ગણાતા. ગુરુ વિદ્યાર્થીઓને જ્ઞાન આપતા, તેમના ચારિત્ર્યનું ઘડતર કરી સારી ટેવોનું સિંચન કરતા તેમજ તેમના માટે ભોજન-વસ્ત્રોની વ્યવસ્થા કરતા. શિષ્યની માંદગી વખતે ગુરુએ પિતાની જેમ તેની સારવાર અને શુશ્રુષા કરવાની હતી.

આમ, ગુરુ (શિક્ષક) અને શિષ્ય (વિદ્યાર્થી) પરસ્પર સ્નેહ, સન્માન, વિશ્વાસ અને કર્તવ્યની ભાવનાથી જોડાયેલા હતા. બંનેનું જીવન લક્ષ્ય સમાન હતું. જ્ઞાન અને સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન, પ્રસારણ તેમજ જીવન અને આચરણમાં એના મહત્વને સિદ્ધ કરવું. ગુરુ પોતાના શિષ્યોના શારીરિક, ભાવનાત્મક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને આધ્યાત્મિક વિકાસની જવાબદારી નિભાવતા હતા.

### 1.3.5 અભ્યાસક્રમ

પ્રાથમિક શિક્ષણની શરૂઆત મૌખિક જ્ઞાનથી થતી. બાળકોને વૈદિક મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ અને ગાન શીખવવામાં આવતું. મંત્રો કંઠસ્થ થઈ ગયા બાદ તેનું પઠન અને લેખન કરાવવામાં આવતું. ભાષાનું અપેક્ષિત જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તેમને સાહિત્ય, વ્યાકરણ, ગણિત તથા છંદશાસ્ત્રથી પરિચિત કરવામાં આવતા.

આમ, પ્રાથમિક શિક્ષણના પાઠ્યક્રમમાં વેદમંત્રોનું સ્મરણ, ગાન, પઠન, લેખન, ભાષા, વ્યાકરણ, ગણિત અને છંદશાસ્ત્રનો સમાવેશ થતો હતો.

વેદકાળનો વિદ્યાર્થી વ્યાકરણથી સંપૂર્ણ જાણકાર હોય તે આવશ્યક હતું. તે સમય દરમ્યાન બે પ્રકારના વિષયોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

1. **આધ્યાત્મિક :** આધ્યાત્મિક વિષયોમાં ચાર વેદ, છ વેદાંગ, ઉપનિષદ્, પુરાણ, દર્શનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે જેવા વિષયો સમાવિષ્ટ હતા.

2. **લૌકિક** : લૌકિક વિષયોમાં જ્યોતિષ, ગણિત, ઈતિહાસ, ભૌતિકશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પશુપાલન, આર્યુવેદ અને વિવિધ લલિત કલાઓનો સમાવેશ થતો હતો.

યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના સંવાદમાં નીચેના જેવા વિષયોનો ઉલ્લેખ જોવા મળે છે : ચાર વેદ, ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, નક્ષત્રવિદ્યા, સર્પદંશ વિશમનવિદ્યા, નૃત્ય અને સંગીત.

### 1.3.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ

વેદકાળમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટેની કોઈ નિશ્ચિત પ્રણાલી અસ્તિત્વમાં ન હતી. વિદ્યાર્થી સાથેના ઘનિષ્ઠ અને સતત સંપર્કને કારણે ગુરુ પોતાના પ્રત્યેક વિદ્યાર્થીની યોગ્યતા અને મર્યાદાથી સંપૂર્ણપણે પરિચિત રહેતા. ગુરુ શિક્ષણકાર્ય દરમિયાન અને પછી પ્રશ્નો પૂછી મૌખિક કસોટી દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરતાં અને તેને આગળના વર્ગમાં જવાનો અધિકાર આપતા.

સમયાંતરે વ્યાખ્યાનો, સ્પર્ધાઓ, શાસ્ત્રાર્થ અને વાદવિવાદનું આયોજન કરવામાં આવતું, જેમાં વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાન અને યોગ્યતાનું પ્રદર્શન કરતાં. આમ, વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ–કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવતું.

### 1.3.7 ઉપસંહાર

મિત્રો, આપણે વેદકાલીન શિક્ષણ વ્યવસ્થાના શિક્ષણના ઉદ્દેશ, લાક્ષણિકતાઓ, શિક્ષણપદ્ધતિ, ગુરુ-શિષ્ય સંબંધ અને અભ્યાસક્રમ વિશે અભ્યાસ કર્યો. વેદકાલીન શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ-પ્રાપ્તિનો હતો અને શિક્ષણપદ્ધતિ વૈયક્તિક અને મૌખિક હતી. ગુરુ-શિષ્ય સંબંધ સ્નેહપૂર્ણ અને ઘનિષ્ડ હતો. શિક્ષણ ધર્મથી પ્રભાવિત, નિઃશુલ્ક, સાર્વત્રિક અને બાહ્ય નિયંત્રણમાંથી મુક્ત હતું. આમ છતાં વેદકાલીન શિક્ષણની કેટલીક મર્યાદાઓને કારણે બે ધર્મોનો અભ્યુદય થયો: (૧) બૌદ્ધ ધર્મ અને (૨) જૈન ધર્મ. જેના વિશે પણ અભ્યાસ કરવો જરૂરી છે. આપણે હવે પછીના મુદ્દામાં બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થા વિશે અભ્યાસ કરીશું.

### 1.3.8 પ્રગતિ ચકાસો

નોંધઃ ઉત્તર આપો:

1. ઉપનયન સંસ્કાર એટલે શું? સ્પષ્ટ કરો.
2. વેદકાળમાં જીવનનું પરમ લક્ષ્ય શું હતું? આ લક્ષ્યની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય?
3. વેદકાલીન શિક્ષણ વ્યવસ્થાના કયા પાસાંઓ આપણને પ્રવર્તમાન આધુનિક શિક્ષણમાં દ્રષ્ટિગોચર થાય છે?

## *1.4 બૌદ્ધકાલીન શિક્ષણવ્યવસ્થા*

ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે 563માં શાક્ય વંશના ક્ષત્રિય કુટુંબમાં કપિલવસ્તુ નગરમાં થયો હતો. ગૌતમ બુદ્ધના ઉપદેશ આધારિત એક અલગ ધર્મ અસ્તિત્વમાં આવ્યો. ગૌતમ બુદ્ધે વૈદિક સામાજિક વ્યવસ્થાની સામે લડત આપીને સમાનતા માટેનો ઉપદેશ આપ્યો. ગૌતમ બુદ્ધના ઉપદેશનો મુખ્ય સ્રોત ત્રિપિટિકા છે. ત્રિપિટિકા(Tripitikas means Three Baskets)માં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે: (1) વિનયપિટિકા (Vinayapitika) (2) સુદ્-પિટિકા (Suddapitika) અને (3) અભિદમ્મપિટિકા (Abhidammapitika). વિનયપિટિકામાં બૌદ્ધ સંઘ માટેના નીતિ-નિયમોની વાત છે. સુદ્-પિટિકામાં ગૌતમ બુદ્ધના ઉપદેશો તેમજ વાર્તાલાપની અને અભિદમ્મપિટિકામાં બુદ્ધના તાત્વિક ચિંતનની વાત છે.

તો ચાલો મિત્રો, આપણે બુદ્ધના તત્વચિંતનને આધારે તે સમયની શિક્ષણ વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરીએ.

### 1.4.1 બૌદ્ધકાલીન શિક્ષણના ઉદ્દેશો

બૌદ્ધકાલીન શિક્ષણ માહિતીપ્રદ કરતા સુધારાત્મક હતું, તેના સુધારાત્મક પાસાંઓ વ્યક્તિ અને સમાજ એમ બંને સ્તરે જોવા મળતા હતા. વ્યક્તિગત સ્તર પર તેના શિક્ષણના હેતુ નીચે પ્રમાણે હતા.

**વ્યક્તિમાં નૈતિક બદલાવ લાવી તેને દુઃખીમાંથી સુખી કરવો**

ગૌતમ બુદ્ધે દુઃખને એક સત્ય તરીકે સ્વીકારીને દુઃખના કારણો શોધી તેને દૂર કરવાના માર્ગની વાત કરી છે. આ રીતે દુઃખ નિવારણનો માર્ગ શોધી વ્યક્તિમાં પરિવર્તન લાવી તેને દુઃખથી દૂર કરવો. વ્યક્તિના દુઃખનું કારણ વ્યક્તિની અંદર જ રહેલ છે. આ માટે વ્યક્તિમાંથી આ કારણને દૂર કરવા માટે વ્યક્તિનું નૈતિક પરિવર્તન એક આવશ્યક ઉદ્દેશ હતો.

જ્યારે સામાજિક સ્તર પર બૌદ્ધ શિક્ષણનાં ઉદ્દેશ નીચે પ્રમાણે હતા.

**અષ્ટાંગ માર્ગને આત્મસાત્ કરીને ઉદીયમાન સમાજમાં સમાનતા સ્થાપિત કરવી.**

અષ્ટાંગ માર્ગ અંતર્ગત (1) સમ્યક દ્રષ્ટી (Right Vision) (2) સમ્યક સંકલ્પ (3) સમ્યક વાણી (Control of Speech) (4) સમ્યક કર્મ (Right Action) (5) સમ્યક જીવનનિર્વાહ (Right Living) (6) સમ્યક વ્યાયામ (Right Effort) (7) સમ્યક સ્મૃતિ (Right Thought) (8) સમ્યક ધ્યાન (Right Concentration)નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત અષ્ટાંગ માર્ગ અપનાવી સમાજમાં સમાનતા સ્થાપિત કરવાનો ઉદ્દેશ હતો. અહીં સમ્યકનો અર્થ સાચો થાય છે.

**કૃષિ આધારિત સમાજ માટે જરૂરી એવા ઉદ્યોગોમાં વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ કરવો**

બૌદ્ધકાલીન શિક્ષણમાં વ્યક્તિના જીવનનિર્વાહ માટે જરૂરી એવા વ્યાવસાયિક કૌશલ્યનાં વિકાસની પણ વાત કરવામાં આવેલ છે.

**નિર્વાણ પ્રાપ્તિ**

નિર્વાણ પ્રાપ્તિ અર્થાત્ અજ્ઞાનતા, દુ:ખ, ઈચ્છાઓ અને મોહમાંથી મુક્તિ.

તો મિત્રો, બૌદ્ધકાલીન શિક્ષણનાં ઉદ્દેશોનો અભ્યાસ કર્યા પછી હવે આપણે બૌદ્ધકાલીન શિક્ષણની લાક્ષણિકતાઓને સમજીએ.

### 1.4.2 બૌદ્ધકાલીન શિક્ષણની લાક્ષણિકતાઓ

- સંઘને મહત્વ આપવામાં આવતું હતું અને બૌદ્ધ મઠો શિક્ષણના કેન્દ્રો હતા.
- સમાજની તમામ જાતિઓ અને સામાજિક વર્ગો શિક્ષણ મેળવી શકતા હતા.
- શિક્ષણની શરૂઆત આઠ વર્ષની ઉંમરે થતી હતી. બાળકના વિદ્યાલય પ્રવેશ સમયે પબજ્જા સંસ્કાર કરવામાં આવતો હતો. પબજ્જાનો અર્થ ‘બહાર નીકળવું’ અર્થાત બાળક પરિવારથી અલગ થઈ બૌદ્ધ સંઘમાં પ્રવેશ કરતો. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થી 'શ્રમણ' તરીકે ઓળખાતો હતો.
- 20 વર્ષની ઉંમરે વિદ્યાર્થી ભિક્ષુક બનવા માટે લાયક ગણાતો. વિદ્યાર્થી 12 વર્ષ શિક્ષણ મેળવી 26 વર્ષની ઉંમરે ઉપસંપદા સંસ્કાર પ્રાપ્ત કરી ભિક્ષુકના સ્વરૂપમાં સંઘમાં જોડાઈ શકતો હતો. ઉપસંપદા પછી વિદ્યાર્થીને સંઘમાં રહેવાનો અધિકાર મળતો અને તે પરિપક્વ ભિક્ષુક ગણાતો. ત્યારબાદ તેનો સાંસારિક બંધનો અને ગૃહસ્થ જીવન સાથે કોઈ સંબંધ રહેતો નહીં. તેને ધાર્મિક ગુરુ (શિક્ષક) તરીકેની માન્યતા પ્રાપ્ત થતી હતી.
- શિક્ષણનું માધ્યમ માતૃભાષા તેમજ પાલીભાષા હતું.
- અધ્યયનકાળ આઠ વર્ષથી શરૂ કરી કુલ 30 વર્ષ સુધી ચાલતો.

### 1.4.3 શિક્ષણ-પદ્ધતિ

- લેખનકળાનો બૌદ્ધ સમયમાં સારા એવા પ્રમાણમાં વિકાસ થયો હોવા છતાં લોકો સુધી તેનો વ્યાવહારિક ઉપયોગ પહોંચ્યો ન હતો.
- શિક્ષણમાં મૌખિક પદ્ધતિનું સ્થાન યથાવત્ હતું અર્થાત્ શિક્ષણ મોટેભાગે મૌખિક પદ્ધતિથી આપવામાં આવતું હતું.
- મૌખિક પદ્ધતિ દ્વારા બૌદ્ધ તત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રનું અધ્યાપન કરવામાં આવતું હતું.

- ધ્યાન, ઉપદેશ, પુનરાવર્તન, સ્પષ્ટીકરણ, પ્રશ્નોત્તરી, ચર્ચા અને વાદવિવાદ જેવી પદ્ધતિઓ પણ ઉપયોગમાં લેવામાં આવતી હતી.
- હેતુ વિદ્યા(આગમન પદ્ધતિ)ના ઉપયોગથી વિદ્યાર્થીનાં બૌદ્ધિક વિકાસનું પોષણ કરવામાં આવતું હતું.

### 1.4.4 ગુરુ-શિષ્ય સંબંધ

ગુરુ-શિષ્ય બંને પોતપોતાના કર્તવ્યનું પાલન કરતા. વિદ્યાર્થી ગુરુની સેવા કરતો. તે કચરો સાફ કરતો. વાસણ માંજતો અને ભિક્ષા માંગવા જતો અને ગુરુનાં ભોજનની વ્યવસ્થા કરતો. ડૉ. અલ્તેકરનાં મતાનુસાર વિદ્યાર્થીનાં પોતાના ગુરુ સાથેના સંબંધનું સ્વરૂપ પિતા-પુત્ર સમાન હતું. પરસ્પર સન્માન, વિશ્વાસ અને પ્રેમથી તેઓ એકબીજા સાથે જોડાયેલાં હતા.

ગુરુનું કર્તવ્ય પોતાના શિષ્યોને માનસિક અને આધ્યાત્મિક માર્ગદર્શન આપવાનું હતું. વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ આવાસ અને જો તે બીમાર પડે તો તેની દેખભાળનું કર્તવ્ય પણ ગુરુનું હતું.

આમ, ગુરુ-શિષ્યનો સંબંધ સ્નેહપૂર્ણ રહેતો. બંનેના વર્ષોના અતૂટ બંધનને કારણે પરસ્પર શ્રદ્ધા, નિર્ભયતા અને પ્રેમનો વિકાસ થતો. આમ આ સંબંધ ખૂબ જ પવિત્ર હતો.

### 1.4.5 અભ્યાસક્રમ

બૌદ્ધકાલીન અભ્યાસક્રમનું સીધું જોડાણ બૌદ્ધ-શિક્ષણના ઉદ્દેશો સાથે છે. બૌદ્ધશિક્ષણ આધ્યાત્મલક્ષી અને મૂલ્યલક્ષી હતું અને તેનો મુખ્ય ઉદ્દેશ નિર્વાણ પ્રાપ્ત કરવાનો હતો. આના માટે બૌદ્ધ ભિક્ષુકના અભ્યાસના વિષયોમાં બૌદ્ધ સાહિત્ય સુતંત,વિનય અને ધમ્મ (Dhamma)નો અને વ્યક્તિના નૈતિક પરિવર્તનનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત વ્યવસાય સંબંધી વિષયો જેવા કે સિલાઈ, કાંતણ, છાપકામ, રંગકામ, વાસ્તુકલા, મૂર્તિકલા, ચિત્રકલા, સંગીત, કૃષિ, પશુપાલન, આંકડાશાસ્ત્ર, ધર્નુવિદ્યાને પણ યથાયોગ્ય સ્થાન હતું.

અભ્યાસક્રમનું આ પાસું દરેક વ્યક્તિને પોતાની જીવનજરૂરી વસ્તુ ઉપાર્જન કરીને આત્મનિર્ભર બને તેનો ખ્યાલ રાખતું હતું.

બૌદ્ધકાલીન શિક્ષણમાં આધ્યાત્મિક અને બિનસાંપ્રદાયિક એમ બંને પ્રકારના જ્ઞાનનો સમાવેશ થતો હતો. પાલી અને પ્રાકૃત ભાષાનું વાચન અને લેખન, ગણિતશાસ્ત્ર, શરીર વિજ્ઞાનશાસ્ત્ર, ખેતી, કલા, ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય, સૈનિક તાલીમ, ભાષાવિદ્યા, આયુર્વેદિક દવાઓ જેવા બિનસાંપ્રદાયિક વિષયોનો સમાવેશ થતો હતો.

### 1.4.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ

વેદકાળની જેમ બૌદ્ધકાળમાં પણ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટેની કોઈ નિશ્ચિત પ્રણાલી અસ્તિત્વમાં ન હતી. મઠ અને વિહારમાં રહી શિક્ષણ પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓ તેમજ ભિક્ષુઓ વચ્ચે

સ્નેહસભર અને ઘનિષ્ઠ સંબંધ હોવાથી તેઓ દરેક વિદ્યાર્થીના સદાચાર, વિનમ્રતા અને જ્ઞાનથી સંપૂર્ણપણે પરિચિત રહેતા. ભિક્ષુઓ દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન થતું. બૌદ્ધકાળમાં વિશાળ વાર્ષિક વિદ્વત્ સભાઓ તેમજ શાસ્ત્રીય વાદવિવાદના આયોજન દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનનું મૂલ્યાંકન કરવામાં આવતું.

### 1.4.7 ઉપસંહાર

મિત્રો, આપણે બૌદ્ધકાલીન શિક્ષણ-વ્યવસ્થા, શિક્ષણના ઉદ્દેશ, લાક્ષણિકતાઓ, શિક્ષણ-પદ્ધતિ, ગુરુ-શિષ્ય સંબંધ અને અભ્યાસક્રમનાં સંબંધમાં અભ્યાસ કર્યો. મિત્રો, બૌદ્ધકાલીન શિક્ષણ સંસ્થાગત (Institutionalized) શિક્ષણનું ઉત્તમ ઉદાહરણ છે અને આ સમયે સ્થપાયેલ સુવિખ્યાત શૈક્ષણિક સંસ્થાઓમાં નાલંદા અને તક્ષશિલાથી આપણે સુપેરે વાકેફ છીએ. બૌદ્ધ ધર્મે દરેક જાતિ અને સમાજનાં લોકો માટે શિક્ષણ ઉપલબ્ધ બનાવ્યું, જે શિક્ષણક્ષેત્રની પ્રશંસનીય બાબત છે. બૌદ્ધકાલીન શિક્ષણ સંસ્થાઓ બાહ્ય નિયંત્રણો અને બાહ્ય હસ્તક્ષેપથી મુક્ત હતી. શિક્ષણ સંસ્થાઓનું સંગઠન જનતાંત્રિક આધાર પર રચાયેલું હતું.

### 1.4.8 પ્રગતિ ચકાસો

**નોંધ : ઉત્તર આપો.**

1. પબજ્જા સંસ્કાર એટલે શું? સ્પષ્ટ કરો.
2. બૌદ્ધ શિક્ષણનો અંતિમ ઉદ્દેશ શું હતો? આ ઉદ્દેશની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય?
3. બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થાના કયા પાસાઓ આપણને આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં દ્રષ્ટિગોચર
   થાય છે?

## *1.5 મધ્યકાલીન શિક્ષણ વ્યવસ્થા*

મિત્રો, આપણે જાણીએ છીએ કે ઈસ્લામ ધર્મના સ્થાપક મહંમદ પયગંબરે ઈસ્લામ ધર્મની શરૂઆત ઈ. સ. 570થી 632ની વચ્ચે કરી. નવા ધર્મની સ્થાપના કર્યા બાદ મહંમદ પયગંબરે ઈસ્લામ ધર્મના ફેલાવા માટે વિવિધ ધર્મગુરુઓને વિવિધ પ્રાંતોમાં ઉપદેશ માટે મોકલ્યા. નવા જીતાયેલા પ્રદેશોમાં પણ પયગંબર લોકોને ઈસ્લામનું જ્ઞાન આપવા ધર્મગુરુઓને મોકલતા હતા.

ભારતની અઢળક સંપત્તિથી આકર્ષાઈને મુસલમાનોએ ભારત પર ઈ. સ. આઠમી શતાબ્દીથી જ આક્રમણોની શરૂઆત કરી હતી. મહંમદ ગઝની પછી લગભગ 160 વર્ષ બાદ ગઝનીની ગાદી પર આવેલા અત્યંત મહત્વાકાંક્ષી શાસક મહંમદ ઘોરીએ ઈ. સ. 1192માં ભારત પર બીજુ આક્રમણ કરી દિલ્હીના રાજા પૃથ્વીરાજ ચૌહાણને હરાવી ભારતમાં મુસ્લિમ શાસનનો પાયો નાંખ્યો. ઈ. સ. 1206માં મહંમદ ઘોરીના અવસાન બાદ ક્રમશઃ ગુલામ, ખિલજી, તઘલખ, સૈયદ અને લોદી વંશે ઈ. સ. 1526 સુધી દિલ્હીની ગાદી પર શાસન કર્યું. ત્યારબાદ મોઘલ વંશે ઈ. સ. 1526થી 1857 સુધી પહેલા આગ્રાથી

અને ત્યારબાદ દિલ્હીથી ભારત પર શાસન કર્યું. આમ, લગભગ 650 વર્ષના ભારત પરના આધિપત્ય દરમિયાન શાસકોએ 'મધ્યકાલીન ઈસ્લામિક શિક્ષણ પ્રણાલી'નો પાયો મજબૂત કર્યો. આ સમગ્ર સમયગાળો ભારતીય ઈતિહાસમાં 'મધ્યકાલીન યુગ' તરીકે ઓળખાય છે.

### 1.5.1 ઈસ્લામિક શિક્ષણના ઉદ્ધેશો

**જ્ઞાનનો પ્રસાર**

ઈસ્લામ ધર્મમાં જ્ઞાન પર વધુ ભાર આપવામાં આવ્યો છે એટલે જ પ્રત્યેક પુરુષ અને સ્ત્રી માટે શિક્ષણ પ્રાપ્ત કરવું અનિવાર્ય છે તેમ માનવામાં આવે છે. વિદ્યાનું દાન અને પ્રસારને એક પવિત્ર અને ધાર્મિક કર્તવ્ય ગણવામાં આવ્યું છે.

**ઈસ્લામ ધર્મનો પ્રસાર–પ્રચાર**

ઈસ્લામ ધર્મનો મુખ્ય ઉદ્ધેશ લોકોને ઈસ્લામ ધર્મના અનુયાયી બનાવવાનો હતો એટલે ઈસ્લામિક શિક્ષણનું સ્વરૂપ પણ ધાર્મિક હતું. મુસ્લિમો ઈસ્લામ ધર્મના પ્રસાર અને પ્રચારના કાર્યને પોતાનું ધાર્મિક કર્તવ્ય ગણતા. ધર્મનો પ્રચાર કરનાર વ્યક્તિ 'ગાજી' (પ્રચારક) કહેવાતો. આ ઉદ્ધેશ સિદ્ધ કરવા માટે મોટી સંખ્યામાં મકતબો અને મદરેસાઓની સ્થાપના કરવામાં આવતી. મકતબોમાં કુરાનનું શિક્ષણ આપવામાં આવતું. **ઈસ્લામિક ધારા-ધોરણો આધારિત સામાજિક–રાજકીય પ્રણાલીનો વિકાસ કરવો**

શિક્ષણના માધ્યમ દ્વારા ભારતીયોને ઈસ્લામિક કાયદાઓ, સિદ્ધાંતો અને પ્રથાઓથી પ્રભાવિત કરી, ઈસ્લામિક સંસ્કૃતિનો પ્રસાર કરવાનો મુસ્લિમ શાસકોનો ઉદ્ધેશ હતો. શિક્ષણ દ્વારા મુસ્લિમ ભાષા, સામાજિક રિવાજો અને આચાર-વિચારથી પ્રભાવિત કરી શકાશે તેવી તેમની ધારણા હતી.

**મુસ્લિમ શાસનને સુદઢ બનાવવું**

મુસ્લિમ શિક્ષણ આપવા પાછળનો તેમનો પ્રથમ ઉદ્ધેશ મુસ્લિમ શાસન સુદઢ બનાવવાનો હતો. શિક્ષણ દ્વારા મુસ્લિમ ભાષા, પ્રથા, આચાર-વિચારથી પ્રભાવિત કરી મુસ્લિમધર્મી બનાવી, મુસ્લિમ શાસનના પાયા મજબૂત બનાવવાનો મુસ્લિમ શાસકોનો ઈરાદો હતો.

**પાક મુસ્લિમોને તૈયાર કરવા અને મુસ્લિમ શ્રેષ્ઠતા સ્થાપિત કરવી**

મુસ્લિમ શાસકોએ શિક્ષણના માધ્યમ દ્વારા પાક મુસ્લિમો તૈયાર કરવા અને મુસ્લિમ શ્રેષ્ઠતાની સ્થાપના કરવાનું ધ્યેય રાખ્યું અને મુસ્લિમ શિક્ષણ દ્વારા આદર્શો તથા સિદ્ધાંતોને વ્યક્તિના માનસપટ પર પ્રસ્થાપિત કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો. અકબરે પોતાની શિક્ષણનીતિનું નિર્માણ આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને જ કર્યુ હતું.

**આજીવિકા મેળવી આત્મનિર્ભર થવું**

મુસ્લિમ શાસન વ્યવસ્થાનું સુકાન સંભાળનાર વજીર, કાજી વગેરે ઉચ્ચપદો માટે યુવકોને શિક્ષિત કરવાનો મુસ્લિમ શિક્ષણનો ઉદ્દેશ હતો. આ માટે યુવકોને ફારસીની તાલીમ આપી તેમની યોગ્યતામાં વધારો કરવવાનો ધ્યેય હતું. ઉચ્ચપદોની પ્રાપ્તિ સરળ બનાવી યુવકોને શિક્ષણ તરફ આકર્ષવાની આ નીતિને કારણે યુવકો ઉચ્ચપદ પ્રાપ્ત કરવા માટે મુસ્લિમ શિક્ષણ લેવાની શરૂઆત કરી.

### 1.5.2 ઈસ્લામિક શિક્ષણની લાક્ષણિકતાઓ

મુસ્લિમ શાસનને કારણે પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીને સ્થાને નવીન શિક્ષણ પ્રણાલીનો ઉદભવ થયો. આશરે 600 વર્ષ સુધી ટકી રહેલી મુસ્લિમ શિક્ષણ પ્રણાલીમાં કેટલીક વિશેષતાઓ એવી હતી, જે અનેક સંઘર્ષો અને ભયાનક યુદ્ધો છતાં જીવંત રહી. આ વિશેષતાઓ નીચે મુજબ છે :

**મફત શિક્ષણની વ્યવસ્થા**

ઈસ્લામિક શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણ નિઃશુલ્ક હતું. મકતબ અને મદરેસામાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારનું આર્થિક વળતર લેવામાં આવતું ન હતું. મદરેસામાં વિદ્યાર્થીઓના મફત શિક્ષણ ઉપરાંત નિવાસ, ભોજન અને વસ્ત્રની પણ નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવતી.

**ધાર્મિક અને લૌકિક (Vocational) શિક્ષણનો સમન્વય**

મુસ્લિમ શિક્ષણમાં ધાર્મિક શિક્ષણની પ્રધાનતા હોવા છતાં સાંસારિક વિષયોનું શિક્ષણ પણ આપવામાં આવતું. મુસ્લિમ શિક્ષણમાં ધાર્મિક અને લૌકિક શિક્ષણનો સુંદર સમન્વય જોવા મળતો હતો. મુસ્લિમ શિક્ષણ ધર્મપ્રધાન હોવાથી ધાર્મિકતાને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું, છતાં જીવન ઉપયોગી શિક્ષણને પણ તેટલું જ મહત્વ અપાતું. શિક્ષણમાં લૌકિક જીવનમાં ઉપયોગી વિષયો અંકગણિત, પત્રલેખન, ભૂગોળ, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, વાતચીત કરવાની રીતભાત અને અન્ય વ્યાવહારિક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ચારિત્ર્ય નિર્માણનું શિક્ષણ**

મહંમદ સાહેબે આદર્શ ચારિત્ર્યના નિર્માણ પર ભાર મૂક્યો હોવાથી મુસ્લિમ શિક્ષણમાં વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય આદર્શ બની રહે તેવા પ્રયત્નો કરવામાં આવતા. ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો અનુસાર આદર્શ ચારિત્ર્ય દ્વારા જ વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકે છે.

**જીવનલક્ષી શિક્ષણ**

ઈસ્લામ ધર્મ પરલોક કે પુર્નજન્મમાં વિશ્વાસ ધરાવતો ન હોવાના કારણે મુસ્લિમો જીવનલક્ષી શિક્ષણમાં વધુ શ્રદ્ધા ધરાવતા હતા. શિક્ષણના વ્યાવહારિક સ્વરૂપને તેમણે મહત્વ આપ્યું. અકબર અને ઔરંગઝેબે માત્ર ગોખણપટ્ટીવાળા શિક્ષણને બદલે શાહજાદાઓ માટે ઈતિહાસ, ભૂગોળ,

રાજતંત્ર, સૈનિક શિક્ષણ, નાગરિકશાસ્ત્ર વગેરે વિષયોનું શિક્ષણ દાખલ કર્યું. સામાન્ય બાળકોના અભ્યાસક્રમમાં પણ તેમણે પરિવર્તન કર્યુ હતું.

**શિક્ષણને રાજ્યાશ્રય**

મુસ્લિમ શાસકોએ શિક્ષણને રાજ્યાશ્રય આપ્યો હોવાથી તેઓએ અનેક સ્થળોએ મકતબ, મદરેસા અને પુસ્તકાલયો બંધાવ્યા હતા. તેમના દ્વારા અને રાજ્યના ધનિકો દ્વારા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને નિવાસ માટેની નિઃશુલ્ક સુવિધાઓ આપવામાં આવતી હતી.

**પ્રાથમિક શિક્ષણનું કેન્દ્ર – મકતબ**

મકતબ પ્રાથમિક શિક્ષણનું કેન્દ્ર હતું. મકતબ શબ્દ અરબી ભાષાના 'કુતુબ' શબ્દ પરથી બન્યો છે. મકતબનો અર્થ થાય છે, 'એણે લખ્યું'. આમ, મકતબ એટલે એવી જગ્યા જ્યાં લખવાનું શીખવવામાં આવતું.

**ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર – મદરેસા**

મદરેસા ઉચ્ચશિક્ષણનું મુખ્ય કેન્દ્ર હતું. 'મદરેસા' શબ્દની ઉત્પત્તિ ફારસી ભાષાના 'દરસ' શબ્દ પરથી થઈ છે. જેનો અર્થ થાય છે, 'ભાષણ આપવું' આમ, મદરેસા એટલે સ્થાન જ્યાં ભાષણ (વ્યાખ્યાન) પ્રણાલી દ્વારા શિક્ષણ આપવામાં આવતું. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી સમગ્ર દેશમાં ચાલતા જુદા જુદા મદરેસામાં પ્રવેશ મેળવી શકતો. મદરેસામાં અપાતા શિક્ષણનો સમયગાળો 10 થી 12 વર્ષનો હતો.

**શિક્ષણનું માધ્યમ**

ગન્નાર મિરડલના મતાનુસાર શિક્ષણનું માધ્યમ ફારસી ભાષા હતું. તે સમયે ફારસીનું જ્ઞાન હોય તેને જ રાજ્યપદ મળતું. ફારસી ભાષાનું જ્ઞાન રાજ્યમાં ઉચ્ચપદ મેળવવાની ઈચ્છા રાખનારાઓને સહાયરૂપ બનતું.

**પદવી**

ઉચ્ચશિક્ષણ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને કોઈ પ્રમાણપત્ર નહોતા અપાતા પરંતુ જે-તે વિષયોમાં અસાધારણ અને ઊંડું જ્ઞાન ધરાવનાર વિદ્યાર્થીઓને પદવી આપીને સન્માનિત કરવામાં આવતા. તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના વિદ્યાર્થીઓને 'ફાજિલ', ધર્મશાસ્ત્રના વિદ્યાર્થીઓને 'આલિમ' અને સાહિત્યના વિદ્યાર્થીઓને 'કાબિલ'ની ઉપાધિ આપવામાં આવતી. આ માટે એક વિશિષ્ટ સમારંભનું આયોજન કરવામાં આવતું.

**કક્ષાનાયક પ્રણાલી**

વેદકાળની જેમ મધ્યકાળમાં પણ મૌલવી (શિક્ષક) મોટા અને હોંશિયાર વિદ્યાર્થીઓની શિક્ષણમાં તથા શિસ્ત જાળવવામાં મદદ લેતા, તે 'કક્ષાનાયક' તરીકે ઓળખાતો. તેનું કામ વર્ગમાં

શિસ્ત અને વ્યવસ્થા જાળવવાનું હતું. કક્ષાનાયક શિક્ષકની ગેરહાજરીમાં નિમ્ન વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતો, જેથી તે પ્રશિક્ષણમાં કુશળ બનતા, ઉપરાંત વિદ્યાર્થીઓમાં એકબીજા પ્રત્યે વિશ્વાસ અને આદરની ભાવનાનો પણ વિકાસ થતો.

### 1.5.3 શિક્ષણ-પદ્ધતિ

ઈસ્લામિક શિક્ષણના અભ્યાસક્રમમાં ધાર્મિક વિષયો પર વધારે ભાર આપવામાં આવેલ હોઈ મૌખિક પદ્ધતિ વધારે પ્રચલિત હતી.

મધ્યકાલીન શિક્ષણના અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને અન્ય વ્યાવસાયિક વિષયોનો સમાવેશ થતો હોઈ મૌખિક પદ્ધતિ ઉપરાંત પ્રાયોગિક પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો.

મદરેસામાં આગમન અને વર્ગીકૃત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. મદરેસામાં ઉચ્ચશિક્ષણ આપવામાં આવતું હતુ. જેમાં ધર્મ, તર્કશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રનો સમાવેશ થતો હતો.

મદરેસામાં સ્વ-અધ્યયન (Self-Study) પદ્ધતિનો પણ સારા એવા પ્રમાણમાં ઉપયોગ થતો હતો.

### 1.5.4. ગુરુ-શિષ્ય સંબંધ

વેદકાલીન શિક્ષણ પ્રણાલીની જેમ આ સમયે પણ ગુરુ-શિષ્યનો સંબંધ પિતા-પુત્ર જેવો હતો. ગુરુ-શિષ્યનો સંબંધ લાગણીના તંતુ સાથે જોડાયેલો હતો. આવું એ આધારે કહી શકાય કે વિદ્યાર્થી પાસેથી ગુરુ દ્વારા કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી ન હતી. તદ્ઉપરાંત વિદ્યાર્થી માટે મફત રહેવાની વ્યવસ્થા પણ શિક્ષક દ્વારા કરવામાં આવતી હતી.

ગુરુ દ્વારા શિષ્ય પાસેથી ઉચ્ચ માન-સન્માન અને વ્યક્તિગત સેવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. આના બદલામાં ગુરુ-શિષ્યનો નૈતિક અને ભૌતિક વિકાસ કરવો એ - પોતાની નૈતિક જવાબદારી સમજતા હતા.

શિક્ષકનું સમાજમાં ઉચ્ચ સ્થાન હતું. તેમને સમાજમાં ખૂબ જ માન-સન્માન મળતું. તેમની આવક ખૂબ જ મર્યાદિત હતી, તેમ છતાં સમાજમાં તેમનું સ્થાન સાર્વત્રિક અને નિર્વિવાદપણે ઉચ્ચ હતું.

### 1.5.5 અભ્યાસક્રમ

મિત્રો, ઈસ્લામિક શિક્ષણ કુરાનનાં ઉપદેશ પર આધારિત હતું તે વાતથી આપણે પરીચિત છીએ. ઈમામ ઘજાલી(Imam Ghazzali)એ જ્ઞાનની શાખાઓને બે ભાગમાં વિભાજીત કરી હતી : (1) ઉલમ-ઈ-શરીયા (Ulum-I-Sharia) અર્થાત્ ધાર્મિક વિજ્ઞાન અને (2) ઉલમ-ઈ-ગૈર-શરીયા અર્થાત્ બિનધાર્મિક વિજ્ઞાન. ધાર્મિક વિજ્ઞાનને અલ્લાહના પયંગબર દ્વારા શીખવવામાં આવેલ જ્ઞાનની શાખા તરીકે જોવાતું હતું, જ્યારે બિનધાર્મિક વિજ્ઞાન અંતર્ગત લોકોની સુખાકારી માટે જરૂરી એવી વિજ્ઞાનની

શાખાઓ જેવી કે ગણિતશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર (મિકેનિક), દર્શનશાસ્ત્ર, કાનૂન, ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર વગેરેનો સમાવેશ થતો હતો. આમ, ઈસ્લામિક અભ્યાસક્રમમાં ધાર્મિક અને બિનધાર્મિક એમ બંને બાબતોનો સમાવેશ થતો હતો.

મસ્જિદની સાથે જોડાયેલ મકતબ પ્રાથમિક શિક્ષણ માટેનું કેન્દ્ર હતું. મકતબના અભ્યાસક્રમમાં અરેબિક અને ઉર્દૂના અક્ષરજ્ઞાનનો, કુરાનની આયાતોના પઠનનો, નિયમિત નમાજનો, લેખન-વાચન અને પ્રાથમિક ગણિતનો સમાવેશ થતો હતો.

મુસ્લિમકાળમાં મદરેસાના પાઠ્યક્રમમાં સમ્રાટની ઈચ્છા અને રુચિ અનુસાર જુદા જુદા વિષયોને મહત્વ અપાતું. દા.ત., હુમાયુનાં સમયમાં કવિતા, જ્યોતિષ, નક્ષત્રશાસ્ત્ર, ગણિત અને ભૂગોળનો, અકબરનાં સમયમાં જ્યોતિષ, નક્ષત્રશાસ્ત્ર, ગણિત, દર્શનશાસ્ત્ર અને ચિકિત્સા વિજ્ઞાન તથા શાહજહાંનાં સમયમાં આધ્યાત્મ અને મુસ્લિમ કાનૂનનાં શિક્ષણ પર અધિક ભાર આપવામાં આવતો હતો.

**1.5.6 મૂલ્યાંકન અને પરીક્ષા-પદ્ધતિ**

મધ્યકાળમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટેની કોઈ ચોક્કસ અને નિશ્ચિત પ્રણાલી અસ્તિત્વમાં ન હતી. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હોવાને કારણે શિક્ષક દરેક વિદ્યાર્થીની યોગ્યતાથી સંપૂર્ણપણે પરિચિત રહેતા. શિક્ષક પોતે જ પોતાના વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરતાં અને તેને આગળના વર્ગમાં જવાનો અધિકાર આપતા. સમયાંતરે શાસ્ત્રાર્થ અને વાદવિવાદનું આયોજન કરવામાં આવતું, જેમાં વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાન અને યોગ્યતાનું પ્રદર્શન કરતાં.

ડૉ. એ. એલ. શ્રીવાસ્તવ લખે છે કે, “વિદ્યાર્થીને શિક્ષકના નિર્ણયના આધારે ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવતો. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ સાથે ઘનિષ્ઠ રીતે પરિચયમાં હોવાથી વિદ્યાર્થીની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં તેને કોઈ મુશ્કેલી પડતી ન હતી.”

**1.5.7 મધ્યકાલીન સમયમાં હિંદુ શિક્ષણ વ્યવસ્થા**

દિલ્હી સલ્તનતની સ્થાપના પહેલાં ભારતે શિક્ષણક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. નાલંદા, વલભી, વિક્રમશીલા, ઓદંતપુરી, જગદલ્ જેવાં વિશ્વવિદ્યાલયોમાં બૌદ્ધશિક્ષણ પરાકાષ્ઠાએ પહોંચ્યું. દેશને ખૂણે ખૂણે પથરાયેલા બ્રાહ્મણ વિદ્યાકેન્દ્રો પણ સફળતાપૂર્વક ઉચ્ચશિક્ષણ આપતા હતા.

મુસ્લિમોએ આ વિદ્યાકેન્દ્રોને ઈસ્લામ વિરોધી ધર્મના પ્રચાર કેન્દ્રો સમજીને તેમના પર હુમલો કર્યો હતો. બૌદ્ધશિક્ષણ કેન્દ્રો તો બિલકુલ સાફ થઈ ગયા. હિંદુ શિક્ષણ હિંદુ ધર્મ સાથે સંકળાયેલું હોવાથી સુલતાનો તેને ઈસ્લામ વિરોધી ગણતા હતા. આથી રાજ્ય તરફથી હિંદુને કોઈ પ્રોત્સાહન મળ્યું નહિં. ખુલ્લમ-ખુલ્લા પ્રસાર કરી શકાય તેવી સ્થિતિ ન રહેતાં હિંદુ શિક્ષણને ભારે ક્ષતિ પહોંચી. સાથોસાથ હિંદુ શિક્ષણનું સ્વરૂપ પણ બદલાઈ ગયું. હવે ફક્ત ત્રણ પ્રકારનાં વિદ્યાલય જ રહી ગયા.

(1) કેટલાક વિદ્વાનોએ પોતાને ઘેર જ બાળકોને ભણાવવાનો પ્રબંધ કર્યો.

(2) કેટલીક પાઠશાળાઓ મંદિરો સાથે સંકળાઈ.

(3) કેટલાંક વિદ્યાલયો દાનવીર વ્યક્તિઓના સહયોગથી કાશી, પ્રયાગ, નદિયા, પટણા જેવા નગરોમાં મોટા વિદ્વાનોની દેખરેખમાં સ્થપાયા.

પાઠશાળામાં વાચન, લેખન, હિસાબ તેમજ ધર્મ અને નીતિવિષયક શિક્ષણ અપાતું. આંક અને લેખાં પર ભાર મૂકાતો. પ્રાદેશિક ભાષા અને સંસ્કૃતનું પણ થોડું જ્ઞાન અપાતું.

આ કાળના હિંદુ શિક્ષણ કેન્દ્રોમાં ન્યાય માટે નદિયા, વ્યાકરણ અને વેદાંત માટે કાશી તેમજ વેદ-પુરાણ અને વેદાંત માટે દક્ષિણમાં આવેલ વિજયનગર પ્રસિદ્ધ હતા. આ ઉપરાંત પટણા, પ્રયાગ, હરદ્વાર, મથુરા, તિરહુત, ઉજ્જૈન અને ધાર પણ વિદ્યાકેન્દ્રો તરીકે ખ્યાતનામ હતા. બધાં વિદ્યાકેન્દ્રોમાં સંસ્કૃત સાહિત્યનું વ્યાપક અને ઊંડું અધ્યયન તથા અધ્યાપન થતું.

હિંદુ શિક્ષણનો લાભ મોટેભાગે બ્રાહ્મણો અને કેટલાક ઉચ્ચ વર્ણના લોકોને જ મળતો. જોકે પ્રત્યેક ગામ અને કસબામાં સાધારણ અક્ષરજ્ઞાન અપાતું, પરંતુ રાજ્ય તરફથી હિંદુ શિક્ષણને કોઈ પ્રોત્સાહન મળતું ન હોવાથી શિક્ષણનો વ્યાપક ફેલાવો ન હતો થઈ શક્યો. નિર્ધન અને નીચલા વર્ગના લોકો શિક્ષણથી વંચિત રહેતા. પરિણામે તેઓ મંત્ર-તંત્ર, ભૂત-પ્રેત વગેરેને લગતી અંધશ્રદ્ધા અને વહેમોના અંધકાર વચ્ચે અટવાતા હતા. ઉચ્ચવર્ગના લોકોમાં પણ આવા વહેમો ફેલાયેલા હતા, છતાં શિક્ષણને લઈને તેમનામાં વિશેષ જાગૃતિ હતી. હિંદુ સ્ત્રી-શિક્ષણ લગભગ નહિવત્ બની ગયું હતું.

### 1.5.8 ઉપસંહાર

ધાર્મિક શિક્ષણની સાથે વ્યવહારુ શિક્ષણના સમન્વયને કારણે મુસ્લિમ શિક્ષિતોને તેનો સારો લાભ પણ મળ્યો. આ શિક્ષણે ઈસ્લામના પ્રસારણમાં અગત્યનો ફાળો આપ્યો પરંતુ સાથોસાથ એના કેટલાક ગેરફાયદા પણ થયા. મુસ્લિમ રાષ્ટ્ર માટે કટ્ટર મુસ્લિમો તૈયાર કરવાની વિચારસરણીને લઈને ભારતીય સાહિત્ય, ધર્મ અને સંસ્કૃતિથી મુસ્લિમ વિદ્યાર્થીઓ અજાણ રહ્યા. બાળકને વાંચવાની સાથે સાથે લેખન શીખવવાથી તે સહજ અને શીઘ્ર શીખી શકે એવી સ્વભાવિક પદ્ધતિ અપનાવાઈ નહીં હોવાથી બાળક માટે નાની ઉંમરે ભણવાનો બોજો વધી જતો.

કુરાનમાં સર્વને શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો હોવા છતાં આ શિક્ષણ-પદ્ધતિમાં સ્ત્રી-શિક્ષણની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. તેથી હિંદુ સ્ત્રીઓની જેમ મુસ્લિમ સ્ત્રીઓ પણ શિક્ષણથી વંચિત રહી.

### 1.5.9 પ્રગતિ ચકાસો

1. મુસ્લિમ શિક્ષણમાં ધાર્મિક અને લૌકીક શિક્ષણના સુભગ સમન્વય અંગે સમજાવો.
2. મધ્યકાલીન સમયની હિંદુ શિક્ષણ વ્યવસ્થા વેદકાલીન શિક્ષણ વ્યવસ્થાથી કઈ રીતે અલગ પડતી હતી?

| |
|---|
| 3. બૌદ્ધકાલીન અને મધ્યકાલીન શિક્ષણ વ્યવસ્થામાં રહેલી સમાનતા અને તફાવત તારવો. |

## *1.6 આધુનિક સમયમાં શિક્ષણ-વ્યવસ્થા*

ભારતમાં આધુનિક શિક્ષણનો પાયો યુરોપીય ઈસાઈ ધર્મપ્રચારકો તથા વેપારીઓ દ્ધારા નાંખવામાં આવ્યો. તેમણે ઘણા વિદ્યાલયો સ્થાપ્યા. પ્રારંભમાં તેમનું કાર્યક્ષેત્ર મદ્રાસ હતું. ધીરે ધીરે કાર્યક્ષેત્રનો વિકાસ બંગાળમાં પણ થવા લાગ્યો. આ વિદ્યાલયોમાં ઈસાઈ ધર્મનાં શિક્ષણની સાથે સાથે ઈતિહાસ, ભૂગોળ, વ્યાકરણ, ગણિત, સાહિત્ય વગેરે વિષયો શીખવવામાં આવતા હતાં.

150 વર્ષનો સમયગાળો પસાર થતા થતા વેપારી ઈસ્ટ ઈન્ડિયા કંપની રાજ્ય કરવા લાગી. તેની વિસ્તારવાદી નીતિમાં અવરોધ પડવાના ડરથી કંપની શિક્ષણનાં ક્ષેત્રમાં ઉદાસીન રહી. તેમ છતાં વિશેષ કારણ અને ઉદ્ધેશથી ઈ. સ. 1780માં કલકત્તામાં ‘કલકત્તા મદરેસા’ અને ઈ. સ. 1791માં બનારસમાં 'સંસ્કૃત કૉલેજ'ની સ્થાપના કંપની દ્ધારા કરવામાં આવી. કંપની હવે તેના રાજ્યમાં ભારતીયોને શિક્ષણ આપવાની જરૂરિયાતને સમજવા લાગી. ઈ. સ. 1813ના આજ્ઞાપત્ર અનુસાર શિક્ષણના ક્ષેત્રમાં ધનનો ખર્ચ કરવાનો નિશ્ચય કર્યો. કેવા પ્રકારનું શિક્ષણ આપવું એ મુદ્ધા પર પૂર્વ અને પશ્ચિમી શિક્ષણનાં સમર્થકોમાં મતભેદ રહ્યાં. વાદ વિવાદ ચાલતો રહ્યો. અંતમાં લૉર્ડ મેકાલેના તર્કવિતર્ક અને રાજા રામમોહન રાયનાં સમર્થનથી પ્રભાવિત થઈ ઈ. સ. 1835માં લૉર્ડ બેંટિકે નિશ્ચય કર્યો કે અંગ્રેજી ભાષા અને સાહિત્ય તથા યુરોપીય ઈતિહાસ, વિજ્ઞાન વગેરેનું શિક્ષણ આપવામાં આવે અને ઈ. સ. 1813ના આજ્ઞાપત્રમાં આ માટે અનુમોદિત ધન ખર્ચ કરવામાં આવે. પૂર્વનું શિક્ષણ ચાલુ રહે પરંતુ અંગ્રેજી અને પશ્ચિમી વિષયોનાં અધ્યયન-અધ્યાપન પર ભાર આપવામાં આવે.

પાશ્ચાત્ય રીતથી શિક્ષિત ભારતીયોની આર્થિક સ્થિતિ સુધરતી જોઈને લોકો આ તરફ આકર્ષાવા લાગ્યા. અંગ્રેજી વિદ્યાલયોમાં વધારે માત્રામાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા લાગ્યા. કારણ કે અંગ્રેજી ભણેલા ભારતીયોને સરકારી પદો પર નિયુક્ત કરવાની સરકારી નીતિની ઘોષણા કરી દેવામાં આવી હતી. સરકારી પ્રોત્સાહનની સાથે સાથે અંગ્રેજી શિક્ષણને પર્યાપ્ત માત્રામાં વ્યક્તિગત સહયોગ પણ મળવા લાગ્યો. અંગ્રેજ સામ્રાજ્ય વિસ્તારની સાથે સાથે વધારે કર્મચારીઓ, ડૉક્ટરો, ઈજનેરો અને વકીલોની આવશ્યકતા પડવા લાગી. ઉપયોગી શિક્ષણ તરફ પણ સરકારની નજર ગઈ. મેડિકલ, ઈજનેરી અને લૉ કૉલેજોની સ્થાપના થવા લાગી. સ્ત્રી-શિક્ષણ પર પણ ધ્યાન આપવાનું શરૂ થયું. 1853માં શિક્ષણની પ્રગતિની ચકાસણી કરવાના ઉદ્ધેશથી એક સમિતિ બનાવવામાં આવી. 1854માં વુડના ખરીતા (શિક્ષણ-સંદેશપત્ર) દ્ધારા સમિતિના નિર્ણયો કંપનીને મોકલી આપવામાં આવ્યા. સંસ્કૃત, અરબી અને ફારસીના જ્ઞાનને આવશ્યક સમજવામાં આવ્યું. ઔદ્યોગિક વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોની સ્થાપનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. પ્રાંતોમાં શિક્ષણ વિભાગ, શિક્ષણ-પ્રશિક્ષણ, સ્ત્રી-શિક્ષણ વગેરેની ભલામણો કરવામાં આવી. ઈ. સ. 1857માં સ્વતંત્રતા માટેનું યુદ્ધ શરૂ થઈ ગયું. જેનાથી શિક્ષણની પ્રગતિમાં અવરોધ આવ્યો. પ્રાથમિક શિક્ષણ હજુ પણ ઉપેક્ષિત જ રહ્યું,

ઉચ્ચશિક્ષણની ઉન્નતિ થતી ગઈ. ઈ. સ. 1857માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ.

મુખ્યતઃ પ્રાથમિક શિક્ષણની સ્થિતિની તપાસ અને શિક્ષણના પ્રશ્નો પર વિચાર કરવા માટે ઈ. સ. 1882માં સર વિલિયમ વિલ્સન હંટરની અધ્યક્ષતામાં ભારતીય શિક્ષણ આયોગની નિયુક્તિ કરવામાં આવી. આયોગે પ્રાથમિક શિક્ષણ માટે ઉચિત ભલામણો કરી. સરકારી પ્રયત્નોને માધ્યમિક શિક્ષણથી હટાવીને પ્રાથમિક શિક્ષણના સંગઠનમાં લગાવવાની ભલામણ કરી.

આયોગની ભલામણોથી વિદ્યાલયોની સંખ્યા વધી, શિક્ષિતોની સંખ્યા વધી. પરંતુ, શિક્ષણનું સ્તર નીચે ગયું. દેશની પ્રગતિ ઈચ્છવાવાળા ભારતીયોને વ્યાપક અને સ્વતંત્ર રાષ્ટ્રીય શિક્ષણની આવશ્યકતા લાગી. સ્વતંત્રતાપ્રેમી ભારતીયો અને ભારતપ્રેમીઓએ સુધારાનું કામ ઉપાડી લીધું. ઈ. સ. 1870માં બાળ ગંગાધર તિલક અને તેમના સહયોગીઓ દ્વારા પૂનામાં ફર્ગ્યુસન કૉલેજ, ઈ. સ. 1886માં આર્યસમાજ દ્વારા લાહોરમાં દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ અને ઈ. સ. 1898માં કાશીમાં શ્રીમતી એની બેસન્ટ દ્વારા સેન્ટ્રલ હિન્દુ કૉલેજની સ્થાપના કરવામાં આવી.

ઈ. સ. 1901માં લૉર્ડ કર્ઝને શિમલામાં એક ગુપ્ત શિક્ષણ સંમેલન કર્યું, જેમાં 152 પ્રસ્તાવો સ્વીકૃત થયા. પ્રાથમિક શિક્ષણના ઉત્થાન માટે લૉર્ડ કર્ઝને જરૂરી રકમની સ્વીકૃતિ આપી. શિક્ષણમાં પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી તથા શિક્ષણ અનુદાન પદ્ધતિ અને અભ્યાસક્રમમાં સુધારો કર્યો. કર્ઝનનો મત હતો કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષાના માધ્યમથી જ અપાવવું જોઈએ.

ઈ. સ. 1911માં ગોપાલકૃષ્ણ ગોખલેએ પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત કરવાના પ્રયત્નો કર્યા પરંતુ અંગ્રેજ સરકાર અને તેના સમર્થકોના વિરોધના કારણે તે સફળ ન થઈ શક્યા.

ઈ. સ. 1916 સુધી ભારતમાં પાંચ વિશ્વવિદ્યાલયો હતા. હવે સાત નવા વિશ્વવિદ્યાલયો સ્થાપવામાં આવ્યા. ઈ. સ. 1916માં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય તથા મૈસૂર વિશ્વવિદ્યાલય, ઈ. સ. 1917માં પટણા વિશ્વવિદ્યાલય, ઈ. સ. 1918માં ઓસમાનિયા વિશ્વવિદ્યાલય, ઈ. સ. 1920માં અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય અને 1921માં લખનૌ તથા ઢાકા વિશ્વવિદ્યાલય સ્થાપવામાં આવ્યા. અસહયોગ આંદોલનથી રાષ્ટ્રીય શિક્ષણની પ્રગતિને બળ અને વેગ મળ્યો. બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, ગૌડીય સર્વવિદ્યાયતન, તિલક વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ, જામીયા મિલિયા ઈસ્લામિયા વગેરે સંસ્થાઓની સ્થાપના થઈ.ઈ.સ. 1921ના નવા શાસન સુધારા કાયદા અનુસાર બધા પ્રાંતોમાં શિક્ષણ ભારતીય મંત્રીઓના અધિકારક્ષેત્રમાં આવી ગયું. પરંતુ સરકારી સહયોગના અભાવને કારણે ઉપયોગી યોજનાઓને કાર્યાન્વિત કરવાનું સંભવ ન બન્યું. અંતે બધા પ્રાંતોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાની કોશિશ વ્યર્થ થઈ.

ઈ. સ. 1937માં શિક્ષણની એક યોજના તૈયાર કરવામાં આવી, જે ઈ. સ. 1938માં 'બુનિયાદી શિક્ષણ'ના નામથી પ્રસિદ્ધ થઈ. 7થી 11 વર્ષનાં બાળકો(છોકરાં-છોકરી)નું શિક્ષણ ફરજિયાત થાય, શિક્ષણનું માધ્યમ માતૃભાષા રાખવામાં આવે, ચરખો, કૃષિ, લાકડાનું કામ જેવા ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને તેના આધાર પર સાહિત્ય, ભૂગોળ, ઈતિહાસ, ગણિત જેવા વિષયોને

ભણાવવામાં આવે. ઈ. સ. 1945માં આવું પરિવર્તન કરવામાં આવ્યું અને પરિવર્તિત યોજનાનું નામ ‘નઈ તાલીમ’ રાખવામાં આવ્યું. આના ચાર ભાગ હતા :

**(1) પૂર્વ બુનિયાદી** **(2) બુનિયાદી**

**(3) ઉચ્ચ બુનિયાદી અને** **(4) વયસ્ક શિક્ષણ**.

‘હિન્દુસ્તાની તાલીમી સંઘ’(ભારતીય શૈક્ષિક સંઘ)ને આના સંચાલનનો કાર્યભાર સોંપવામાં આવ્યો.

ઈ. સ. 1945માં બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થતાં થતાં સાર્જન્ટ યોજનાનું નિર્માણ થયું. આ કમિશને આ મુજબ ભલામણો કરી. 6થી 14 વર્ષની ઉંમરવાળા બાળકો (છોકરાં – છોકરી) માટે ફરજિયાત શિક્ષણ હોય. જુનિયર બેઝિક સ્કૂલ, સિનિયર બેઝીક સ્કૂલ, સાહિત્યિક હાઈસ્કૂલ અને વ્યાવસાયિક હાઈસ્કૂલનું શિક્ષણ 11થી 17 વર્ષની અવસ્થા સુધી આપવામાં આવે. આના પછી વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળે. ડિગ્રી (સ્નાતક)નો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો હોય. ઈન્ટરમીડિએટ ધોરણો સ્થાયી કરવામાં આવે. પાંચ વર્ષથી ઓછી ઉંમરવાળા માટે નર્સરી શાળા હોય. શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોય. ઈ. સ. 1947માં આપણે આઝાદી પ્રાપ્ત કરી. હવે આપણે સ્વતંત્રતા પછી શિક્ષણક્ષેત્રે ખાસ કરીને પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સંક્ષિપ્તમાં સમજીશું.

### 1.6.1 સ્વાતંત્રોત્તર શિક્ષણ વ્યવસ્થા

આઝાદી પછી રાધાકૃષ્ણન આયોગ (1948-1949), વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (1953) કોઠારી શિક્ષણ આયોગ (1964), રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1968) તેમજ ‘નવી શિક્ષણનીતિ’ (1986) વગેરે દ્વારા ભારતીય શિક્ષણ વ્યવસ્થાને સમયે-સમયે સાચી દિશા આપવાનાં પ્રયત્નો કરવામાં આવ્યાં.

ઈ. સ. 1948-1949માં વિશ્વવિદ્યાલયોનાં સુધારા માટે વિશ્વવિદ્યાલય આયોગની સ્થાપના કરવામાં આવી. આયોગની ભલામણોને ઘણી જ તત્પરતાથી કાર્યાન્વિત કરવામાં આવી. જેને લીધે ઉચ્ચશિક્ષણમાં પર્યાપ્ત સફળતા પ્રાપ્ત થઈ.

ઈ. સ. 1952-53માં ‘માધ્યમિક શિક્ષણ આયોગે’ (મુદ્દલિયાર આયોગ) માધ્યમિક શિક્ષણની ઉન્નતિ માટે અનેક ભલામણો કરી. માધ્યમિક શિક્ષણનાં પુર્નગઠનથી શિક્ષણમાં પર્યાપ્ત માત્રામાં સફળતા પ્રાપ્ત થઈ.

### 1.6.2 કોઠારી કમિશન (1964-66)

શિક્ષણનું રાષ્ટ્રીય માળખું નક્કી કરવા, શિક્ષણનાં વિકાસ માટેના સિદ્ધાંતો અને નીતિ શિક્ષણનાં સિદ્ધાંતો દરેક સ્તરે કેવા હોવા જોઈએ તે નક્કી કરવા ભારત સરકારે જુલાઈ, 1964માં ડૉ. ડી. એસ. કોઠારીની અધ્યક્ષતામાં એક આયોગની નિમણૂંક કરી.

કોઠારી આયોગે દેશનાં વિકાસમાં શિક્ષણ અને સંશોધનનાં મહત્વને સ્વીકાર્યુ. તેણે પ્રવર્તમાન પ્રણાલીમાં અસ્તિત્વ ધરાવતી રૂઢિચુસ્તતા અને પરંપરાગતપણાની નિંદા કરી તથા બદલાતી પરિસ્થિતિ માટે શિક્ષણનીતિમાં સ્થિતિસ્થાપકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આયોગે શિક્ષણનાં વિવિધ પાસાંઓ અને વિભાગોનાં સંદર્ભમાં ભલામણો કરી જેમાંથી નોંધપાત્ર ભલામણો નીચે મુજબ છે :

- કાર્યાનુભવ અને સમાજસેવાને સામાન્ય શિક્ષણનાં દરેક સ્તર પર એક મહત્વનાં અંગ તરીકે ગણ્યું.
- નૈતિક શિક્ષણ અને સામાજિક જવાબદારીની ભાવનાના વિકાસ ઉપર ભાર.
- માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ.
- શિક્ષકોની તાલીમ અને તેની ગુણવત્તા પર ખાસ ભાર.
- ત્રિ-ભાષા સૂત્રની હિમાયત.

### 1.6.3 નવી શિક્ષણનીતિ – 1986

નવી શિક્ષણનીતિનો હેતુ સ્થગિત સમાજમાં પરિવર્તન લાવી તેને વેગવંતો બનાવી, તેનો વિકાસ કરીને પરિવર્તન લાવવાનો હતો.

આના અંતર્ગત લાંબાગાળાનાં કાર્યક્રમો અને વ્યૂહરચના નીચે મુજબ હતા :

- પ્રવર્તમાન 36% સાક્ષરતા દરને વર્ષ 2000 સુધી 56% સુધી પહોંચાડવો.
- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવું.
- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ કરવું. ઇ. સ. 1990 સુધી 10% અને ઇ. સ. 1995 સુધી 25% શાળાનાં બાળકોને આના અંતર્ગત લાવવાનું ધ્યેય રાખવામાં આવ્યું.
- આધુનિકરણ અને વૈશ્વિકરણની સાથે સાથે આવેલા પડકારોને પહોંચી વળવા ઉચ્ચશિક્ષણમાં સુધારા કરવા અને એ માટે પ્રેરિત માનવ વ્યક્તિને તૈયાર કરવી.
- આપણા સંવિધાનમાં દર્શાવેલા સિદ્ધાંતો અને આદર્શોને અભ્યાસક્રમમાં વણી લેવા. આ સિદ્ધાંતો અને આદર્શો નીચે પ્રમાણે છેઃ

  a. રાષ્ટ્રીય વારસાનું ગૌરવ કરવું.

  b. બિનસાંપ્રદાયિકતા અને સામાજિક ન્યાયનાં સિદ્ધાંત પ્રતિ પ્રતિબદ્ધતા.

  c. દેશની એકતા અને અખંડિતતા પ્રત્યે સમર્પણ.

  d. આંતરરાષ્ટ્રીય સમાજનાં સિદ્ધાંતમાં માન્યતા.

મિત્રો, આપણે અર્વાચીન યુગની શિક્ષણ વ્યવસ્થાને સંક્ષિપ્તમાં સમજ્યાં. જે અંતર્ગત આપણે આઝાદી પહેલાની અંગ્રેજો સમયની શિક્ષણ વ્યવસ્થા અને આઝાદી મળ્યા પછીની શિક્ષણ વ્યવસ્થાની વાત કરી. આઝાદી પછી ઘણા આયોગો અને સમિતિઓએ શિક્ષણના ક્ષેત્રમાં તેમની ભલામણો આપી. પરંતુ કોઠારી આયોગ–1964 અને નવી શિક્ષણનીતિ–1986નો ઉલ્લેખ ખાસ જરૂરી

હોઈ આપણે તેના વિશે માહિતી મેળવી. ઇ. સ. 1986 પછી પણ શિક્ષણક્ષેત્રે મહત્વનાં પરિવર્તનો આવ્યાં. તેમણે શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર્યો એ વાત મહત્વપૂર્ણ છે.

### *1.7 સારાંશ*

ભારતીય શિક્ષણદર્શનને વિગતવાર સમજવા માટે પ્રાચીનથી લઈને અર્વાચીન સમય સુધીની શિક્ષણની વિકાસયાત્રાને સમજવી જરૂરી છે. પ્રાચીન સમયમાં ભારતીય શિક્ષણની વ્યવસ્થા ખૂબ જ મજબૂત હતી, જેનો આધાર અર્વાચીન સમયની શિક્ષણનીતિઓ અને પદ્ધતિઓ ઘડવા માટે જરૂરી બન્યો. પ્રસ્તુત એકમની શરૂઆતમાં આપણે પ્રાચીન સમયના શિક્ષણદર્શનનો ખ્યાલ મેળવ્યો. પ્રાચીન સમયમાં અસ્તિત્વમાં હોય તેવી કેટલીક બાબતો પ્રવર્તમાન સમયમાં વિસરાઈ રહી છે તેને પુનઃ સમજવાનો પ્રયત્ન કર્યો.

ભારતીય શિક્ષણદર્શનને સમજવા માટે તેની શરૂઆતથી લઈ પ્રવર્તમાન સમય સુધીની કેળવણી વિકાસ યાત્રાને સમજવી પડે. ભારતીય શિક્ષણદર્શનને સમજવા માટે વેદ કાળ, બૌદ્ધ કાળ, મધ્ય કાળ અને પ્રવર્તમાન સમયની શિક્ષણની વિશિષ્ટ લાક્ષણિકતાઓ સમજવી પણ જરૂરી છે, જેનો વિગતે અભ્યાસ આપણે આ એકમમાં કર્યો છે.

### 1.8 *સમજ ચકાસતા પ્રશ્નો*

**નોંધઃ તમારા ઉત્તર લખો.**

1. વેદકાલીન અને બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થામાં રહેલી સમાનતા અને તફાવત તારવો.
2. વેદકાલીન અને મધ્યકાલીન શિક્ષણ વ્યવસ્થામાં રહેલી સમાનતા અને તફાવત તારવો.
3. અર્વાચીન શિક્ષણનો વિકાસક્રમ સંક્ષિપ્તમાં વર્ણવો.

### *1.9 સંદર્ભ સૂચિ*


1. દવે (શાસ્ત્રી) જયેન્દ્ર (૧૯૯૧). ***કેળવણીના તાત્વિક આધારો,*** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. દવે (શાસ્ત્રી) જયેન્દ્ર (૧૯૭૮). ***શિક્ષણ દર્શન પરિભાષા કોશ,*** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.
3. દવે (શાસ્ત્રી) જયેન્દ્ર (૧૯૮૦). *શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલા*, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.
4. દેસાઈ ધનવંત, શાહ ગુણવંત, (૧૯૬૫). ***શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ,*** એ. આર. શેઠની કંપની, અમદાવાદ.
5. પંડ્યા કુલીન (૧૯૭૬). ***તાત્વિક વિચારધારાઓ અને શિક્ષણ,*** બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ.
6. ભટ્ટ મણિશંકર, *શિક્ષણનો ઈતિહાસ*, (૧૯૭૬). આર. આર. શેઠની કંપની, અમદાવાદ, મુંબઈ.
7. શાહ ચંદ્રવદન, (૧૯૮૮). *કેળવણીદર્શન*, જીવન ભારતી મંડળ, સુરત.

8. चौबे सरयू प्रसाद, (१९५६). *भारतीय शिक्षा का इतिहास*, रामनारायनलाल प्रकाशन, इलाहबाद.

**English References**

1. Altekar A. S. (1951). *Education in ancient India*, The India Book House, Benaras.
2. Chatterjee C. (1957). *Vedantic education*, Gauranga Cultural Research Institute, Lucknow.
3. Dayal B. (1953). *The development of modern Indian education*.
4. Hiriyanna M. (1983). *Outlines of Indian Philosophy*. Blackie & Son, Mumbai.
5. Khan Mohammad Sharif (1990). *Education, religion and the modern age*. Asia Publishing House, New Delhi.
6. Mukerjee R. K. (1960). *Ancient Indian education-Brahminical and duddhist*. Motilal Banarasidas, Delhi.
7. Mukerjee S. N. (1957). *History of education in India.*
8. Mitra, Veda (1964). *Education in ancient India.* New Delhi: Arya Book Depot.
9. Report of the Kothari Education Commission, 1966.

## એકમ 2 : શિક્ષણની આધારશિલાના શિલ્પી : મુખ્ય શિક્ષક અને શિક્ષકની સજ્જતા


2.1 પ્રસ્તાવના

2.2 ઉદ્દેશ

2.3 મુખ્ય શિક્ષક અને શિક્ષકની સજ્જતા

2.3.1 મુખ્ય શિક્ષક(આચાર્ય)ની ભૂમિકા

2.3.2 મુખ્ય શિક્ષકનાં લક્ષણો

2.3.3 મુખ્ય શિક્ષકની ફરજો

2.3.4 શિક્ષકનું મહત્વ

2.3.5 આદર્શ / સફળ શિક્ષકના ગુણો

2.3.6 શિક્ષકનાં કાર્યકૌશલ્ય ક્ષેત્રો

2.3.7 શિક્ષકના પ્રતિબદ્ધતાના ક્ષેત્રો

2.4 સારાંશ

2.5 સમજ ચકાસતા પ્રશ્નો

2.6 સંદર્ભ સૂચિ

# એકમ 2 :

# શિક્ષણની આધારશિલાના શિલ્પી : મુખ્ય શિક્ષક અને શિક્ષકની સજ્જતા

## *2.1* પ્રસ્તાવના

**'आचार्य देवो भव: ।'** ઉક્તિ સૂચવે છે કે, શાળાના અચાર્ય એટલે કે મુખ્ય શિક્ષકનું સ્થાન દેવ સમાન છે. વૈદિક પરંપરા અનુસાર આચાર્યનો એવો અર્થ થાય છે કે, 'આચરે તે આચાર્ય', 'જેનું આચરણ કરવા યોગ્ય છે તે આચાર્ય'. જેના વાણી, વિચાર અને કર્મમાં સંવાદિતા હોય, તે જેવા વિચારો ધરાવતા હોય તેવું જ તેનું વર્તન હોય તેને ઉત્તમ આચાર્યની શ્રેણીમાં મૂકવામાં આવે છે. આ જ રીતે વૈદિકકાળથી લઈને પ્રવર્તમાન સમયમાં પણ આચાર્યને જે સ્થાન આપવામાં આવેલ છે તેટલું જ મહત્વનું સ્થાન શિક્ષક માટે વિચારવામાં આવે છે. શિક્ષણના વ્યવસાય સંદર્ભે ઉત્તમ કૌશલ્ય ધરાવતો હોય અને સાથે સાથે તેની અંદર વિવિધ પ્રકારની પ્રતિબદ્ધતાઓનો વિકાસ થયો હોય તથા આ પ્રતિબદ્ધતાઓ સંદર્ભે તે પોતાનો અને પોતાના શિક્ષણકાર્ય થકી સર્વેનો સર્વાંગી વિકાસ સાધવાની તત્પરતા દર્શાવતા શિક્ષકને એટલે કે ગુરુને અહીં વર્ણવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## *2.2* ઉદ્દેશ

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચે જણાવેલા મુદ્દાઓ માટે સમર્થ બનશો :

- મુખ્ય શિક્ષકની શાળામાં ભૂમિકા, લાક્ષણિકતાઓ અને ફરજો અંગે સમજ કેળવી શકશો.
- ગાંધીજીની દષ્ટિએ શિક્ષકની સમજ મેળવી શકશો.
- આદર્શ શિક્ષકના ગુણો અને આદર્શ શિક્ષક બનવા માટે જરુરી કાર્યકૌશલ્ય ક્ષેત્રો અને પ્રતિબદ્ધતાના ક્ષેત્રોની સમજ કેળવી શકશો.

## *2.3* મુખ્ય શિક્ષક અને શિક્ષકની સજ્જતા

### 2.3.1 મુખ્ય શિક્ષક(આચાર્ય)ની ભૂમિકા

દરેક લોકશાહી દેશને વડા પ્રધાનની અને રાજ્યને મુખ્ય પ્રધાનની જરુર રહે છે. યુનિવર્સિટીને કુલપતિની જરુર હોય છે, તેમ નાની-મોટી દરેક સંસ્થાને તેના સરળ સંચાલન માટે, મુશ્કેલીમાં માર્ગદર્શન આપવા માટે, ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ જે-તે સંસ્થાના સર્વોત્તમ વિકાસ માટે કુશળ, બુદ્ધિમાન, જવાબદાર અને ફરજોના જ્ઞાનવાળા તથા અન્યને ફરજનું ભાન કરાવનાર મહત્વના સૂત્રધારની જરુર રહે છે. પ્રાથમિક શાળા જેવી સંસ્થા કે જેમાં આપણે ભવિષ્યના નાગરિક, દેશના ભાવિ ઘડવૈયાઓનું ઘડતર કરવા માંગીએ છીએ, જેમાં બાળકને નવી જવાબદારીનાં કાર્યો માટે તૈયાર કરવા માંગીએ છીએ અને શાળાના એક નાનકડા સમાજમાં આદર્શ સમાજરચના ઊભી કરવા ઈચ્છીએ છીએ ત્યારે ત્યાં પણ કોઈ કુશળ સંચાલક કે સૂત્રધાર હોવો જોઈએ. સમાજ કે સરકાર શાળાના

મુખ્ય શિક્ષકને આવી જવાબદારી સોંપીને બાળકના ઘડતરની અપેક્ષા રાખે છે. જે શાળાને કુશળ, સત્યપ્રિય, કર્મનિષ્ઠ, શિક્ષણના સિદ્ધાંતો અને શૈક્ષણિક મનોવિજ્ઞાનના જાણકાર મુખ્ય શિક્ષક મળી જાય તે શાળાનું ચિત્ર ઉપસી આવ્યા વિના રહેતું નથી.

શાળાના મુખ્ય શિક્ષકની આવી મહત્વની કામગીરી અને તેના ચાવીરુપ સ્થાનને જુદી જુદી ઉપમા આપી બિરદાવ્યાં છે. મિત્રો, અહીં આવી થોડી ઉપમાઓ માત્ર તમારી જાણ માટે જ મૂકી છે, જેથી આપ સર્વે મુખ્ય શિક્ષકનું સ્થાન, ફરજો, શાળાના ભાવિ વિકાસમાં તેમની ભૂમિકાથી વાકેફ થઈ શકો.

'ઘડિયાળમાં જે સ્થાન કમાનનું છે, યંત્રમાં જે સ્થાન ફ્લાયવ્હીલનું છે, જહાજમાં જે સ્થાન એન્જિનનું છે, તેવું સ્થાન શાળામાં મુખ્ય શિક્ષકનું છે. મુખ્ય શિક્ષક તો અંધકારમાં દીપક છે, શાળા-પરિવારનો પિતા છે, શાળાનો પ્રાણ છે. જે શાળામાં હ્રદયનું કામ કરે છે.'

મુખ્ય શિક્ષક એ શાળારુપી નાવનો કુશળ કપ્તાન છે. તે શાળારુપી નાવને કુશળતાપૂર્વક હંકારીને યોગ્ય મંજિલે પહોંચાડવાનું કામ કરે છે. મુખ્ય શિક્ષક એ શાળાનો મુખ્ય સૂત્રધાર છે. શાળાના પ્રત્યેક ઘટક પર મુખ્ય શિક્ષકના વ્યક્તિત્વની છાપ પડે છે. શાળાની પ્રતિષ્ઠા, કીર્તિ, પ્રગતિ, ઉન્નતિ વગેરે શાળાના મુખ્ય શિક્ષક પર નિર્ભર છે, કેમ કે તે શાળા-પરિવારનો વડીલ છે. તેના કુશળ નેતૃત્વ પર શાળાની પ્રગતિ અવલંબે છે. કારણ કે કોઈપણ શાળાનો વિકાસ અને પ્રગતિ તેના મુખ્ય શિક્ષક પર આધારિત છે.

'આચરતિ ઈતિ આચાર્ય' જે શાળાના ઘડતર માટેના જરુરી તમામ અપેક્ષિત વર્તનનું પહેલા પોતે આચરણ કરે તેને આચાર્ય કહેવાય. વિનોબા ભાવેના શબ્દોમાં કહીએ તો,

"શીલવાન સાધુ હોય છે,<br>
પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે,<br>
કરુણાવાન મા હોય છે,<br>
પરંતુ આચાર્ય તો સાધુ, જ્ઞાની અને મા ત્રણે હોય છે."

કોઈપણ શાળાના તમામ કાર્યક્રમોના અમલીકરણનું કેન્દ્ર તેના મુખ્ય શિક્ષક છે. નવીન વિચારસરણી, પ્રયોગવાદી વલણ અને વિદ્યાર્થી કલ્યાણકેન્દ્રી માણસ સાથે સમાજસેવાની ઉમદા તકો શોધવા આચાર્યના સંચાલકીય વ્યવહાર ઉપર શાળાના ભાવાવરણની તંદુરસ્તી અવલંબે છે. આથી જ શ્રેષ્ઠ મુખ્ય શિક્ષકના નામથી તેમની શાળા ઓળખાય છે.

આમ, મુખ્ય શિક્ષક એ શાળાના શિક્ષણરુપી રથનો સારથી છે, જેણે શિક્ષણરુપી રથને કુશળતાપૂર્વક યોગ્ય દિશામાં હંકારીને મંજિલે પહોંચાડવાની મુખ્ય ભૂમિકા અદા કરે છે.

### 2.3.2 મુખ્ય શિક્ષકનાં લક્ષણો

એક શ્રેષ્ઠ મુખ્ય શિક્ષક પાસે નીચે મુજબના લક્ષણો હોવા અનિવાર્ય બને છે.

## નેતૃત્વશક્તિ

મુખ્ય શિક્ષક શાળાના પરિવાર અને સમાજમાં એક આદરપાત્ર નેતા છે. તેની પાસેથી સમાજ, સરકાર, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તમામ પ્રકારનું માર્ગદર્શન તથા દોરવણીની અપેક્ષા રાખે છે. જેથી મુખ્ય શિક્ષકે આ તમામનો સહકાર મેળવીને સુમેળભર્યો વહીવટ કરવાનો હોય છે. શાળાની પ્રગતિનો આધાર મુખ્ય શિક્ષકની નેતૃત્વશક્તિ પર રહેલો છે. આથી જ 'જેવો રાજા તેવી પ્રજા' પરથી 'જેવો મુખ્ય શિક્ષક તેવી શાળા' અને 'આગેવાન અંધ તેનું કટક કૂવામાં' જેવા વિધાન મુખ્ય શિક્ષકની નેતૃત્વશક્તિની અગત્યતા માટે કહેવાય છે. આ સાથે શાળામાં લોકશાહીયુક્ત વાતાવરણ ઊભું કરી સમગ્ર શાળા-પરિવારને એક તાંતણે બાંધવો જોઈએ.

## વહીવટી કુશળતા

'પીટર પ્રિન્સિપલ' અનુસાર જે શિક્ષક એક મુખ્ય શિક્ષક બને તેની પાસે અધ્યયન-અધ્યાપન શક્તિ હોય પણ વહીવટી કુશળતા ન હોય તો તે શાળાએ એક સારો શિક્ષક ગુમાવવો પડે અને એક નિષ્ફળ મુખ્ય શિક્ષક ખુરશીમાં બેસે છે. જેથી તેણે કાર્યક્ષમ વહીવટ, શિક્ષણમાં અદ્યતન ફેરફારો અને પોતાના શિક્ષકો પાસેથી યોગ્ય કામ કરાવી શકે તેવી વ્યવહારુ વહીવટી કુશળતા પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

## શિક્ષણકલામાં નિપુણતા

મુખ્ય શિક્ષક શિક્ષણશાસ્ત્રના નૂતન પ્રવાહો-પદ્ધતિઓ, શિક્ષણના સિદ્ધાંતો તેમજ શૈક્ષણિક મનોવિજ્ઞાનના પૂરતાં જાણકાર હોવા જોઈએ. તે માત્ર એક વિષયમાં જ નહીં પરંતુ તમામ વિષયોમાં નિપુણ હોવા જોઈએ. તેનામાં વિદ્યાર્થીઓને તેમજ જરુર જણાય ત્યારે શિક્ષકોને તમામ વિષયોને લગતી બાબતો સમજાવવાની વ્યાવસાયિક કુશળતા હોવી જરુરી છે. આ સાથે તે ટૅકનોલૉજી આધારિત શિક્ષણ અને તેના ઉપયોગનું પણ પૂરતું જ્ઞાન ધરાવતો હોય તે આવશ્યક છે.

## પ્રભાવશાળી વ્યક્તિત્વ

મુખ્ય શિક્ષકનું વ્યક્તિત્વ શારીરિક, માનસિક, ભાવાત્મક તથા સામાજિક દૃષ્ટિએ સંતુલિત હોવું જોઈએ. તે શારીરિક રીતે તંદુરસ્ત અને સ્વસ્થ હોવો જોઈએ. જેમાં તેનો દેખાવ તેમજ પહેરવેશ પણ અગત્યનો બની રહે છે. ઉચ્ચ બુદ્ધિક્ષમતા અને જ્ઞાનસર્જનનો ઉત્સુક હોવો જોઈએ. મુખ્ય શિક્ષકમાં આત્મસંયમ, સહનશીલતા, પ્રેમ, દયા, ક્ષમા, દૂરદર્શિતા, મૌલિક્તા જેવા ગુણો હોવા જોઈએ. આ તમામ બાબતો તેના વ્યક્તિત્વ માટે જવાબદાર બની રહે છે.

## નૈતિકતા

મુખ્ય શિક્ષકની પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે સાચી નિષ્ઠાની ભાવના હોવી જોઈએ. તેનામાં સમયનું પાલન, સત્યપ્રિયતા, નિયમિતતા, ફરજપાલનની ભાવના અને યોગ્ય વ્યક્તિ પાસેથી યોગ્ય કામ લેવાની શક્તિ હોવી જોઈએ. તે ચારિત્ર્યવાન તેમજ ટીકા અને ઈર્ષાથી પર હોવો જોઈએ. તે દેશની સંપતિનો સદુપયોગ કરી શકે તેવો નિષ્ઠાવાન હોવો જોઈએ.

**ઉચ્ચ બુદ્ધિક્ષમતા**

મુખ્ય શિક્ષક શિક્ષણશાસ્ત્ર તથા માનવશાસ્ત્રના અદ્યતન સિદ્ધાંતો અને તેના વ્યાવહારિક ઉપયોગનો જાણકાર હોવો જોઈએ. શાળાના વિકાસને લગતી બાબતોના નિર્ણયો સચોટ રીતે લઈ શકે તેવી ઉચ્ચકક્ષાની બુદ્ધિમત્તા ધરાવતો હોવો જોઈએ. તેનામાં માતૃભાષાનું સારું જ્ઞાન, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોનો પ્રેમસંપાદન કરવાની આવડત હોવી જોઈએ. તેનામાં પ્રયોગશીલતા માટેની ધગશ અને દૃષ્ટિ હોવા જોઈએ. આ ઉપરાંત શાળાના કર્મચારીઓ પાસેથી તેમની ક્ષમતા મુજબનું મહત્તમ કામ લેવાની આવડત હોવી જોઈએ.

**તંદુરસ્ત શારીરિક સ્વાસ્થ્ય**

મુખ્ય શિક્ષક શારીરિક રીતે તંદુરસ્ત અને શસક્ત હોવો જોઈએ. તે માંદલો કે નિર્માલ્ય ન હોવો જોઈએ. તે શાળાના શ્રમ માંગી લે તેવા કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, ઉત્સવો, રમતો, પ્રવાસ વગેરે કરી તેમજ કરાવી શકે તેવો હોવો જોઈએ. એક સ્વસ્થ મુખ્ય શિક્ષક શાળાના શિક્ષકોના શિક્ષણકાર્યનું, ભૌતિક સાધનોનું તેમજ સમગ્ર શાળાનું નિરીક્ષણ સુચારું રીતે થાક્યા વિના નિયમિત રીતે કરી શકે છે. તે રમત-ગમત અને વ્યાયામ જેવી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતો હોવો જોઈએ.

**અનુશાસન પ્રિયતા**

મુખ્ય શિક્ષકે શાળાનું વાતાવરણ એવું સર્જવું જોઈએ કે જેથી શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો સ્વયં શિસ્તનું પાલન કરે. મુખ્ય શિક્ષકે સમય પાલન, નિયમિતતા દ્વારા અન્ય શિક્ષકો માટે ઉદાહરણ અને પ્રેરણારુપ બનવું જોઈએ. તેનામાં સમયબદ્ધતા, શિસ્ત જેવા ગુણો હશે તો શાળા-પરિવારમાં એવા ગુણોનું આપોઆપ આરોપણ થાય જ છે. તેણે કડક શિસ્ત નહીં પરંતુ મુક્તશિસ્ત અને સ્વયંશિસ્તના આગ્રહી બનવું જોઈએ.

**ઉદારતા**

મુખ્ય શિક્ષક ઉદારતા અને ક્ષમાશીલ હોવો જોઈએ. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે તેમના વિચારો જાણી તેમને સાંત્વના આપી શકે તેવો, સુખ-દુ:ખમાં સહકાર આપનાર પ્રામાણિક, ન્યાયી અને કૃતનિશ્ચયી હોવો જોઈએ. તે બાળકોને પ્રેમ અને હૂંફની ઊણપ પૂરી કરી ઉદારતાની ભાવના અદા કરે તેવો હોવો જોઈએ.

**હકારાત્મક વિચારસરણી**

'અન્ન તેવો ઓડકાર' એ જ રીતે 'જેવા વિચાર તેવા આચાર' ની જેમ એક સારો મુખ્ય શિક્ષક ઉત્તમ વિચારોનું આચરણ કરે છે. તે હંમેશા હકારાત્મક વિચારસરણી ધરાવનાર હોવો જોઈએ. આજના પરિવર્તનના યુગમાં તેણે નૂતન પ્રવાહોની સાથે રહેવા માટે શાળાની ઘણી પરંપરાગત બાબતોને સ્થાને નવી બાબતો સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ. શાળામાં નવા પ્રયોગો કરતા સમયે તેણે હકારાત્મકતા દાખવવી જોઈએ. શાળાના શ્રેષ્ઠ શિક્ષકોના પ્રયત્નોને બિરદાવવા જોઈએ, જેથી અન્ય શિક્ષકો તેમાંથી પ્રેરણા મેળવી શકે.

**ભાવાત્મક સંતુલન**

મુખ્ય શિક્ષકે પ્રશાસકો, શિક્ષકો, વાલીઓ, સંચાલકો, વિદ્યાર્થીઓ તેમજ સમાજસંબંધી અનેક સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે. તેથી તેણે આવી પરિસ્થિતિનો સામનો સંતુલિત રીતે કરવો જોઈએ. તે ભાવાત્મક સંતુલન ગુમાવી દે તેવો ન હોવો જોઈએ. આવી પરિસ્થિતિમાં તેનામાં ગુસ્સો, ચીડિયાપણું કે ક્રૂરતા ન આવવા જોઈએ. મુખ્ય શિક્ષકે હંમેશા તણાવ અને તાણને દૂર રાખવા માટેના પ્રયત્નોને બિરદાવવા જોઈએ, જેથી અન્ય શિક્ષકો તેમાંથી પ્રેરણા મેળવી શકે.

**સમાજનો પથદર્શક**

મુખ્ય શિક્ષકના સંપર્કમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ તેમના વાલીઓ તથા સમાજના લોકો આવે છે. આથી મુખ્ય શિક્ષક પોતાના આચાર-વિચાર દ્વારા સમાજમાં પ્રેરણાદાયી બનવો જોઈએ. તે પોતાના વિચારો તેમજ લેખો દ્વારા સમાજને યોગ્ય માર્ગે આગળ ધપાવે તેવો હોવો જોઈએ. તેણે પોતાના પ્રવચનો અને વક્તવ્યો દ્વારા સમાજને કુશળ નેતૃત્વ અને પથદર્શન કરાવવું જોઈએ. આવા પ્રયત્નો મુખ્ય શિક્ષક મહદંશે શાળામાં કે શાળા વિસ્તારમાં યોજાતા વિવિધ કાર્યક્રમો કે સંમેલન થકી કરી શકે.

**તમારી પ્રગતિ ચકાસો** :

**સૂચના** : માગ્યા મુજબ ઉત્તરો નોંધો.

1. 'જેવો મુખ્ય શિક્ષક તેવી શાળા' – આવું શા માટે કહેવાય છે ?
2. મુખ્ય શિક્ષક(આચાર્ય)ને કેવી કેવી ઉપમાઓ આપવામાં આવેલી છે ?
3. મુખ્ય શિક્ષકે શિક્ષણકલામાં નિપુણતા મેળવેલ હોવી શા માટે જરુરી છે ?
4. મુખ્ય શિક્ષકના કોઈપણ આઠ લક્ષણોની યાદી આપો.

### 2.3.3 મુખ્ય શિક્ષકની ફરજો

શાળામાં મુખ્ય શિક્ષકે નીચે મુજબની શૈક્ષણિક તેમજ વહીવટી ફરજો બજાવવાની હોય છે :

#### 2.3.3.1 શૈક્ષણિક ફરજો

શાળામાં મુખ્ય શિક્ષકે ઘણીબધી ફરજો નિભાવવાની હોય છે. તેમાં સૌથી મહત્વની શૈક્ષણિક ફરજો
છે, કેમ કે શાળાના મુખ્ય શિક્ષક પહેલા આખરે તો એક શિક્ષક પણ છે. આથી શાળાના વર્ગખંડમાં અથવા તો વ્યક્તિગત રીતે શીખવવાની બાબતમાં મુખ્ય શિક્ષકે નીચે જેવી શૈક્ષણિક ફરજો નિભાવવાની હોય છે :

- મુખ્ય શિક્ષકે વિવિધ વર્ગખંડોના જુદા જુદા વિષયો માટે આદર્શ અને નમૂનારુપ શૈક્ષણિક કાર્ય કરી નિદાન પૂરું પાડવું. સમયાંતરે દાર્શનિક પાઠ આપી શિક્ષકો સાથે તેની ચર્ચા કરવી, જેથી શિક્ષકોને શૈક્ષણિક માર્ગદર્શન મળે.

- શૈક્ષણિક વર્ષના પ્રારંભે શિક્ષકોની મિટીંગ રાખી શાળાનું વાર્ષિક, માસિક, અઠવાડિક અને દૈનિક શૈક્ષણિક આયોજન તેમજ સમયપત્રકો તૈયાર કરાવવા.
- વર્ષ દરમિયાન શાળામાં લેવાતી પરીક્ષાઓ-કસોટીઓનું આયોજન અને સંચાલન કરવું.
- શાળાનું ભાવાવરણ શૈક્ષણિક, ચેતનવંતુ અને ઉત્સાહકજનક બને એ માટેના સતત પ્રયત્નો હાથ ધરવા.
- શાળાના તમામ વર્ગખંડોમાં વિવિધ અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓનો વિનિયોગ થાય અને તેમાં જરુરી દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ થાય તે જોવું.
- શાળાના વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન થાય અને તેનો નૈતિક વિકાસ થાય એ બાબતને ધ્યાનમાં રાખીને શાળામાં દરરોજ વૈવિધ્યસભર પ્રાર્થના-સંમેલન યોજવું.
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો જેવા કે, શૈક્ષણિક પ્રદર્શનો, નાટક, રાસ-ગરબા, નૃત્ય, કવ્વાલી, પ્રવાસ-પર્યટન, ઉજાણી, કઠપૂતળી-પપેટ શો, વિવિધ સ્પર્ધાઓ, સફાઈના કાર્યક્રમો, સમાજ સેવાની પ્રવૃત્તિઓ જેવી અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ/કાર્યક્રમો યોજવા જોઈએ.
- શાળામાં વર્ષ દરમિયાન બે કે ત્રણ વાર વાલી-સંમેલન તેમજ માતૃ-સંમેલનનું આયોજન કરવું. આવાં સંમેલનોમાં શાળાની સિદ્ધિઓ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અંગે અને શાળાની શૈક્ષણિક જરુરિયાત અંગે વાલીઓ સાથે ચર્ચા કરવી.
- શાળામાં પ્રવેશોત્સવ, વાર્ષિકોત્સવ, આનંદમેળો, વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી તેમાં સ્થાનિક સમાજને સહભાગી બનાવવા પ્રયત્નો કરવા.
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરફથી યોજાતા શૈક્ષણિક સેમિનાર, વર્કશૉપમાં ભાગ લેવો, શાળાના શિક્ષકો પણ તેમાં ભાગ લે તે માટે પ્રેરિત કરવા તેમજ તે અંગેના ઉપલબ્ધ સાહિત્યનો મહત્તમ ઉપયોગ શિક્ષકો કરે તેવા પ્રયત્નો કરવા.
- શાળામાં વિદ્યાર્થીઓની કેટલીક વર્તન સમસ્યાઓ તેમજ શાળા કે વર્ગખંડને સ્પર્શતી સમસ્યાઓનો અભ્યાસ વૈજ્ઞાનિક રીતે 'ક્રિયાત્મક સંશોધન' કરી હાથ ધરવો. આ ઉપરાંત જરુર જણાયે 'વ્યક્તિ અભ્યાસ' પણ હાથ ધરવા. જેથી આવી શૈક્ષણિક અને વર્તન વિષયક સમસ્યાઓને હલ કરી શકાય.
- શાળામાં અભ્યાસ કરતા નબળાં વિદ્યાર્થીઓ માટે 'નિદાન-ઉપચાર' કાર્યક્રમ હાથ ધરવા તેમજ જરુર જણાય તો શાળાસમય બાદ નબળાં વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણકાર્ય ગોઠવવું.
- શાળામાં અભ્યાસ કરતા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પ્રતિભા વધુ વિકસે અને વિદ્યાર્થીઓના વિકાસને વેગ મળે તે માટે પૂરતા પ્રયત્નો કરવા.
- શાળામાં વિજ્ઞાનમંડળ, ગણિતમંડળ, સાહિત્યમંડળ, પર્યાવરણ-સમાજિક વિજ્ઞાન મંડળ અને અંગ્રેજી કૉર્નરની સ્થાપના કરવી.

- શાળાના વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનું પૂરતું જ્ઞાન મળી રહે તે માટે શાળામાં જુદા જુદા વિષયના નિષ્ણાત વ્યક્તિવિશેષના વાર્તાલાપો ગોઠવવા.
- શાળાની પરીક્ષાઓ કસોટીઓ ઉપરાંત ચિત્ર, સંગીત, વ્યાયામ તેમજ અન્ય બાહ્ય પરીક્ષાઓ માટે શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરાં પાડવા.
- શાળામાં નબળી આર્થિક સ્થિતિવાળાં બાળકોને ગણવેશ, પાઠ્યપુસ્તકો, શૈક્ષણિક સાધન-સામગ્રી દાતા, વાલીઓ અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરવા.
- શાળા અને સમાજના સંબંધો ગાઢ તથા ઘનિષ્ઠ બને એ માટે શાળામાં વિવિધ સમાજસેવાની પ્રવૃત્તિઓ યોજી સ્થાનિક સમાજના લોકોને તેમાં આગ્રહપૂર્વક સહભાગી બનાવી શાળા અને સમાજના સંબંધોને ઘનિષ્ઠ બનાવવા પ્રયત્નો કરવા.
- શાળા પુસ્તકાલય કાર્યરત કરવું, જેનો લાભ શાળાના દરેક વિદ્યાર્થીઓ લે તેવું આયોજન કરવું. આ ઉપરાંત શિક્ષણને લગતાં જુદાં જુદાં પુસ્તકો અને સામયિકો વાંચવા અને તે વાંચવા માટે શિક્ષકોને પ્રેરવા.
- નવા નિમાયેલા તેમજ અનુભવી શિક્ષકો સાથે સમયાંતરે બેસીને તેમના જ્ઞાનનું આદાન-પ્રદાન થાય તે માટે માર્ગદર્શન પૂરું પાડવું.
- મુખ્ય શિક્ષકે શાળા વિસ્તારમાં ફરજિયાત શિક્ષણ મેળવવાપાત્ર હોય તેવા 6થી 14 વર્ષના તમામ બાળકોનો સર્વે કરાવીને તેમને શાળામાં પ્રવેશ આપવાનો રહેશે.
- પ્રવેશ ન લીધેલ બાળકો કે શાળામાં સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓને તેમના ઘરે મુલાકાત લેવા શિક્ષકો/શાળા વ્યવસ્થાપક સમિતિને જાણ કરવી અને જરુર જણાયે હુકમો કરવા.
- ઉંમરની સાબિતીના અભાવે કોઈપણ બાળકને શાળામાં પ્રવેશનો ઈન્કાર કરવો નહીં તેમજ પ્રવેશ માટે નિયત થયેલ નિયમો મુજબ બાળકોને શાળામાં પ્રવેશ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.
- બીજી શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા બાળકને વિના વિલંબે બદલી પ્રમાણપત્ર કાઢી આપવાનું તથા એ જ રીતે અન્ય શાળામાંથી આવેલ વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.
- શાળામાં દાખલ કરેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પૂરું થતા સુધીમાં કોઈપણ કારણોસર રોકી ન રખાય તેમજ કાઢી ન મૂકાય તે જોવાની વિશેષ ફરજ મુખ્ય શિક્ષકની રહેશે.
- શાળાના કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત ન થાય તે જોવાનું તેમજ શાળાનો કોઈપણ શિક્ષક ખાનગી ટ્યૂશન કે ખાનગી શિક્ષણની પ્રવૃત્તિમાં ભાગ ન લે તે જોવાની ફરજ રહેશે.
- પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર દરેક બાળકને નિયત કરવામાં આવેલ સ્વરુપમાં અને તેવી રીતે પ્રમાણપત્ર આપવાનું રહેશે.

- સરકારે નિર્દેશ કરેલ ધારાધોરણ મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી, ત્યારબાદ દર બે વર્ષે તેનું પુનઃગઠન કરવું અને તેની સાથે સંકલનમાં રહી 'શાળા વિકાસ યોજના' તૈયાર કરવાની રહેશે.
- સર્વશિક્ષા અભિયાન તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જેવી સરકારી સંસ્થાઓ અંતર્ગત આવતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું શાળામાં ગુણવત્તાસભર અમલીકરણ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

**2.3.3.2 વહીવટી ફરજો**

શાળામાં મુખ્ય શિક્ષકે શૈક્ષણિક ફરજોની સાથે વ્યવસ્થા અને સંચાલન, નિરીક્ષણ તથા માર્ગદર્શન જેવી બાબતોને ધ્યાને લઈ કેટલીક વહીવટી ફરજો પણ નિભાવવાની હોય છે. જે માટે શાળાના મુખ્ય શિક્ષકે વહીવટી બાબતોની પણ જાણકારી રાખી તેમાં કુશળતા પ્રાપ્ત કરવાની રહે છે. શાળામાં મુખ્ય શિક્ષકે નીચે જેવી વહીવટી ફરજો નિભાવવાની હોય છે :

- સરકાર અને સ્થાનિક સત્તાતંત્ર તરફથી મળેલ આદેશ અને સૂચનાઓનો અમલ કરી શાળા-વિષયક માહિતી તૈયાર કરી સમયમર્યાદામાં પૂરી પાડવી.
- શાળામાં રાખવામાં આવતા વિવિધ પ્રકારનાં રજિસ્ટરો અને પત્રો જરુરી વિગતો ભરી તૈયાર કરવાં અને કરાવવાં તેમજ તેની નિયમાનુસાર જાળવણી કરવી.
- શાળાની નાણાંકીય બાબતોનું યોગ્ય રીતે સંચાલન કરવું.
- શાળાનું પગારબિલ નિયમિત સમયસર તૈયાર કરી મોકલી આપવું તેમજ શાળાના શિક્ષકોને પગાર સમયસર મળી રહે તે નિશ્ચિત કરવું.
- શાળાનું જનરલ રજિસ્ટર એ શાળાનો પ્રાણ છે. તેની વિગતો કાળજીપૂર્વક ચકાસણી કરીને ભરવાનો આગ્રહ મુખ્ય શિક્ષકે રાખવો જોઈએ.
- શાળાના શિક્ષકોની રજા મંજૂર કરવી, તે માટે રજાના રિપૉર્ટ એકઠાં કરી ફાઈલ રાખવી તેમજ શિક્ષકોની રજાઓનો હિસાબ રાખવો.
- શાળાના કર્મચારીગણ માટે તાલીમ રજિસ્ટર નિભાવી તેની યોગ્ય જાળવણી કરવાની રહેશે.
- શાળાના શિક્ષકોની કામગીરી સબબ વાર્ષિક સી.આર. (ખાનગી અહેવાલ) ભરીને રિમાર્ક કરવા.
- શાળાના તમામ શિક્ષકોની કામગીરીની દેખરેખ રાખશે. શિક્ષકોના દૈનિક શિક્ષણકાર્યના આયોજનની નોંધ દરરોજ મંજૂર કરવાની રહેશે.
- દરેક શિક્ષકની સમયાંતરે વર્ગતપાસણી કરશે અને લૉગબુક ભરશે.
- શાળામાં ચાલતી મધ્યાહન ભોજન યોજના પર દેખરેખ રાખવી. બાળકોને શુદ્ધ, પૌષ્ટિક અને તાજો આહાર પૂરતી માત્રામાં અઠવાડિક આયોજન મુજબ મળી રહે તે માટે દેખરેખ રાખવી.
- શાળામાં ભણતાં પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિઓ સમયસર મેળવી લેવી. શિષ્યવૃત્તિની મળેલ રકમ જે-તે વિદ્યાર્થીને તાત્કાલિક વહેંચી દેવી.

- શાળાની સ્વચ્છતા અને બાળકોનું આરોગ્ય જળવાઈ રહે તે અંગે વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી માટે સરકારશ્રીના 'શાળા આરોગ્ય ચકાસણી' જેવા કાર્યક્રમોને સહકાર આપવાનો રહેશે. શાળામાં પ્રાથમિક સારવારનાં સાધનો વસાવવા.
- શાળાના મકાનનું સમયાંતરે સમારકામ કરાવવું તેમજ શાળામાં બાળકોની આવશ્યક જરુરિયાતો જેવી કે પીવાના પાણી, સંડાસ-મુતરડીની સુવિધાઓ ઊભી કરાવવી, શાળાની ભૌતિક સુવિધાઓ વધે તે માટે સરકાર અને સમાજનો સહયોગ મેળવવો.
- મુખ્ય શિક્ષકે શાળાની સ્વચ્છતા પર સવિશેષ કાળજી રાખવી. શાળાના ઓરડા, મેદાન, સંડાસ-મુતરડી, પીવાના પાણીની ટાંકી/ઓરડી વગેરેની નિયમિત સફાઈ થાય તે માટે કાળજી રાખવી.
- શાળામાં ડેડસ્ટૉક રજિસ્ટર નિભાવવું. તેમાં નવાં સાધનોની નોંધણી નિયમિત રીતે થાય તેની કાળજી રાખવી, નવા ખરીદેલા સામાનને ડેડસ્ટૉક નંબર આપવો. તેમાં સાલ, કિંમત અને ખરીદ તારીખ નોંધવી. સમયાંતરે સાધનોની મેળવણી કરી લેવી. સામાન ભાંગી-તૂટી જાય કે બગડી જાય તેને કમી કરવાની વિધિ કરી સામાન રદ કરવાની કાર્યવાહી કરવી.
- શાળાની દરેક પ્રકારની મિલકતની યોગ્ય સંભાળ લેવાય તેની ચોક્સાઈ રાખવી તથા મિલકતને કોઈ નુકસાન કરવામાં આવ્યું હોય તો તે બાબતનો વહીવટી અધિકારી/જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/શાળા વ્યવસ્થાપન સમિતિને રિપૉર્ટ કરવાનો રહેશે.
- દર ત્રણ માસે શાળા વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવવાની રહેશે. જેમાં શાળાને મળતી તમામ પ્રકારની ગ્રાન્ટનો ખર્ચ યોગ્ય રીતે થાય તે મુજબની કામગીરી કરવાની રહેશે. આવી તમામ ગ્રાન્ટના ખર્ચનું ઓડિટ કરાવવાની જવાબદારી રહેશે.
- શાળામાં આવતા નાણાંનો વહીવટ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નિયમો તથા સૂચનાઓ મુજબ કરવાનો રહેશે.
- શાળામાં વપરાતા તમામ નાણાંનો હિસાબ - આવક-જાવક, પાકાં બિલો, વાઉચરો, આપેલ ચેક (રકમ તથા તારીખ, નંબર સાથે) વગેરેનો અગાઉની સૂચના, નિયમો કે વખતોવખત કરવામાં આવતી લેખિત જાણને ધ્યાનમાં રાખી યોગ્ય પત્રકો બનાવી (રોજમેળ, વાઉચર ફાઈલ, બિલ ફાઈલ, ટેન્ડર ફાઈલ વગેરે) નિભાવવાના રહેશે.
- શાળામાં દાનમાં આવતી રકમની પહોંચ તરત આપી શાળાના કેળવણી ફંડમાં જમા લેવી અને આ રકમનો નિયમાનુસાર શાળાવિકાસમાં ઉપયોગ કરવાનો રહેશે.
- શાળાના કામે શાળા છોડવાના કિસ્સામાં તેની અને શિક્ષકોની મુવમેન્ટ નિભાવશે.
- શાળાના શિક્ષકોના કામની એકસૂત્રતા જાળવશે અને તે તેમની કાર્યક્ષમતા તથા શિસ્તની જવાબદારી નિભાવશે.

- શાળાના વિદ્યાર્થી, શિક્ષક કે વાલીને જરુરિયાત મુજબ પ્રમાણપત્રો, દાખલ, ગુણપત્રકની નકલો નિયત સમયમર્યાદામાં આપશે.
- શાળામાં વંચિત જૂથ તેમજ નબળા વર્ગમાંથી આવતા બાળકોને ભેદભાવરહિત શિક્ષણ આપવામાં આવે તે જોવાની ફરજ મુખ્ય શિક્ષકની રહેશે.
- શાળાના શિક્ષકો દ્વારા તમામ વિદ્યાર્થીઓનું યોગ્ય રીતે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે સમયાંતરે જોવાનું રહેશે.
- શાળા, શિક્ષકો, સમાજ, વાલી અને વિદ્યાર્થી વચ્ચેના સુમેળભર્યા સંબંધો સચવાય તેવા પ્રયત્નો હાથ ધરવાના રહેશે.
- શાળા વિસ્તારમાં 6થી 14 વર્ષની ઉંમરનું દરેક બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની મુખ્ય ફરજ શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- શાળાના વિદ્યાર્થીઓ માટે દરેક વર્ગ માટેનું એક દૈનિક હાજરીપત્રક નિભાવવું, જેમાં દરેક વિદ્યાર્થીની દૈનિક હાજરીની નોંધ થાય. જે અંતર્ગત વિદ્યાર્થી અગાઉથી પરવાનગી લીધા સિવાય, એકે મહિનામાં દસ દિવસથી વધુ દિવસ ગેરહાજર રહે તો મુખ્ય શિક્ષકે તેના માતા-પિતાને અને શાળા વ્યવસ્થાપન સમિતિને જાણ કરી / પત્ર મોકલી આવા બાળકો શાળામાં નિયમિત હાજર રહે તે માટેના તમામ પ્રયત્નો કરવાના રહેશે.
- શાળામાં જનરલ રજિસ્ટર, વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોનું દૈનિક હાજરીપત્રક, ડેડસ્ટૉક રજિસ્ટર, ગ્રંથાલય રજિસ્ટર, માસિક અહેવાલ/પત્રકો, ટપાલ રજિસ્ટર, સમયપત્રક, કર્મચારીઓની સેવાપોથી, વયપ્રમાણપત્રની ફાઈલ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની ફાઈલ, મુલાકાતપોથી, વિદ્યાર્થીઓની પરીક્ષા અને બઢતી અંગેના રેકર્ડ તેમજ આવક-ખર્ચના હિસાબોને લગતા રેકર્ડ મુખ્ય શિક્ષકે સુચારુ રીતે નિભાવવાના તેમજ સુરક્ષિત કસ્ટડીમાં રાખવાના રહેશે.

આમ, શાળાના મુખ્ય શિક્ષકે શાળાના તમામ બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે તેની ફરજો ગંભીરતાથી નિભાવવાની રહેશે. તેની સાથે સાથે શાળામાં થતું શિક્ષણકાર્ય, શાળાની ભૌતિક બાબતો, નાણાંકીય વહીવટ અને શાળા વ્યવસ્થાપન સમિતિ તથા સમાજ સાથેનું સંકલન જેવી બાબતોને લગતી વિવિધ ફરજો અદા કરવાની રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો** :

**સૂચના** : માગ્યા મુજબ ઉત્તરો નોધો.

1. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મુખ્ય શિક્ષકે શાળામાં કેવી કેવી પ્રવૃત્તિઓ યોજવી જોઈએ ?
2. મુખ્ય શિક્ષકે વાલી સંમેલન દરમિયાન બાળકોના વાલીઓ સાથે કઈ કઈ મુખ્ય બાબતોની ચર્ચા કરવી આવશ્યક ગણાય ?
3. શાળામાં ચાલતી 'મધ્યાહન ભોજન યોજના' અંતર્ગત મુખ્ય શિક્ષકની મહત્વની ફરજો જણાવો.
4. શાળાના મુખ્ય શિક્ષકે કેવા-કેવા રજિસ્ટર અને રેકર્ડ નિભાવવાના હોય છે ?

### 2.3.4 શિક્ષકનું મહત્વ

ભારતમાં પ્રાચીન સમયમાં શિક્ષકને ગુરુ કે આચાર્ય તરીકે સંબોધવામાં આવતા હતાં. તે સમયે જ્ઞાન, કર્મ અને ભક્તિના સમન્વય તથા ત્યાગને કારણે શિક્ષકનો મોભો ઘણો ઊંચો હતો. શિક્ષકને તેની શાળાના વિસ્તારના સૌ લોકો માનની દૃષ્ટિએ જોતા. શિક્ષકમાં પણ જ્ઞાનની સાથે ત્યાગની ભાવના પ્રબળ હતી. પ્રાચીન સમયમાં શિક્ષણક્ષેત્રે આવી ત્યાગમૂર્તિ સમાન વ્યક્તિઓ જોડાતી. તે સમયના રાજા-મહારાજાઓથી લઈને અન્ય ધનિક વ્યક્તિઓ તેમજ ગરીબ વ્યક્તિઓ પણ ગુરુનું માન અને મોભો જાળવતા. જેની સીધી અસર પ્રજા પર થતી. તે સમયે શિક્ષકનું જીવન અને ચરિત્ર ખૂબ ઊંચા પ્રકારનું હતું. એટલે તો સંસ્કૃત સાહિત્યમાં 'આચાર્ય દેવો ભવ:' કહેવાયું છે તેમજ આ શ્લોક પણ ખૂબ જાણીતો છે :

**गुरु ब्रह्मा गुरु विष्णुः गुरु देवो महेश्वर ।**

**गुरुः साक्षात् परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥**

ગુરુ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરુપ ધારણ કરતા. તે સર્જક, પાલક અને વિસર્જક બની શકતા. વિદ્યાર્થીઓની દુર્વૃત્તિઓ અને વિકૃતિઓ હણવાનું કાર્ય કરનાર મહેશ (મહેશ્વર) હતા. વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કરી, તેનું સંસ્કાર શિલ્પ ઘડનાર બ્રહ્મા હતા અને વિદ્યાર્થીઓમાં જ્ઞાનનું સંવર્ધન કરનાર વિષ્ણુ સ્વરુપે હતા. તે જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમનું સંગમતીર્થ હતા. આથી તેમનું સ્થાન સમાજમાં સર્વોચ્ચ હતું. અજ્ઞાનના અડાબીડ અરણ્યમાં અટવાતા શિષ્યને તે જ્ઞાનની અંજનશલાકા વડે જ્યોતિ પ્રદાન કરતાં. સાદું તેમજ સંયમિત જીવન, ઊંચા વિચારો અને નિર્મળ ત્યાગવૃત્તિ એ ગુરુનો જીવનમંત્ર હતો. પોતાના વિદ્યાર્થીઓ માટે આવા ગુરુઓ માર્ગદર્શક, પથદર્શક અને પ્રેરણાના અમોઘ સ્રોત હતા. આ જ રીતે ભારતીય પરંપરામાં સંત કબીરે ગુરુને ગોવિંદ કરતાંય અધિક ગણાવ્યા છે.

શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા, ભાગ્યવિધાતા અને ઈતિહાસનો સર્જક છે. આથી જ કહેવાયું છે કે, 'The teacher is the maker of History.' શિક્ષણક્ષેત્રે શિક્ષકનું સ્થાન અનન્ય છે. મહાન રાજવી એલેકઝાન્ડરે કહેલુ કે, 'I owe my birth to my father but life to my teacher.' શિક્ષક એ બાળકનો ભાગ્યવિધાતા છે, તેને શિક્ષણ દ્વારા જીવન જીવવાની કલા શીખવે છે. આથી જ કહેવાય છે કે, રાષ્ટ્રની કેળવણીનું સ્તર શિક્ષકના સ્તર કરતા કયારેય ઊંચુ હોઈ શકે નહીં. કેમ કે શિક્ષણના મહત્વના અંગ તરીકે શિક્ષક કાર્ય કરે છે. શિક્ષકનો વ્યવસાય ખૂબ પવિત્ર અને ઊંચી ગુણવત્તાવાળો છે. તે ખરા અર્થમાં રાષ્ટ્રવિધાતા છે. કારણ કે, ભારતના ભાવિ નાગરિકો ઘડનાર તે સામાજિક ઈજનેર છે.

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વિદ્વાન તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન 5મી સપ્ટેમ્બરને 'શિક્ષકદિન' તરીકે ઊજવવામાં આવે છે જે સમગ્ર શિક્ષકસમાજ માટે ગૌરવપૂર્ણ

બાબત છે. વળી, ગુજરાત સરકાર શિક્ષકોને વિવિધ અવૉર્ડ આપવાની પ્રથા પણ શિક્ષકદિનથી શરુ કરી શિક્ષકોનું ગૌરવ જળવાઈ રહે તે માટેનાં પ્રયત્નો કરે છે.

સાંપ્રત યુગમાં બાળકોના શિક્ષણની જવાબદારી સરકાર અને સમાજે શિક્ષકોને સોંપી છે. આપણે ત્યાં લગભગ બધાં જ ગામોમાં પ્રાથમિક શાળા છે, જેમાં તાલીમ પામેલ શિક્ષકો કાર્યરત છે. પ્રાથમિક શાળામાં બાળકોને શિક્ષણની સાથે સાથે તેમના જીવન ઘડતર, વ્યક્તિત્વ ઘડતર અને ચારિત્ર્ય ઘડતર કરવા જેવી મહત્વની જવાબદારી પણ શિક્ષકની હોય છે. કેમ કે, બાળકના જીવન ઘડતરમાં માતા-પિતા જેટલું જ અગત્યનું સ્થાન શિક્ષકનું છે. પૂજ્ય વિમલાતાઈ શિક્ષકની મહત્તા બતાવતા જણાવે છે કે, "શિક્ષક થવું એ મહાન સાધના છે. શિક્ષક થવા માટે વિદ્રોહી, જાગ્રત અને સચેત જીવંત આત્મા જોઈએ. શિક્ષકની અંદર ચિંતન, વિચાર, વિદ્રોહનો જ્વલંત અગ્નિ હોવો જોઈએ. શિક્ષક થવું એક બહુ મોટું ઉત્તરદાયિત્વ છે." આથી જ દરેક શિક્ષકે શિક્ષણના વ્યવસાયને માત્ર કામકાજના રુપમાં નહીં પરંતુ એક સમર્પિત અને ત્યાગરુપ વ્યવસાય તરીકે સ્વીકારવો જરુરી છે.

આટ-આટલું મહત્વ ધરાવતા શિક્ષકે પણ ચીલાચાલુ શિક્ષણ-પદ્ધતિઓ અને પ્રવિધિઓને બદલે અદ્યતન શિક્ષણના પ્રવાહો, પ્રયુક્તિઓ, પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, વિજ્ઞાન અને ટૅકનોલૉજી પર આધારિત સાધનો વગેરેથી પોતાના અધ્યાપનકાર્યને વધુ સમૃદ્ધ અને ગુણવત્તાસભર બનાવવું પડશે. આવી બાબતોથી શિક્ષક સતત પ્રયત્નો કરતો રહેશે તો, આજે પણ સમાજ તેના ગૌરવ, આદર અને માન-મોભાને સ્વીકારશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

### 2.3.5 આદર્શ / સફળ શિક્ષકના ગુણો

શિક્ષકે માનવજાત અને વિશ્વનું નિર્માણ કરવાનું છે. તે આવતી કાલનો સર્જક અને ભાગ્યવિધાતા છે. આથી શિક્ષકે પોતાના કર્તવ્યમાં સફળ થવા માટે નીચે મુજબના વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક ગુણો વિકસાવવા અતિ આવશ્યક છે. આથી મિત્રો, હવે આપણે એક આદર્શ/સફળ/જાગૃત/સંપૂર્ણ શિક્ષક માટેના ગુણો વિશે જાણીએ.

#### 2.3.5.1 વૈયક્તિક ગુણો

એક શ્રેષ્ઠ શિક્ષક પોતાનામાં નીચે મુજબના ગુણો વિકસિત કરે તો વૈયક્તિક રીતે સફળ બની શકે છે.

**પ્રભાવશાળી વ્યક્તિત્વ**

શિક્ષકનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હોવું જોઈએ. તેનું શરીર સુદૃઢ અને મનોબળ મજબૂત હોવું જોઈએ. તેનો દેખાવ અને સ્વભાવ મધુર તથા શાલીન હોવો જોઈએ. તે બહુપરિમાણીય વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઈએ. તેનામાં ચુંબકીય પ્રતિભા હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓને તેના વ્યક્તિત્વમાંથી પ્રેરણા પ્રાપ્ત થઈ શકે. આ સાથે શિક્ષકની પ્રતિભા પ્રચંડ અને વિરાટ હોવી જોઈએ. તેનામાં ભાવાત્મક સંતુલન હોવું જોઈએ. વિદ્યાર્થીઓ શિક્ષકની વાણી અને વર્તનનું, તેના

હલનચલનનું, તેની જીવનશૈલીનું, તેના વેશ-પરિધાનનું, તેના આચાર અને વિચારનું અનુકરણ કરીને તેની સાથે તાદાત્મય અનુભવે છે. તેથી તેના વર્તનમાં મનસા, વાચા અને કર્મણા એકરુપતા હોય તે અત્યંત આવશ્યક છે. તેનો અવાજ પ્રભાવશાળી, અસરકારક અને કર્ણપ્રિય હોવો જોઈએ. ટૂંકમાં શિક્ષકનું વ્યક્તિત્વ વિનમ્ર, મધુર અને પ્રભાવશાળી હોવું જોઇએ.

**નૈતિક ગુણો**

શિક્ષકમાં દઢ નિશ્ચયાત્મકતા, પરિશ્રમ, સહાનુભૂતિ, અનુશાસનપ્રિયતા, એકાગ્રતા વગેરે જેવા ગુણો હોવા જોઈએ. શિક્ષક શીલગુણ સંપન્ન વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઈએ. તેનું ચારિત્ર્ય ઉત્તમ કોટિનું હોવું જોઈએ. કેમ કે શિક્ષકના ઉચ્ચ ચારિત્ર્ય અને નૈતિક ગુણોનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પડે છે. શિક્ષકે પોતાના માનવીય ગુણોથી વિદ્યાર્થીઓને સર્વગુણસંપન્ન બનાવવાના છે. કેમ કે, 'અધમણ ઉપદેશ કરતાં અધોળ આચરણ વધારે સારું છે' તેવું કહેવાયું છે. તેનામાં આદર્શો માટેની આરાધના, ધ્યેય માટેની ઝંખના અને સેવા માટેનું સમર્પણ હોવા જોઈએ. આ ઉપરાંત આદર્શ શિક્ષકમાં નિયમિતતા, સમયપાલનતા, નિષ્પક્ષતા, પૂર્વગ્રહરહિતતા, પારદર્શિતા, ધૈર્ય, ક્ષમા, સહકાર, પરોપકાર, કર્તવ્યનિષ્ઠા, દેશપ્રેમ, સદભાવના જેવા ગુણો હોવા અતિ આવશ્યક છે.

**જિજ્ઞાસુ અને જ્ઞાન પિપાસુ**

આદર્શ શિક્ષક જિજ્ઞાસુ અને જ્ઞાનપિપાસુ વૃત્તિવાળો હોવો જોઈએ. તેનામાં જ્યાંથી જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા પ્રબળ હોવી જોઈએ. આજીવન વિદ્યાર્થી હોવો જોઈએ. તે વિદ્યાનુરાગી અને જ્ઞાનાનુરાગી હોવો જોઈએ. શિક્ષકના પ્રત્યેક કાર્યમાં જ્ઞાનનો વિનિયોગ થતો હોય, જે જ્ઞાન ગ્રહણ કરતો હોય તેનાથી વિશેષ વહેંચતો હોવો જોઈએ. આમ, જ્ઞાનના અતલ, અગાધ અને વિશાળ મહાસાગરમાંથી જ્ઞાનના મોતી પામવા માટે સતત મથતો જ્ઞાનનો મરજીવો હોય તે આદર્શ શિક્ષક બની શકે. આવો શિક્ષક એ વિદ્યાર્થીઓ માટેની જંગમ વિદ્યાપીઠ સમાન બની રહે છે.

**ઉમદા વર્તન-વ્યવહાર**

એક આદર્શ શિક્ષકે શાળાના વિદ્યાર્થીઓ, સાથી શિક્ષકો, મુખ્ય શિક્ષક અને વાલીઓ સાથે સહાનુભૂતિપૂર્ણ વર્તન-વ્યવહાર રાખવાં જોઈએ. તેણે પોતાના ઉમદા વર્તન-વ્યવહાર થકી બાળકો, વાલીઓ અને સાથી કર્મચારીઓનો યોગ્ય વિશ્વાસ સંપાદિત કરવો જોઈએ. તેણે સૌને સન્માન આપવું જોઈએ અને સન્માનપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. શિક્ષકના વર્તન-વ્યવહારની સૌ કોઈ નોંધ લેતું હોય છે, માટે તેણે પોતાના વ્યવસાયને છાજે તેવા વર્તન-વ્યવહાર નિભાવી એક આદર્શ નાગરિક તરીકેની ભૂમિકા સમાજ સમક્ષ રજૂ કરવી જોઈએ.

**માર્ગદર્શક**

આદર્શ શિક્ષક એક ઉત્તમ માર્ગદર્શક હોવો જોઈએ. તેણે માત્ર પોતાના વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ સમગ્ર સમાજને યોગ્ય રાહ ચીંધવાનું કામ કરવાનું હોય છે. તેણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી તેમની ક્ષમતા મુજબ તૈયાર કરવાના હોય છે. સાથે સાથે વાલીઓ અને સમાજને પણ તેમના

બાળકોના શિક્ષણ તેમજ સર્વાંગી વિકાસ સંબંધી માર્ગદર્શન પૂરું પાડવાનું હોય છે. વિદ્યાર્થીઓ કે વાલીઓની સમસ્યાઓને હલ કરવાની સમજ આપવાની કાબેલિયત તેનામાં હોવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કેળવી તેમને સમયાંતરે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવાં જોઈએ. આથી જ કહેવાય છે કે એક શ્રેષ્ઠ કે સફળ શિક્ષક જ બાળકોનો Friend, Philosopher અને Guide હોવો ખૂબ જરુરી છે.

**સામાજિક સભાનતા**

શ્રેષ્ઠ શિક્ષકમાં સામાજિક સભાનતા હોવી જોઈએ. તેનામાં સ્નેહ, વાત્સલ્ય, સહકાર, સહાનુભૂતિ જેવા ગુણો વિકસિત થયેલા હોવા જોઈએ. સમાજમાં તેનું આગવું સ્થાન અને આગવી ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે તેનામાં ઔદાર્ય, સંપ અને સહકારની ભાવના જાગૃત થવા જોઈએ. બાળક સમાજનો ઉપયોગી સભ્ય અને ઉત્સાહી નાગરિક બને તે માટે તેણે બાળકોમાં સામાજિક સભાનતા વિકસાવવા સૌપ્રથમ પોતાનામાં સામાજિક ગુણો વિકસાવવા જરુરી છે.

**હકારાત્મક દષ્ટિકોણ**

એક સફળ શિક્ષકે પોતાના જીવન, કામકાજ અને સમાજ પ્રત્યેનો હકારાત્મક કે વિધાયક દષ્ટિકોણ વિકસાવેલો હોવો જોઈએ. તેણે ક્યારેય પણ પોતાનામાં નકારાત્મકતા ઉતારવી જોઈએ નહીં. તેણે હંમેશા પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ તેમજ તે અંગેની હકારાત્મકતા સાથે કામ કરવું જોઈએ. પરિવર્તનના સમયમાં બદલાતા અધ્યાપનકાર્યના પ્રવાહોને પણ તેણે હકારાત્મક દષ્ટિકોણ રાખીને સ્વીકારવા જોઈએ. જો શિક્ષક હકારાત્મક દષ્ટિકોણવાળો હશે તો તે પોતાના વિદ્યાર્થીઓના જીવનમાં પણ હકારાત્મક દષ્ટિકોણનું આરોપણ સારી પેઠે કરી શકે છે.

**નેતૃત્વ ક્ષમતા**

આદર્શ શિક્ષક એક ઉત્તમ નેતા હોવો જોઈએ. તેણે પોતાના વર્ગખંડમાં, શાળામાં તેમજ સમાજમાં નેતૃત્વની આદર્શ ભૂમિકા ભજવવાની હોય છે. કોઈ પ્રવૃત્તિ, કાર્યક્રમ, જાહેરસભા, ઊજવણી, રમત-ગમત જેવી કામગીરીનો આધારસ્તંભ એક આદર્શ શિક્ષક હોય છે. શાળાના મુખ્ય શિક્ષક દ્વારા કે સમાજ દ્વારા સોંપવામાં આવતી વિશિષ્ટ કામગીરી તે શિક્ષક જ હોંશભેર ઉપાડી લે છે, જેનામાં નેતૃત્વની ક્ષમતા સારી હોય છે. આથી એક આદર્શ શિક્ષકમાં નેતૃત્વ ક્ષમતા હોવી આવશ્યક છે.

**2.3.5.2વ્યાવસાયિક ગુણો**

શિક્ષકે પોતાના અધ્યાપનકાર્યની વ્યાવસાયિકતા વધારવી જોઈએ. સારા અને આદર્શ શિક્ષકમાં નીચે મુજબના વ્યાવસાયિક ગુણો અને સજ્જતા હોવા જોઈએ :

**શિક્ષણકાર્યમાં રસ**

આદર્શ શિક્ષક પાસે અધ્યાપનમાં યોગ્ય અભિરુચિનો ગુણ સૌથી અગત્યનો છે. તેણે શિક્ષણકાર્યને એક ધર્મ અને કર્તવ્ય તરીકે સ્વીકારેલું હોવું જોઈએ. તેની પાસે પોતાનું શિક્ષણદર્શન

હોવું જોઈએ. તે પોતાના વ્યવસાયને સમર્પિત હોવો જોઈએ. શિક્ષણ પ્રત્યે અભિરુચિ ધરાવનાર શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. શિક્ષણનો વ્યવસાય તેને માટે બોજારુપ નહીં પરંતુ સહજ ધર્મ તરીકે સ્વીકારેલો હોવો જોઈએ. આમ, અધ્યયન-અધ્યાપનકાર્ય પ્રત્યે શિક્ષકને અનહદ રસ હોવો અતિ આવશ્યક છે.

**વિષય પર પ્રભુત્વ**

શિક્ષકે પાઠ્યપુસ્તકમાં સમાવેલા હેતુઓ અને તેને આધારિત વિષયવસ્તુના જ્ઞાનમાં પારંગતતા મેળવવી જરુરી બને છે. 'જો કૂવામાં હોય તો હવાડામાં આવે' એ ન્યાયે શિક્ષકે પોતાને જે ધોરણોમાં શિક્ષણકાર્ય કરવાનું છે તેના વિષયવસ્તુનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત કરવું જરુરી છે. કેમ કે જો શિક્ષકનું પોતાના વિષય પર આગવું પ્રભુત્વ હોય તો તે પોતાનું કર્તવ્ય અને ઉત્તરદાયિત્વ સારી પેઠે નિભાવી શકે છે. એક સારા શિક્ષક પાસે માત્ર પોતાના વિષય પૂરતું જ નહીં પરંતુ શાળાના તમામ વિષયો પર સારું એવું પ્રભુત્વ હોવું જોઈએ.

**અધ્યાપનકળાનું જ્ઞાન**

શિક્ષક જો સારી રીતે બાળકોને શીખવી ન શકે તો તે સફળ શિક્ષક ન ગણાય. શિક્ષકે આ કળા પૂર્વસેવાકાલીન કે પછી સેવાકાલીન તાલીમ દરમિયાન પ્રાપ્ત કરવી જોઈએ. શિક્ષક શીખવવાની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો માહેર હોવો જોઈએ. અધ્યાપનકળા ક્ષેત્રે નવાં પરિવર્તનશીલ વિચારો, પ્રયોગો અને સંશોધનોથી તે પરિચિત હોવો જોઈએ અને તેનો સરળતાથી વર્ગખંડમાં ઉપયોગ કરવાનું કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ. જો શિક્ષક નિરંતર ચિંતનશીલ રહી શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓનો વર્ગખંડમાં ઉપયોગ કરતો રહે તો તેનું શિક્ષણકાર્ય રસપ્રદ, જીવંત અને અત્યંત અસરકારક બની શકે.

**શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન**

બાળકમાં રસ-રુચિ, અભિયોગ્યતા, વૈયક્તિક તફાવતો, વયકક્ષાનુસાર શિક્ષણકાર્ય વગેરે બાબતો જાણી અધ્યાપનકાર્યનું આયોજન કરવાનું હોય છે. આથી શિક્ષક પાસે શૈક્ષણિક મનોવિજ્ઞાનના સિદ્ધાંતો અને જરુરી બાબતોનું જ્ઞાન હોવું જરુરી છે. શિક્ષકે બાળકના વૃદ્ધિ અને વિકાસ, શારીરિક ભિન્નતાઓ, પ્રતિભાશાળી અને ધીમી ગતિએ શીખનાર બાળકો વગેરે બાબતો પણ સમજવી પડે છે. આ ઉપરાંત કોઈ સમસ્યા ઊભી થાય તો તેનો મનોવૈજ્ઞાનિક ઈલાજ પણ કરવો પડે છે. આથી સફળ શિક્ષક પાસે શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન હોવું આવશ્યક છે.

**અસરકારક અભિવ્યક્તિ**

શિક્ષક પાસે અભિવ્યક્તિની આગવી તાકાત હોવી જોઈએ. તેનો અવાજ કર્ણપ્રિય, મધુર, સંવેદનશીલ અને સુસ્પષ્ટ હોવો જોઈએ. યોગ્ય સમયે, વિદ્યાર્થીઓની કક્ષાનુસાર યોગ્ય શબ્દો વાપરવાની કળા તેને સહજ હોવી જોઈએ. યોગ્ય આરોહ-અવરોહ અને યોગ્ય હાવભાવ સાથે તેની

અભિવ્યક્તિ અસરકારક તથા રસપ્રદ બની રહેવી જોઈએ. વિષયને અનુરુપ પુનરાવર્તનના દોષ સિવાય તેની વાણી અસ્ખલિત રીતે વિદ્યાર્થીઓ માટે સુગ્રાહ્ય અને સુશ્રાવ્ય બની રહેવી જોઈએ.

**શૈક્ષણિક સાધનોના ઉપયોગનું કૌશલ્ય**

માત્ર કથન-ચર્ચા-પ્રશ્નોતરી પદ્ધતિ આજના વર્ગખંડ શિક્ષણને જીવંત અને અસરકારક બનાવી શકતી નથી. આ માટે શિક્ષકે અદ્યતન દશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગનું કૌશલ્ય પણ પ્રાપ્ત કરવું જરુરી છે. આજે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના યુગમાં વર્ગખંડ શિક્ષણની વિવિધ સાધન-સામગ્રીનો ઉપયોગ કરવો ખૂબ જરુરી બન્યો છે. આ માટે શિક્ષકે આવી તમામ સાધન-સામગ્રીનો વર્ગખંડમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવું અનિવાર્ય છે.

**સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં રુચિ**

બાળકોના બૌદ્ધિક વિકાસની સાથે તેનો સર્વાંગી વિકાસ થઈ શકે એ હેતુથી શાળામાં વિવિધ પ્રકારની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. તેથી શિક્ષકે વ્યક્તિગત રસ લઈને આવી પ્રવૃત્તિઓમાં સક્રિય બનવું જરુરી છે. આજના સમયમાં માત્ર પુસ્તકીયું જ્ઞાન પૂરતું નથી પરંતુ બાળકને તમામ ક્ષેત્રે કૌશલ્યબદ્ધ કરવો જરુરી બને છે. ત્યારે શિક્ષકે આવી વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં રસ દાખવવો જોઈએ. આથી શિક્ષકે રસપૂર્વક સાહિત્ય, સંગીત, નાટ્ય, રમત-ગમત ઉપરાંત શારીરિક અને માનસિક વિકાસની પ્રવૃત્તિઓના આયોજનમાં પૂર્ણ રુચિ દાખવવી જોઈએ.

**સંશોધન અને સર્જનાત્મકતામાં પહેલ**

શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા માટે તેણે શૈક્ષણિક સંશોધનોમાં રસ લેવો જોઈએ. વર્ગખંડના શિક્ષણને લગતાં અગાઉ થયેલાં સંશોધનોથી પરિચિત રહેવું જોઈએ. આ ઉપરાંત વર્ગખંડ કે શાળાને મૂંઝવતી સમસ્યાને હલ કરવા માટે 'ક્રિયાત્મક સંશોધન' પણ હાથ ધરવું જોઈએ. જેથી જે-તે સમસ્યાનો વ્યાવહારિક ઉકેલ તરત મેળવી શકાય. આ ઉપરાંત શિક્ષકે પોતાના અધ્યાપનકાર્ય તેમજ વિવિધ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ દરમિયાન સર્જનાત્મક પ્રયત્નો પણ કરવા જોઈએ. નવી બાબતોને સાંકળીને અધ્યાપનકાર્ય કરવાની પહેલ પણ એક સારા શિક્ષકનો ઉત્તમ ગુણ છે. આથી શિક્ષકે પોતાની સર્જનાત્મક શક્તિને પણ ખીલવવાની છે.

**બાળકેન્દ્રી શિક્ષણમાં શ્રદ્ધા**

એક સારા શિક્ષકને બાળકેન્દ્રી શિક્ષણમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવા જોઈએ. કેમ કે શિક્ષણના કેન્દ્રસ્થાને બાળક જ છે. જે શિક્ષક બાળકોને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે અને બાળકોને સ્વ-અધ્યયન તરફ દોરી જાય છે તે સાચો શિક્ષક છે. તેણે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને માત્રને માત્ર ભણાવવા કરતાં તે જાતે ભણતા થાય તેવા પ્રયત્નો થકી બાલકેન્દ્રી શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શ્રદ્ધા**

શિક્ષકે માત્ર વર્ગખંડમાં અધ્યાપનકાર્ય જ કરવાનું નથી હોતું. તેણે વિદ્યાર્થીઓના વિકાસનું સતત મૂલ્યાંકન કરતાં રહેવાનું છે. પ્રત્યેક એકમના શિક્ષણકાર્યને અંતે વર્ગપરીક્ષણ-હેતુ સિદ્ધિ તેમજ નિરીક્ષણ-અવલોકનના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું છે. જેથી શિક્ષકને વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ અને પ્રગતિનો ખ્યાલ આવે છે. આ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા શિક્ષકને કઈ બાબતોમાં પુનઃશિક્ષણની હજુ જરુર છે તે જાણી શકે છે. આથી શિક્ષકને સતત અને સર્ગગ્રાહી મૂલ્યાંકનમાં પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ.

આમ, આદર્શ શિક્ષકના ઉપરોક્ત વૈયક્તિક અને વ્યાવસાયિક ગુણો ઉપરાંત તેનામાં વિદ્યાર્થીઓ પ્રત્યેનો યોગ્ય વ્યવહાર, શ્રેષ્ઠ કાર્યક્ષમતા, બાળકો પ્રત્યેના હકારાત્મક મનોવલણો, ઉચ્ચ બુદ્ધિક્ષમતા, તંદુરસ્ત શારીરિક સ્વાસ્થ્ય, ભાવાત્મક સંતુલન જેવા ગુણો પણ હોવા આવશ્યક છે.

**તમારી પ્રગતિ ચકાસો** :

1. શિક્ષકના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
2. શિક્ષકમાં હકારાત્મક દ્રષ્ટિકોણનો ગુણ હોવો કેમ આવશ્યક છે ?
3. એક આદર્શ શિક્ષકમાં કયા કયા વ્યાવસાયિક ગુણો હોવા જોઈએ ?
4. આદર્શ શિક્ષકના કોઈ એક વ્યાવસાયિક ગુણની વિશેષતાઓ જણાવો.

### 2.3.6 શિક્ષકનાં કાર્યકૌશલ્ય ક્ષેત્રો

કોઈપણ સારા શિક્ષકની સફળતાનો આધાર માત્ર તેના વ્યાવસાયિક જ્ઞાન, ક્ષમતાઓ કે પ્રતિબદ્ધતા પર નથી હોતો, પરંતુ તેનાં વાસ્તવિક કાર્યકૌશલ્યો પર પણ હોય છે. આ ઉપરાંત શિક્ષક તેનાં કાર્યકૌશલ્યોમાં Life Skills, Techno Skills, Hard Skills અને Soft Skills ને પણ પ્રાધાન્ય આપે તે જરુરી છે. ઉપરાંત ઉચ્ચસ્તરના વ્યાવસાયિક કાર્યકૌશલ્ય જેવા કે સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, તણાવ વ્યવસ્થાપન, સમય વ્યવસ્થાપન, આર્થિક વ્યવસ્થાપન અને પર્યાવરણીય વ્યવસ્થાપનની સંકલ્પના પણ સ્વીકારી પ્રત્યેક પ્રશિક્ષણાર્થીએ શિક્ષક તરીકે નીચેનાં પાંચ કાર્યકૌશલ્ય ક્ષેત્રમાં પારંગતતા પ્રાપ્ત કરવાની છે.

**(1) વર્ગ કાર્યકૌશલ્ય**

શિક્ષકને સોંપાયેલાં બાળકોનું શિક્ષણ તે શિક્ષકનું પ્રથમ અને મોખરાનું કાર્ય હોવાથી વર્ગ કક્ષાએ કાર્યકૌશલ્ય સૌથી મહત્વનું સ્થાન ધરાવે છે. આ કાર્યકૌશલ્ય સિદ્ધ કરવા સંદર્ભે શિક્ષણ વ્યવહાર, મૂલ્યાંકન અને વ્યવસ્થાપનની વ્યૂહરચનાઓ માટે આવશ્યક એવાં કૌશલ્યો, ક્ષમતાઓ,

વલણો અને અભિગમોની પ્રાયોગિક પ્રાપ્તિની અપેક્ષા રાખવામાં આવેલ છે. તેથી પૂર્વ સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમના એક ભાગ તરીકે આ અને આવી વર્ગકક્ષાની સક્ષમ અને અસરકારક કામગીરી બજાવવા સજ્જતા કેળવવાની છે.

**(2) શાળા કક્ષાએ કાર્યકૌશલ્ય**

વર્ગખંડ કાર્યકૌશલ્યો ઉપરાંત જે શાળામાં કામ કરે છે તે શાળા પ્રત્યે તેની ભૂમિકા તેમજ જવાબદારીઓ શિક્ષકે અદા કરવી પડે. સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી, પ્રદર્શનો, સ્પર્ધાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાંથી ઉદભવતા આંતરવ્યવહારોનું સંચાલન એ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનો એક મહત્વનો ભાગ છે. આવાં કાર્યકૌશલ્યોમાં સમ્રગ શાળા-પરિવારનો સહયોગ અને રુચિ પેદા કરવા માટે સુસજ્જ શિક્ષક સમગ્ર શાળા-પરિવારને ગતિશીલ કરી શકે છે. તેથી માત્ર અસરકારક શિક્ષણ માટે શાળાનું વાતાવરણ સુદૃઢ બને એટલું જ પર્યાપ્ત નથી, પરંતુ સમગ્ર શાળા-પરિવારના સર્વાંગી વિકાસ માટે શાળાની એક ઉદ્ઘાત પ્રતિભા ઉપસે એ પણ જરુરી છે.

**(3) શાળા બહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનનું કાર્યકૌશલ્ય**

વિવિધ અભ્યાસકીય અને જીવનલક્ષી પ્રવૃત્તિઓ, ક્ષેત્ર મુલાકાતો, સમાજ સાથેના વ્યવહારો, સમાજસ્રોતોનો ઉપયોગ તેમજ અન્ય શક્ય સ્રોતોની ઓળખ થવી તે શાળા બહારની દુનિયા સાથે શાળાનો ઘનિષ્ઠ સંબંધ વિકસાવવા માટેના કેટલાંક પાસાં છે. આ અંગેની જાણકારી હોવી જરુરી છે. એટલું જ નહીં, પરંતુ આ ક્ષેત્રોમાં તેમના કાર્યકૌશલ્યની ભૂમિકા સમજવા માટે આવી પ્રવૃત્તિઓનાં આયોજન, વ્યવસ્થાપન અને સંચાલનમાં સહભાગી થવું પડશે.

**(4) માતા-પિતા / વાલીઓ સાથે સંબંધો સ્થાપવાનું કાર્યકૌશલ્ય**

વિદ્યાર્થીઓના અભ્યાસની પ્રગતિની ચર્ચા, વિદ્યાર્થીની કચાશ દૂર કરવામાં વાલીનો સહયોગ અને વિદ્યાર્થીની અનિયમિત હાજરીની સમસ્યા જેવી બાબતો શિક્ષક-વાલીના વ્યવહાર સાથે પ્રત્યક્ષ રીતે સંબંધિત છે. સતત દસ દિવસ સુધી ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓના વાલીઓના તાત્કાલિક સંપર્ક સાધવાથી શાળામાંથી ઉઠી જનાર બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યાનાં દૃષ્ટાંતો છે. આવી નાની નાની બાબતો પર પણ જો ધ્યાન રાખવામાં આવે તો શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિમાં બહુ મોટો ફરક જોવા મળે. આ ક્ષેત્રે શિક્ષકોએ પોતાની ભૂમિકા નિભાવવા માટે તૈયાર રહેવું પડે. આ સંદર્ભમાં પ્રશિક્ષણાર્થીઓએ વિદ્યાર્થીઓના માતા-પિતા/વાલી સાથેના ઉમદા વ્યવહાર માટેનું કાર્યકૌશલ્ય કેળવવું પડશે.

**(5) સ્થાનિક સમાજ સાથેના વ્યવહારનું કાર્યકૌશલ્ય**

શાળા શિક્ષણ ઉપરાંત પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણમાં શાળા વ્યવસ્થાપન સમિતિ આગામી વર્ષોમાં મહત્વની ભૂમિકા ભજવશે. શાળાના વિકાસ અને તેના સ્રોતો તેમજ પ્રવૃત્તિઓની વૃદ્ધિ માટે સંસ્થા સાથેનો પારસ્પરિક વ્યવહાર આવશ્યક બનશે. આથી શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમમાં

આ બાબતને યોગ્ય સ્થાન અને મહત્વ આપવું જોઈએ. આમ, પ્રશિક્ષણાર્થીઓએ સમાજ સાથેના વ્યવહાર માટેનું કાર્યકૌશલ્ય કેળવવું પડશે.

આ કાર્યકૌશલ્ય ક્ષેત્રોનો પારસ્પરિક વ્યવહાર, પ્રશિક્ષણના સિદ્ધાંતોમાં આવરી લીધેલું જ્ઞાનાત્મક પાસું નક્કી કરે છે. શિક્ષણના સિદ્ધાંતો અને કાર્યકૌશલ્ય વચ્ચેના ગાઢ સંબંધો નીતિમાં આયોજિત થયેલ બાબતોની સિદ્ધિની માત્રા ઊંચી લઈ જાય છે.

### 2.3.7 શિક્ષકના પ્રતિબદ્ધતાના ક્ષેત્રો

એકવીસમી સદીના શિક્ષણ માટેના મુખ્ય ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ એ સામાજિક સંબંધ છે. આજની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વાસ્તવિકતાઓને કારણે ઉદભવતા કેટલાક તણાવો, ખેંચ તથા નિવારી શકાય તેવી અસમાનતાના સંદર્ભમાં આ ઉદ્દેશની ભૂમિકા સહેલાઈથી સમજી શકાય તેમ છે. સક્ષમ શિક્ષકો પોતાની વ્યાવસાયિક નિપુણતા અને સુસંગત ક્ષમતાઓનો યોગ્ય ઉપયોગ કરીને મહદ્અંશે મોટાભાગની સમસ્યાઓ નિશ્ચિતપણે હલ કરી શકે. જો કે તેઓ શાળામાં વાલીઓ સાથે અને સમાજના અન્ય સભ્યો સાથે કેવી રીતે પોતાની આદર્શ ભૂમિકા ભજવે છે તે પર બધી બાબતોનો આધાર છે.

આમ કરવા માટે કેટલીક માનવીય લાક્ષણિકતાઓ તેણે પ્રાપ્ત કરવી પડશે અને તેનો વિવિધ વ્યવહારોમાં વાસ્તવિક રીતે ઉપયોગ કરવો પડશે. પોતાનાં બધાં કાર્યો અને પ્રવૃત્તિઓમાં જે હંમેશાં વફાદાર છે, પોતાના મિત્રવર્તુળ અને વાલીઓની જ ટીકા પ્રત્યે નહીં પણ નાનાંઓની ટીકા પ્રત્યે પણ જે સહિષ્ણુ છે અને પ્રત્યેક વિદ્યાર્થીને જે શુદ્ધ ભાવથી ચાહે છે તે જ સાચો શિક્ષક બની શકે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ સાથે લાગણીપૂર્વક અને ખંતથી કામ લેવાનું છે તેવા વિદ્યાર્થીઓની આવેગાત્મક જરુરિયાતો પ્રત્યે શિક્ષકોએ ખરી રીતે સંવેદનશીલ રહેવું જોઈએ. શિક્ષકો તેમની સહિષ્ણુતા, નમ્રતા અને વિનયપૂર્વકના વ્યવહારને લીધે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજને વહાલા લાગે છે તથા શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં તેમની શ્રદ્ધા ઉદાત્ત થાય છે. શિક્ષકો પાસે શિક્ષક તરીકે સુવ્યાખ્યાયિત દર્શન હોવું જોઈએ કે જે તેમને વધુ સારું કાર્ય કરવા પ્રેરે એટલું જ નહીં, પરંતુ પોતાની શિક્ષક તરીકેની આદર્શ ભૂમિકા ભજવવામાં પણ મદદરુપ બને.

શિક્ષકોની વ્યાવસાયિક ક્ષમતાઓ સાથે જ્યારે આ લાક્ષણિક્તાઓ વણી લેવાય ત્યારે તેમની વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સ્વાર્પણની ઉત્તમ કક્ષાએ ખાતરી થશે, જે બધા જ વિદ્યાર્થીઓ માટે સમાન તક અને સફળતા પૂરી પાડશે. ભારતના ભાવિ નાગરિકો તૈયાર કરવામાં અને શિક્ષકની કાર્યભૂમિકાને નવો ઓપ આપવામાં પ્રતિબદ્ધતા ક્ષેત્રો ખરેખર અગત્યનો ભાગ ભજવશે. આથી પ્રશિક્ષણાર્થીઓએ નીચે દર્શાવેલ પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો આત્મસાત્ કરવાનું અપેક્ષિત છે.

#### (1) વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રતિબદ્ધતા

વિદ્યાર્થીને અધ્યયન કરતો અને વિકસતો કરવાની પોતાની શક્તિની કસોટી પર શિક્ષકની સફળતાનો આધાર છે. અધ્યયન એ એક એવું વલણ છે કે જે શાળા કક્ષાએ પાંગરવા માંડે છે અને

આજીવન વિકસતું રહે છે. વિદ્યાર્થી બનવું એ આનંદદાયક અને ફળદાયક અનુભવ છે એવું જ્યારે વિદ્યાર્થી અનુભવે ત્યારે જ શક્ય બને. તે માત્ર શીખનારને જ આનંદ આપે છે તેવું નથી, પણ શીખનારની કાળજી રાખનાર તેમજ તેને ચાહનાર શિક્ષકને પણ આનંદ આપે છે. શિક્ષકના સલામત હાથમાં રહેવું તે શીખનાર માટે આહલાદક અનુભવ છે. બાળકો માટેનો સાચો પ્રેમ અને વાત્સલ્ય, તેમની બાલસહજ તોફાન-મસ્તી પ્રત્યે તેના શૈક્ષણિક અર્થઘટનના સંદર્ભમાં સહિષ્ણુતા, તેમની પ્રગતિ અને વિકાસ પ્રત્યેની નિષ્ઠા, બાળકોના ગુણવત્તાપૂર્ણ જીવનવિકાસ માટેની કાળજી અને તેમના માનવીય સશક્તિકરણ અંગેની નિસ્બતને વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા કહી શકાય. આવી પ્રતિબદ્ધતા પ્રત્યેક શિક્ષકના કાર્યની અસરકારકતા જરુર વધારશે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન શીખવતી વખતે બાળકો પ્રત્યેના સાચા પ્રેમ અને સહિષ્ણુતાને અનુબંધિત કરવા જોઈએ. શિક્ષકે પોતાના વર્તનનું વિશ્લેષણ કરવું જોઈએ અને આવેગાત્મક વ્યક્તિગત અનુભવોને નોંધવા જોઈએ કે જેથી તે અંગેના પ્રત્યાઘાતો સમજી શકાય તથા તે પરથી પોતાનું વર્તન સુધારી શકાય. પ્રતિબદ્ધતા ઘડતર માટે સ્વ-વિશ્લેષણ એ મહત્વની પ્રક્રિયા છે. બાળકોની વૃદ્ધિ અને વિકાસ પર શિક્ષકની અસહિષ્ણુતા તથા આક્રમકતાની જે અવળી અસર થાય છે તે પણ તેમણે જાણવી જોઈએ. પોતાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે શિક્ષકોએ પ્રયાસો કરવા જોઈએ. અધ્યયનને અસરકારક બનાવવા શિક્ષકો માટે આ પ્રતિબદ્ધતા અત્યંત જરુરી છે. તેથી પ્રશિક્ષણાર્થીમાં શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન તે આરોપીત કરવી જોઈએ.

**(2) સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતા**

શિક્ષકોએ એ પણ યાદ રાખવું ઘટે કે તેઓ વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે સ્થાનિક સમાજ માટે જવાબદાર છે. તેઓએ તેની વફાદારીપૂર્વક સેવા કરવી જોઈએ. આ સેવા વિવિધ પ્રકારની હોઈ શકે. દા.ત., ભૂતકાળમાં શિક્ષણનો હક જેમને પ્રાપ્ત થયો નથી તેવા સમાજના વર્ગો પ્રત્યે ખાસ ધ્યાન અને નિષ્ઠા જરુરી છે, તેવી જ રીતે સમાજના નબળા અને વંચિત વર્ગના વાલીઓનાં બાળકો પણ વિશિષ્ટ કાળજી અને સ્નેહ ઝંખે છે એટલે તેમને શિક્ષિતોની હરોળમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા એ માત્ર એમને માટે જ લાભદાયી છે એવું નથી, પરંતુ સમાજ માટે પણ સમગ્રતયા લાભદાયી છે. તેમનાં ઉત્કૃષ્ટ જ્ઞાન, કૌશલ્યો અને વલણો સમગ્ર સમાજના જીવનની ગુણવત્તા સુધારવા માટે વધુ ફળદાયી બનશે. સમાજના પ્રૌઢોને પ્રૌઢશિક્ષણ વર્ગોમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરી શકાય અને શાળામાં ભરતી થઈ શકે તેવી ઉંમરના બધાં જ બાળકોને પ્રાથમિક શાળામાં અથવા અવૈધિક શિક્ષણના વર્ગોમાં દાખલ કરી શકાય. આ વ્યવસ્થા તેમને શિક્ષિત કરવામાં મદદરુપ થશે અને તે દ્વારા સમાજની તેમજ તેમના જીવનની ગુણવત્તા સુધારવામાં તે તેમનો ફાળો આપી શકશે.

શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા એટલે.....

- ગરીબ તથા નિરક્ષર માતા-પિતાના બાળકો માટે સમાનતાની ભાવના વિકસાવવી.
- બાળકોના સમૃદ્ધિકરણ માટે માતા-પિતાને માર્ગદર્શન આપવું.
- શાળાના વિકાસ માટે સમાજને કાર્યાન્વિત કરવા સ્વેચ્છાએ પહેલ કરવી.
- નામાંકન ઝુંબેશમાં સ્વેચ્છાએ સક્રિય ભાગીદારી નોંધાવવી.

સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ શિક્ષક સમાજના સભ્યો સાથે ઝડપથી તાદાત્મય સાધશે. એકવાર આટલું સિદ્ધ થાય તો ભૌતિક સગવડોની દૃષ્ટિએ શાળા માટે સ્રોતો ઊભા કરવા, બાળકોના અધ્યયનને પ્રોત્સાહિત કરવા, માર્ગદર્શન આપવા અને મહત્તમ સ્તરે પહોંચાડવા માટે સમાજને કાર્યાન્વિત કરવામાં કોઈ સમસ્યા રહેશે નહીં. જે સમાજની સેવા શિક્ષક કરે છે તે સમાજના તેઓ સાચા મિત્રો, તત્વજ્ઞાનીઓ અને માર્ગદર્શકો છે એવી પ્રતીતિ કરાવશે તો તેમને માન મળશે. સમગ્ર સમાજ માટે શિક્ષકનું વર્તન હકારાત્મક અને સાનુકૂળ હશે તો સમાજ તેની કદર કરશે. સ્થાનિક સમાજ પ્રત્યે શિક્ષકોની પ્રતિબદ્ધતા ધીમે ધીમે સમગ્ર સમાજ પ્રત્યે વિસ્તરવી જોઈએ. જ્યારે શિક્ષકો દેશના ઘડવૈયાઓ ગણાય છે ત્યારે સમાજના સર્વાંગી વિકાસ માટે સર્જનાત્મક અને અર્થપૂર્ણ રીતે પોતાનો ફાળો આપી શકે તે હેતુથી પ્રશિક્ષણાર્થીઓમાં આ પ્રતિબદ્ધતા વિકસાવવાનું અત્યંત મહત્વનું છે.

ટૂંકમાં, પ્રશિક્ષણાર્થીઓએ સ્થાનિક સમાજને સમજવા શાળા અને સમાજ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ સહભાગી બનવું પડશે. વિદ્યાર્થી, કુટુંબ, સ્થાનિક સમાજ અને વિશાળ સમાજની પ્રગતિ માટે, સમૃદ્ધ માનવીય સ્રોત વિકસાવવા માટે પ્રશિક્ષણાર્થીએ તેનાં રોજબરોજનાં કાર્યોનાં મૂલ્યો આત્મસાત્ કરવાં પડશે.

**(3) વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતા**

આ પ્રતિબદ્ધતા ક્ષેત્રમાં બે બાબતોનો સમાવેશ થાય છે :

(1) શિક્ષકના વ્યવસાયમાં હોવા અંગેનું ગૌરવ

(2) વ્યાવસાયિક વિકાસ માટેની તીવ્ર ઈચ્છા

આંતરિક અદમ્ય પ્રેરણા કે વ્યવસાય માટેના પ્રેમને લીધે નહીં, પરંતુ પરિસ્થિતિની વિવશતાને કારણે ઘણા લોકો આ વ્યવસાયમાં જોડાય છે. ખરું જોતાં તેઓ આ વ્યવસાયમાં જોડાય જ છે, ત્યારે સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે જ્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં છે ત્યાં સુધી આ વ્યવસાયનું ગૌરવ અનુભવવું જોઈએ.

તેમણે એ પણ જાણી લેવું જોઈએ કે આ ખૂબ મોટી જવાબદારીયુક્ત ઉમદા વ્યવસાય છે. કારણ કે સમાજ પોતાનાં બાળકોને તેમના શિક્ષણ, વિકાસ અને યોગ્ય સામાજિકરણ માટે તેમના હાથમાં સોંપે છે. અધ્યયન પ્રક્રિયામાં મૂળતત્વો સમજવાં એ શિક્ષક પાસે રાખવામાં આવતી ઘણી અપેક્ષાઓ પૈકીની એક છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું સશક્તિકરણ થાય છે. આ પ્રક્રિયામાં શિક્ષકોની સંપૂર્ણ સામેલગીરી હોવી જરૂરી છે.

શાળા સમય દરમિયાન અને તે પછી પણ નિષ્ઠાવાન શિક્ષકનું મન વિદ્યાર્થીઓના વ્યક્તિગત અને સામૂહિક વિકાસ તથા તેમનાં કાર્યકૌશલ્યોની સુધારણા અંગે જ રોકાયેલું રહે છે. તેમને સોંપવામાં આવેલા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જ તેઓ વિચારે તેવું નથી પણ પોતાના વ્યાવસાયિક વિકાસ અંગે પણ નિષ્ઠાવાન શિક્ષકો ખૂબ જહેમત ઉઠાવે છે. તેઓ વ્યવસાયની ઉદાત્તતાને અનુરુપ વ્યાવસાયિક નીતિ અપનાવે છે, જે સૂચવે છે કે :

1. એકવાર શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમનો સ્વીકાર કર્યા પછી પ્રશિક્ષણાર્થીએ તે કાર્યક્રમની સાથે સંપૂર્ણપણે તાદાત્મય સાધવું જોઈએ અને શિક્ષક થવાનું ગૌરવ લેવું જોઈએ.
2. પ્રશિક્ષણાર્થીઓએ આ વ્યવસાયની ઉદાત્તતા પરત્વે પ્રતિબદ્ધતા વિકસાવવી જોઈએ કે જે વ્યવસાય ભારતમાં એક જમાનામાં પરાકાષ્ઠાએ હતો તથા જેને લીધે આજે પણ ઘણા શિક્ષકોએ પોતાના કાર્યકૌશલ્યો અને વર્તનના આધારે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.
3. જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે પ્રશિક્ષણાર્થીઓએ સાથી શિક્ષકો તેમજ અન્ય કેળવણીકારો સાથે સામૂહિક કાર્યમાં તેમના પ્રત્યે યોગ્ય માન સાથે સહપંથીપણું દાખવવું જોઈએ.

આમ, વ્યવસાય પ્રતિબદ્ધતા શિક્ષક-પ્રશિક્ષણનો અંતર્ગત ભાગ છે, કારણ કે આવી પ્રતિબદ્ધતા કેળવ્યા વિના શિક્ષક વ્યવસાયની ઉદાત્તતા અથવા તેમની સાચી કાર્યભૂમિકા સમજી નહીં શકે.

**(4) ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતા**

વ્યવસાયનિષ્ઠ શિક્ષકની અગ્રિમ ચાહના તો પોતાના તેમજ પોતાના વિદ્યાર્થીઓના જ્ઞાન અને ઉત્કૃષ્ટતા માટેની પ્રાપ્તિ છે. તેમનાં વાણી અને વર્તન તેમજ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનસંચારના કાર્યકૌશલ્ય દ્વારા ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે તેઓ હંમેશા તત્પર હોય છે. વધુ ને વધુ સારા શિક્ષક થવા માટેના સતત પ્રયત્નો દ્વારા સમગ્ર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાના પુરુષાર્થ દ્વારા આ પ્રથમ કક્ષાની ચાહનાનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરવા જોઈએ.

**(5) જીવનના મૂળભૂત મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા**

સાંપ્રત સમયમાં મૂલ્યોના હ્રાસના સંદર્ભમાં શિક્ષકની મૂલ્યનિષ્ઠા તાકીદની અને મહત્વની છે. મૂલ્યપ્રણાલી હંમેશા રડારની જેમ કાર્ય કરે છે, અને તે વ્યક્તિએ વ્યક્તિએ તેમજ સમાજે સમાજે ભિન્ન હોવા છતાં માનવીને અનુસરવા માટેનો માર્ગ દર્શાવે છે. બંધારણમાં દર્શાવેલ મૂલ્યો ઉપરાંત કેટલાંક જીવનમૂલ્યો છે, જે શિક્ષકના વર્તનમાં તેમજ તેના મન, કર્મ અને વાણીમાં પ્રતિબિંબિત થવાં જરુરી છે. એમાં પ્રામાણિકતા, સહકાર, સ્નેહ, સત્ય, અનાત્મલક્ષીપણું, નિયમિતતા, ચોક્સાઈ વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષક એક આદર્શ ભૂમિકામાં આ મૂલ્યોને આચરણમાં મૂકે તો વિદ્યાર્થીઓના ગ્રહણશીલ મન પર ધારી અસર ઉપજાવી શકે, જેથી વિદ્યાર્થીઓ જાણ્યે અજાણ્યે ધીમે ધીમે પોતાના વ્યક્તિત્વના અંતર્ગત ભાગ તરીકે આ મૂલ્યોને અપનાવે છે. આથી શિક્ષક-પ્રશિક્ષણ પ્રણાલીએ આવાં

મૂલ્યો પરત્વે સજાગ રહેવું જોઈએ. શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમમાં દર્શાવેલી મૂલ્ય ઘડતરની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા, શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમના ભાગરુપે આવાં મૂલ્યો પ્રશિક્ષણાર્થીઓમાં કેળવવાં જોઈએ.

ઉપરોક્ત પાંચ પ્રતિબદ્ધતાનાં ક્ષેત્રો અને તે હેઠળની પ્રતિબદ્ધતાઓ પ્રશિક્ષણાર્થી આત્મસાત્ કરી શકે તેવું વાતાવરણ દરેક અધ્યાપન મંદિરમાં નિર્માણ કરવા માટેનો સંનિષ્ઠ પુરુષાર્થ કરવાનો રહેશે.

## *2.4* સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે મુખ્ય શિક્ષકની વિવિધ ભૂમિકા, અપેક્ષિત લક્ષણો તેમજ ફરજો–જવાબદારીઓ વગેરેની પ્રવર્તમાન સમયની શિક્ષણ પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને ચર્ચા કરી છે. જેમાં ખાસ કરીને બાળકનો શિક્ષણ મેળવવાનો અધિકાર (આર.ટી.ઈ.એક્ટ), 2009 આવ્યા બાદ મુખ્ય શિક્ષકની કામગીરી વધુ જવાબદાર બની રહેવા પામી છે. જ્યારે શિક્ષકનું કેળવણીમાં મહત્વ, ગાંધીજીની દૃષ્ટિએ શિક્ષકના ગુણો, આદર્શ શિક્ષકનાં વૈયક્તિક અને વ્યાવસાયિક ગુણો તેમજ શિક્ષકની પ્રતિબદ્ધતા અને કાર્યકૌશલ્ય ક્ષેત્રો જેવા અધ્યાપન મુદ્દાઓને આધારે સફળ શિક્ષક વિશે વિગતે ચર્ચા કરી છે.

આખરે મુખ્ય શિક્ષક તેમજ શિક્ષક આ બંને માનવીય તત્વો શિક્ષણની ગુણવત્તા સુધારવાના અને આવતી કાલના નાગરિકોના સુદઢ વ્યક્તિત્વ ઘડતરના સમાન ધ્યેયની સિદ્ધિમાં સતત પ્રયત્નશીલ રહે અને મહત્તમ યોગદાન આપે એ અપેક્ષિત છે. આમ, જો શિક્ષક ખરા અર્થમાં શિક્ષક બની રહેશે તો શિક્ષણના વ્યવસાય પ્રત્યે સૌની શ્રદ્ધા વધશે, તેમનામાંથી વિદ્યાર્થીઓ પ્રેરણા પામશે અને મુખ્ય શિક્ષક તથા શિક્ષક પોતાના આ વ્યવસાય તેમજ પોતાના માટે ગૌરવ અનુભવશે.

## *2.5* સમજ ચકાસતા પ્રશ્નો…

1. શાળામાં એક આદર્શ નેતા તરીકે મુખ્ય શિક્ષકે કેવા પ્રકારનું વર્તન આચરવું જરુરી છે?
2. શાળાના મુખ્ય શિક્ષક પાસે નેતૃત્વ શક્તિ અને વહીવટી કુશળતાના ગુણ હોવા શા માટે જરુરી છે?
3. પ્રતિબદ્ધતાઓના વિકાસ માટે શિક્ષક શાળામાં કેવા પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે?
4. મુખ્ય શિક્ષકની ફરજો જણાવો.
5. શિક્ષકના કાર્યકૌશલ્ય ક્ષેત્રો જણાવી કોઈ એક વિશે વિગતવાર ચર્ચા કરો.
6. શિક્ષક માટે પ્રતિબદ્ધતાના ક્યા પાંચ ક્ષેત્રો જરુરી છે? વિગતે ચર્ચા કરો.
7. 'આચાર્ય' શબ્દની વ્યુત્પત્તિ જણાવી તેની પ્રવર્તમાન સમયમાં સાર્થકતાની ચર્ચા કરો.

## *2.6* સંદર્ભ સૂચિ


1. લજ્જારામ તોમર (૧૯૯૯), ભારતીય શિક્ષણનાં મૂળતત્વો, સંસ્કાર ગુર્જરી, અમદાવાદ
2. ભરત જોશી અને ચંદ્રકાંત ભોગાયતા (૨૦૧૧), વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક, (બીજી આવૃત્તિ), પાશ્વ પ્રકાશન, અમદાવાદ.
3. ગાંધીજીનું શિક્ષણદર્શન, નવભારત પ્રેસ, અમદાવાદ – સં.મ.જો.પટેલ
4. ડૉ. મફતભાઈ પટેલ (૨૦૦૧), શિક્ષક : કર્મ અને ધર્મ, રન્નાદે પ્રકાશન, અમદાવાદ
5. ડૉ. મોહનભાઈ પંચાલ (૧૯૮૧), કેળવણીના કીમિયાગરો, વિદ્યાનગરી ગ્રંથનિર્માણ કેન્દ્ર, અમદાવાદ
6. Nick Packard & Phil Race (2003), 2000 Tips for Teachers, Viva Books Private Limited, New Delhi

# એકમ -3 : શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા

3.1 પ્રસ્તાવના

3.2 ઉદ્દેશો

3.3 શિક્ષણનું સમાજશાસ્ત્ર

3.3.1 શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પના

3.3.2 શિક્ષણના સમાજશાસ્ત્ર તથા શૈક્ષણિક સમાજશાસ્ત્ર વચ્ચેનો ભેદ

3.3.3 શિક્ષણના સમાજશાસ્ત્રનું સ્વરૂપ

3.3.4 શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

3.3.5 શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસનો શૈક્ષણિક ફલિતાર્થ

3.4 સામાજિક પરિવર્તન અને શિક્ષણ

3.4.1 સામાજિક પરિવર્તનનો અર્થ અને સંકલ્પના

3.4.2 સામાજિક પરિવર્તનને લાવનારાં અને અસર કરતાં પરિબળો

3.4.3 શિક્ષણ અને સામાજિક પરિવર્તન

3.5 સામાજિકીકરણ અને શિક્ષણની સંસ્થાઓનો શૈક્ષણિક ફલિતાર્થ

3.6 લોકશાહી અને શિક્ષણ

3.6.1 લોકશાહીની સંકલ્પના

3.6.2 લોકશાહીના પાયાના મૂલ્યો

3.6.3 લોકશાહીમાં શિક્ષણનું સ્વરૂપ

3.6.4 શૈક્ષણિક ફલિતાર્થ

3.7 આધુનિકીકરણ અને શહેરીકરણ

3.7.1 આધુનિકીકરણ

3.7.2 શહેરીકરણ

3.7.3 શૈક્ષણિક ફલિતાર્થ

3.8 સમજ ચકાસતા પ્રશ્નો

3.9 સદર્ભ સૂચિ

# એકમ- 3 : શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા

## *3.1* પ્રસ્તાવના

માનવ-વિકાસ અને રાષ્ટ્રની પ્રગતિનો મૂળ આધાર શિક્ષણ-વ્યવસ્થા છે. શિક્ષણ પર તત્વજ્ઞાન, માનસશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રની ગાઢ અસર જોવા મળતી હોય છે. શિક્ષણ જીવન માટે છે. જીવનને અનેક પાસાં છે અને જીવન અનેક બાબતો સાથે સંકળાયેલું છે. જ્ઞાનની જુદી જુદી શાખાઓ ચોક્કસ દષ્ટિકોણ વડે જીવનનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરે છે. શિક્ષણ જીવન માટે હોવાથી વિવિધ શાસ્ત્રોના જ્ઞાનના પાયા ઉપર શિક્ષણના સિદ્ધાંતો અને વ્યવહારોની ઈમારત ચણાય છે.

અભ્યાસની સગવડતા માટે વિવિધ શાસ્ત્રો જીવનના અલગ અલગ પાસાને ધ્યાનમાં ભલે લેતા હોય, પરંતુ વ્યવહારમાં જીવન એક અને અખંડ હોવાથી શિક્ષણ માટે વિવિધ વિદ્યાશાખાઓના જ્ઞાનનો સમન્વય જરુરી બને છે. તેથી શિક્ષણની ઘણી આધારશિલાઓ છે. વર્ગમાં કામ કરવા માટે શિક્ષકે તત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, જીવશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના પાયા ઉપર પોતાના શિક્ષણ વ્યવહારો ગોઠવવાના રહે છે.

શિક્ષણના વ્યવહારો, પ્રક્રિયાઓ, નીતિઓ તથા યોજનાઓને વધારે સારી રીતે સમજવા તથા અમલીકૃત કરવા માટે શિક્ષણની મુખ્ય ત્રણ આધારશિલાઓ આપણે સમજવી જોઈએ : તાત્વિક, સમાજશાસ્ત્રીય (સામાજિક) તથા જીવશાસ્ત્રીય. શિક્ષણની તાત્વિક આધારશિલાઓનો અભ્યાસ આપણે અગાઉના કોર્સમાં કર્યો. આ એકમમાં આપણે શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાનો પ્રાથમિક અભ્યાસ કરીશું.

શિક્ષણને ઉપયોગી એવું સમાજશાસ્ત્રનું જ્ઞાન એ શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા છે. આપણે શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા તરીકે શિક્ષણનું સમાજશાસ્ત્ર, સામાજિક પરિવર્તન, સામાજિકીકરણ અને શિક્ષણની સંસ્થાઓ, લોકશાહી અને શિક્ષણ, શહેરીકરણ તથા આધુનિકીકરણ જેવા મુદ્દાઓનો અભ્યાસ કરવાના છીએ.

## *3.2* ઉદ્દેશો

પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચે જણાવેલ મુદ્દાઓ સંદર્ભે સમર્થ બનશો :

- શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પના અને સ્વરૂપ સ્પષ્ટ કરી શકશો.
- સામાજિક પરિવર્તનનો અર્થ સમજાવી શકશો.
- સામાજિક પરિવર્તનને અસર કરતા પરિબળો જણાવી શકશો.
- અપેક્ષિત સામાજિક પરિવર્તનના પ્રેરક બળ તરીકે શિક્ષણને ઓળખાવી શકશો.
- શહેરીકરણ તથા આધુનિકીકરણનું સ્વરૂપ સમજાવી શકશો.

- સામાજિક પરિવર્તનના પરિપ્રેક્ષ્યમાં શહેરીકરણ તથા આધુનિકીકરણની અસરો વર્ણવી શકશો.
- લોકશાહી શાસનવ્યવસ્થાનું અર્થઘટન કરી શકશો.
- લોકશાહીના પાયાનાં મૂલ્યોનો અર્થ સમજાવી શકશો.
- લોકશાહી અને શિક્ષણનો સંબંધ સ્પષ્ટ કરી શકશો

## *3.3* શિક્ષણનું સમાજશાસ્ત્ર

માણસ સામાજિક પ્રાણી છે. માણસ એકલો રહેવાનું પસંદ કરતો નથી. જુદા જુદા કારણોસર માણસ નાના-મોટા સમૂહોમાં બીજા સાથે સંપર્કમાં આવી સંબંધ બાંધે છે. આવા ઘણા સંબંધોના પરિણામસ્વરૂપ સમાજ અને સમાજવ્યવસ્થા અસ્તિત્વમાં આવે છે. આવી સમાજવ્યવસ્થામાં રહેલા સામાજિક સંબંધોનો અભ્યાસ રસપ્રદ વિષય બને છે. આવો અભ્યાસ જયારે વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે, ત્યારે તે સમાજશાસ્ત્ર બને છે.

શિક્ષણનું સમાજશાસ્ત્ર પણ સામાન્ય સમાજશાસ્ત્રની એક શાખા છે. તેની સંકલ્પના અને સ્વરૂપ સમજવું ભાવિ શિક્ષક તરીકે આપણા માટે મહત્વનું છે. તો ચાલો, એ દિશામાં આગળ વધીએ.

### 3.3.1 શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પના

શૈક્ષણિક દષ્ટિએ મહત્વના સામાજિક સંબંધોનો તથા સમાજ અને શિક્ષણ વચ્ચેના સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ એટલે શિક્ષણનું સમાજશાસ્ત્ર. જર્યોર્જ પેઈન (George Payne) શિક્ષણના સમાજશાસ્ત્રનો જનક ગણાય છે. તેણે ઈ.સ. 1928માં શિક્ષણના સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે :

“શિક્ષણનું સમાજશાસ્ત્ર વ્યક્તિ જે સામાજિક પ્રથાઓ, સામાજિક સમૂહો અને સામાજિક પ્રક્રિયાઓ; એટલે કે સામાજિક સંબંધો મારફતે અનુભવો મેળવે છે અને અનુભવોને સંગઠિત કરે છે, તેમને વર્ણવતું અને તેમનું અર્થગઠન કરતું શાસ્ત્ર છે.”

બ્રાઉન (Brown F.J.) વધુ વ્યાપક વ્યાખ્યા આપે છે :

“શિક્ષણનું સમાજશાસ્ત્ર એ નથી ફક્ત શિક્ષણશાસ્ત્ર કે નથી ફક્ત સમાજશાત્ર. એ આ બંને શાસ્ત્રોએ જે જ્ઞાન સંપાદન કર્યું છે, તેનો સમન્વય કરે છે અને સમાજશાસ્ત્રના સિદ્ધાંતો સમગ્ર પ્રક્રિયાને લાગુ પાડીને એક નવું જ શાસ્ત્ર ઊભું કરે છે. તે ફક્ત શાળામાં જ નહીં, પરંતુ કુટુંબ, મિત્રવર્તુળ, જનસંપર્કનાં સાધનો વગેરે દ્વારા થતા સામાજિકીકરણમાં પણ રસ ધરાવે છે.”

આ વ્યાખ્યાઓ પરથી શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પનામાં નીચે મુજબનાં લક્ષણો તારવી શકીશું

- **શિક્ષણનું સમાજશાસ્ત્ર એક વૈજ્ઞાનિક અભ્યાસ છે.**
- **તે સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે.**

- **તે શિક્ષણના સંદર્ભમાં સામાજિક સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ છે.**
- **તે સામાજિક જ્ઞાનને શૈક્ષણિક પ્રક્રિયામાં લાભદાયી રીતે જોતરી શકાય એ માટેના જ્ઞાનને વધારનારી અને ઉપયોગમાં લેનારી વિદ્યાશાખા છે.**
- **તે બધા સામાજિક સંબંધોનો નહીં પણ શૈક્ષણિક દૃષ્ટિએ અગત્યના હોય એવા સામાજિક સંબંધોનો અભ્યાસ કરે છે.**
- **તે સામાજિક સંબંધોને શિક્ષણના દૃષ્ટિકોણથી અભ્યાસ કરે છે.**

**<u>ઉદાહરણ :</u>**

- માતા-પિતા અને બાળક વચ્ચેનો સંબંધ સામાજિક છે પણ શિક્ષણનું સમાજશાસ્ત્ર બાળકના શિક્ષણમાં મા-બાપ અને કુટુંબની ભૂમિકાનો અભ્યાસ કરે છે.
- શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી-વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક તથા વિદ્યાર્થી-સમાજ વચ્ચે પણ સંબંધ અસ્તિત્વમાં આવે છે, શિક્ષણનું સમાજશાસ્ત્ર તેનો અભ્યાસ કરે છે.
- વ્યક્તિ કુટુંબ, સમાજ, મિત્રવર્તુળ, શાળા કે જનસમુદાયની વચ્ચે હોય છે ત્યારે અનેક રીતે કેળવાય છે અને શૈક્ષણિક તથા સામાજિક સંબંધો અને અનુભવો પ્રાપ્ત કરે છે. શિક્ષણના સમાજશાસ્ત્રને શિક્ષણપ્રદ સામાજિક સંબંધોમાં રસ છે.

વ્યક્તિ(વિદ્યાર્થી)ના સંપૂર્ણ વ્યક્તિત્વના વિકાસ અને પ્રગટીકરણમાં તેના જીવનના બધાં પાસાંઓનો સમુચિત વિકાસ અપેક્ષિત છે. સામાજિક વિકાસ એ એક મહત્વનું પાસું છે. શિક્ષણ વ્યવસ્થા એ સંતુલિત સમાજવ્યવસ્થાને પોષક છે. શિક્ષણ સમાજમાં, સમાજ વડે અને સમાજ માટે હોય છે. બાળકોને સામાજિક વિકાસ અને સામાજિક હિત માટે શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણથી બાળકનું સામાજિકીકરણ થાય છે. શિક્ષણ બાળકને સમાજનો જવાબદાર સદસ્ય અને એક જવાબદાર નાગરિક બનવામાં મદદ કરે છે. આમ, સમગ્ર સમાજવ્યવસ્થા સાથેના શિક્ષણ વ્યવસ્થાના સંબંધ અને પરસ્પરની અસરનો અભ્યાસ શિક્ષણનું સમાજશાસ્ત્ર કરે છે.

ટૂંકમાં, શિક્ષણના સમાજશાસ્ત્રને વ્યક્તિ અને તેની આસપાસ રહેલા સામાજિક પર્યાવરણ સાથે ગાઢ સંબંધ છે. વ્યક્તિના પ્રતિભા-વિકાસમાં આવું પર્યાવરણ મહત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિ અને સમાજ વચ્ચે સતત ચાલતી આંતરક્રિયાઓ લાંબા ગાળે વ્યક્તિને ઘડે છે. શિક્ષણ આ બાબતની ઉપેક્ષા ન કરી શકે. શિક્ષણનું સમાજશાસ્ત્ર શિક્ષણની પ્રક્રિયાને વ્યક્તિના મહત્તમ વિકાસને ધ્યાનમાં રાખીને ગોઠવવાનો પ્રયાસ કરે છે.

એક આગવી વિદ્યાશાખા તરીકે પ્રમાણમાં આ નવી વિદ્યાશાખા છે અને વિકાસની અવસ્થામાં છે. આધુનિક પરિપ્રેક્ષ્યમાં ઝડપથી બદલાતા સામાજિક સમીકરણો અને સંબંધોની વચ્ચે શિક્ષણના ક્ષેત્રમાં આ વિદ્યાશાખાનું મહત્વ અવશ્ય વધશે.

### 3.3.2 શિક્ષણના સમાજશાસ્ત્ર તથા શૈક્ષણિક સમાજશાસ્ત્ર વચ્ચેનો ભેદ

માણસ એ સમાજનો સદસ્ય છે. કુટુંબ, સમુદાય તથા સમાજથી તે અસર પામે છે. માણસ સમાજમાં લોકો વચ્ચે આંતરક્રિયાનો ભાગ બને છે. માનવીય સામાજિક સંબંધોનો જૂથ તથા સંસ્થાઓના પરિપ્રેક્ષ્યમાં સમાજશાસ્ત્રનો વૈજ્ઞાનિક અભ્યાસ હાથ ધરવામાં આવે છે. જેને આપણે શિક્ષણના સમાજશાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ. આ સાથે સમાજશાસ્ત્રની મદદથી શિક્ષણ એક નવા દ્રષ્ટિકોણને પામે છે, તેને આપણે શિક્ષણમાં સમાજશાસ્ત્રનું સમાવેશન કહી શકીએ. જેની મદદથી શાળાઓ પોતાને સમાજની જરુરિયાતો સંતોષનાર સંસ્થા તરીકે વધારે સારી રીતે ગોઠવી શકે, તે પ્રક્રિયા શિક્ષણના સમાજશાસ્ત્રની છે.

શિક્ષણ એ સમાજમાં આપેક્ષિત પરિવર્તનો લાવનારું એક સાધન છે. તેથી શિક્ષણ અને સમાજશાસ્ત્રને ગાઢ સંબંધ બને છે. જ્યારે સમાજશાસ્ત્રના સિદ્ધાંતોનો શિક્ષણમાં શાળાકીય પ્રવૃત્તિઓ અને હેતુઓ માટે ઉપયોગ કે પ્રયોજન કરવામાં આવે, ત્યારે તે શૈક્ષણિક સમાજશાસ્ત્ર બને છે. જે સંકલ્પના શિક્ષણના સમાજશાસ્ત્રની અલાયદી વિદ્યાશાખાના આગમન બાદ પ્રસ્તુત રહી નથી.

પ્રો. વિલિયમ ટેલર કહે છે કે, શિક્ષણનું સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રીઓ માટેની પ્રવૃત્તિ, પ્રક્રિયા અને અભિમુખતા છે. જ્યારે શૈક્ષણિક સમાજશાસ્ત્ર એ શિક્ષણશાસ્ત્રીઓ માટેની મુખ્ય પદ્ધતિ કે પ્રવૃત્તિ છે. શૈક્ષણિક સમાજશાસ્ત્રને સમાજશાસ્ત્રની ઉપયોગિતા સાથે સંબંધ છે જ્યારે શિક્ષણના સમાજશાસ્ત્રને સમાજશાસ્ત્રની પરંપરાઓ અને તેના ક્ષેત્ર સાથે વિશેષ સંબંધ છે.

શાળા શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી - વિદ્યાર્થી, વિદ્યાર્થી - શિક્ષક વચ્ચે અસ્તિત્વમાં આવતા સામાજિક સંબંધોની શિક્ષકે બારીકાઈથી કાળજી લેવી જોઈએ.

સામાજિક સંબંધોમાંથી બાળકોને પ્રાપ્ત થતા શૈક્ષણિક અનુભવોને શિક્ષકે પોતાના શિક્ષણકાર્યમાં આધાર બનાવવો જોઈએ.

### 3.3.3 શિક્ષણના સમાજશાસ્ત્રનું સ્વરૂપ

એક વિજ્ઞાન તરીકે શિક્ષણનું સમાજશાસ્ત્ર સામાજિક સંબંધો દરમિયાન ચાલતી શૈક્ષણિક પ્રક્રિયાઓનું વર્ણન કરે છે. ઘર અને કુટુંબથી લઈને તમામ પ્રકારની સામાજિક સંસ્થાઓ બાળકના શિક્ષણમાં શું અને કેવી રીતે પ્રદાન કરે છે, તેને લગતી હકીકતો ભેગી કરી તેને વર્ણવે છે. શિક્ષણ સમાજમાં કેવી રીતે પરિવર્તન લાવે છે અને સમાજ શિક્ષણને કેવી રીતે નિયંત્રિત કરે છે તેનું પણ તે વર્ણન કરે છે. આ રીતે વિજ્ઞાન તરીકે શિક્ષણનું સમાજશાસ્ત્ર વસ્તુલક્ષી અને વર્ણનાત્મક સ્વરૂપ ધારણ કરે છે. કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ કે ભેદભાવ વિના સમાજમાં ઘટતી શૈક્ષણિક ઘટનાઓનું અવલોકન કરીને શિક્ષણનું સમાજશાસ્ત્ર તેને વર્ણવે છે.

શિક્ષણનું સમાજશાસ્ત્રનું સ્વરૂપ ધોરણાત્મક (Normative કે Prescriptive) પણ છે. શિક્ષણ અને સમાજ વચ્ચે શો સંબંધ છે, એટલું જ નહીં પણ આ બન્ને વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ તે વિશે પણ

શિક્ષણના સમાજશાસ્ત્રએ ધોરણો ઊભા કરવા જોઈએ એવો મત સમાજશાસ્ત્રીઓ અને કેળવણીકારો વ્યક્ત કરે છે. જો આ બાબત સ્વીકારવામાં આવે તો શિક્ષણના સમાજશાસ્ત્રનું સ્વરૂપ વર્ણનાત્મક અને ધોરણાત્મક વિજ્ઞાનનું છે.

### 3.3.4 શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં જે-જે બાબતોનો સમાવેશ થાય છે, તેમને મુખ્યત્વે બે વિષયોમાં વહેંચી શકાય છે :

1. સમાજવ્યવસ્થા અને શિક્ષણ વ્યવસ્થાના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ અને
2. શિક્ષણ વ્યવસ્થાનો એક સામાજિક વ્યવસ્થા તરીકે અભ્યાસ.

સમાજના શિક્ષણ સાથેના સંબંધના અભ્યાસમાં સામાજિક ધ્યેયોની પૂર્તિમાં શિક્ષણનો ફાળો, સમાજના સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન અને તેનું નવી પેઢીમાં સંક્રમણ, સમાજ અને શિક્ષણની એકબીજા ઉપરની અસરો તથા કુટુંબ, રાજય, અર્થવ્યવસ્થા અને સ્થાનિક સમુદાય સાથેના શિક્ષણના સંબંધોના અભ્યાસનો સમાવેશ થાય છે.

વિવિધ સામાજિક સંસ્થાઓનો શિક્ષણમાં ફાળો અને સામાજિક પરિવર્તન એ બે વિષયો શિક્ષણના સમાજશાસ્ત્રના સૌથી પ્રચલિત અભ્યાસક્ષેત્રો રહ્યા છે. સમગ્ર રીતે જોતાં શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઘણું વ્યાપક છે.

એક નવવિચાર....

દરેક વિદ્યાશાખામાં હંમેશા નવું જ્ઞાન ઉમેરાતું રહેતું હોય છે. સાંપ્રત સમયમાં ટેકનોલૉજી અને આધુનિકીકરણના પરિણામ સ્વરૂપ માહિતી-પ્રત્યાયન પ્રણાલીમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યા છે. ઈન્ટરનેટના પ્રચલનથી સામાજિક સંબંધોમાં પણ નવા પરિમાણો ઉમેરાયા છે. સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સ અને સોશ્યલ મીડિયાએ નવી પેઢી અને ખાસ કરીને યુવાનોને એકબીજા સાથે જોડવામાં વિશેષ ભૂમિકા ભજવી છે. આ પરોક્ષ સંપર્ક માધ્યમોથી સર્જાયેલા સંબંધોમાં શૈક્ષણિક આદાન-પ્રદાન અને તેની અસરકારક્તા એ હાલમાં સંશોધનોનો વિષય છે. વળી, સોશ્યલ નેટવર્કિંગથી બનેલા સામાજિક સંબંધોની નિષ્પત્તિ હાલના સમયમાં હકારાત્મક તથા નકારાત્મક રહેવા બાબતે પણ ચર્ચા અને પ્રશ્નો ઊઠતા રહે છે. પણ એક વાત વાસ્તવિક છે કે આવા ઘણા આધુનિક માધ્યમો અને ઈન્ટરનેટની મદદથી સંબંધોના જૂથમાં શૈક્ષણિક પ્રક્રિયાઓ જોવા મળે છે.

આપણને એવો પ્રશ્ન ચોક્કસ થશે કે આ ક્ષેત્ર શિક્ષણના સમાજશાસ્ત્રના વ્યાપમાં આવશે કે કેમ? જો સંકલ્પનાના સંદર્ભમાં વિચારીશું તો સામાજિક સંબંધોનું આ નવું ક્ષેત્ર ચોક્કસપણે શિક્ષણના સમાજશાસ્ત્રના વ્યાપક સ્વરૂપમાં સમાઈ જાય. પણ હજુ આ દિશામાં આપણને વિશેષ સંદર્ભ સાહિત્ય પ્રાપ્ત થતું નથી. હા, એક કામ આપણે આપણી કક્ષાએ ચોક્કસપણે કરી શકીશું અને તે છે આ પ્રકારના સંબંધોમાં થતી શૈક્ષણિક પ્રક્રિયાઓનો સ્થાનિક કક્ષાએ પ્રાયોગિક કાર્ય દ્વારા પરિચય મેળવવો.

### 3.3.5 શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસનો શૈક્ષણિક ફલિતાર્થ

એક શિક્ષક તરીકે આપણે શિક્ષણના સમાજશાસ્ત્રને પાયાથી સમજવું રહ્યું.

- શિક્ષકે શાળામાં શિક્ષણકાર્ય દરમિયાન બાળકની સામાજિક પૃષ્ઠભૂમિને અવશ્ય ધ્યાનમાં રાખવી જોઈએ.
- કયું ભાવાવરણ બાળકને અસરકારક અધ્યયન માટે પ્રેરક બની શકે તેનો આધાર બાળકની સામાજિક પૃષ્ઠભૂમિ પર રહેલો છે. આ બાબત શિક્ષકે ધ્યાનમાં રાખવી જોઈએ.
- બાળકના શિક્ષણમાં મા-બાપ અને કુટુંબની ભૂમિકાનો અભ્યાસ કરી એસ.એમ.સી. મીટિંગ તથા અન્ય પ્રસંગોએ વાલીઓ સાથે તે અંગે ચર્ચા કરવી જોઈએ.
- શાળા કક્ષાએ શિક્ષકે વિદ્યાર્થી-વિદ્યાર્થી અને વિદ્યાર્થી-જૂથ વચ્ચે થતા વ્યવહારોને સમજીને વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
- સમયાંતરે શિક્ષકે વર્ગખંડોમાં સામાજિકતામિતિનો ઉપયોગ કરી વિખૂટા અને અટૂલા વિદ્યાર્થીઓની પૃષ્ઠભૂમિનો અભ્યાસ કરવાના પ્રયત્ન કરવા જોઈએ.
- શિક્ષકે બાળકના સામાજિક વિકાસમાં પ્રવર્તમાન શિક્ષણવ્યવસ્થા કેવી રીતે મદદરુપ બની શકે તે નિર્ધારિત કરવું જોઈએ.

**પ્રોજેક્ટ કાર્ય.....**

આપણે સૌ પ્રશિક્ષણાર્થીઓ 5-5ના જૂથમાં આપણી આજુબાજુના સમાજમાં, આપણી ઉંમરના 5-5 યુવાનો/યુવતીઓને તેઓ સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સ અને સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે કે કેમ અને તેમણે એ માધ્યમથી ક્યારેય શૈક્ષણિક આદાન-પ્રદાન કર્યું છે કે કેમ તેનું અનૌપચારિક સર્વેક્ષણ કરી ટૂંકમાં એક અહેવાલ તૈયાર કરીશું.

અંતે આ પ્રોજેક્ટ સંદર્ભે આપના જૂથની આ પ્રકારના સામાજિક સંબંધોની શૈક્ષણિક ફલશ્રુતિ અંગે સંકલિત કૉમેન્ટ ઉમેરીશું.

**પ્રાધ્યાપકો માટે.....**

પ્રસ્તુત પ્રોજેક્ટમાં પ્રશિક્ષણાર્થીઓ નમૂનાના પાત્રોને કેવા અને કયા પ્રશ્નો પૂછશે? તેમજ સંક્ષિપ્ત અહેવાલનું સ્વરૂપ શું હશે? તે અંગે તેમને માર્ગદર્શિત કરીશું.

### 3.3.6 તમારી પ્રગતિ ચકાસો

1. એક પ્રશિક્ષણાર્થી તરીકે આપણે શિક્ષણના સમાજશાસ્ત્રનો અભ્યાસ શા માટે કરવો જોઈએ? તમારો તર્ક જણાવો.
2. શિક્ષણના સમાજશાસ્ત્રની એક વ્યાખ્યા આપી તેની સંકલ્પના તમારા શબ્દોમાં રજૂ કરો.
3. શિક્ષણના સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મુખ્ય કયા બે વિષયોનો સમાવેશ થાય છે?
4. સમાજ અને શિક્ષણ વચ્ચેનો સંબંધ સમજાવો.

5. સોશ્યલ નેટવર્કિંગ સાઇટ્સ અને સોશ્યલ મીડિયા પ્રાથમિક શિક્ષક માટે કેવી રીતે આશીર્વાદરુપ બની શકે?
6. શિક્ષણના સમાજશાસ્ત્રના જનક તરીકે કોને માનવામાં આવે છે?
(અ) બ્રાઉન (બ) જયૉર્જ પેઈન (ક) જહૉન ડ્યૂઈ (ડ) કિન્નરમૅન

## *3.4* સામાજિક પરિવર્તન અને શિક્ષણ

વિચારબિંદુ :

**"શિક્ષણને સમાજ પરિવર્તનનું સાધન ગણવામાં આવે છે. કવિ દયારામ કહે છે,, "તુ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો." જાણીતા અર્થશાસ્ત્રી ગુન્નાર મિરડાલ વસ્તીની ગુણવત્તા માટે શિક્ષણને જરુરી ગણાવીને 'શિક્ષણ એટલે માનવમાં મૂડીરોકાણ' એવું સૂત્ર આપે છે. શિક્ષણ તો મેળવણ જેવું છે. જે સમાજની ગુણવત્તામાં પરિવર્તન આણે છે. નિરક્ષરતા અભિશાપ છે. સુશિક્ષિત સમાજ કદી ગરીબ ન હોઈ શકે. ગરીબી એટલે શિક્ષણનો અભાવ. શિક્ષણ જીવનની ગુણવત્તાને સીધી રીતે અસર કરે છે. જાપાન બીજા વિશ્વયુદ્ધ પછી આગળ આવ્યું તેમાં શિક્ષણનો ફાળો રહેલો છે. - ગુણવંત શાહ**

માનવસમાજ સતત પરિવર્તનશીલ અને વિકાસશીલ રહ્યો છે. પરિવર્તન જીવનનો નિયમ છે. સમય અને દુનિયા સતત બદલાતા રહે છે. વિશ્વમાં આવતું પ્રત્યેક પરિવર્તન માનવજીવનને અને એ રીતે સમાજને અસર કરે છે. સમાજ પળે પળે નવાં પરિવર્તનોનો સાક્ષી બને છે. તે જ રીતે મનુષ્ય તેના જન્મથી મૃત્યુ સુધીના સમયપટમાં અનેક સામાજિક પરિવર્તનોનો સાક્ષી બને છે.

જૂના જમાનામાં યા પૂર્વે જયારે સમાજ સરળ હતો અને પરિવર્તનની ગતિ પ્રમાણમાં ધીમી હતી, ત્યારે તે વખતના શિક્ષણે સમાજ દ્ધારા જે કંઈ સિદ્ધ થતું હોય તેને પરંપરાના સ્વરુપે જાળવી રાખી તેની માવજત કરવાની ભૂમિકા નિભાવી છે. પરંતુ હવે આજના નૂતન જગતમાં વિજ્ઞાન અને ટેકનોલૉજીની પ્રગતિ તથા જ્ઞાનના ક્ષેત્રોમાં થયેલ વિસ્ફોટના આ યુગમાં પરિવર્તનની ગતિ આશ્ચર્યકારક રીતે વેગવંતી બની ગઈ છે. પરિણામે આજે નૂતન પરિસ્થિતિઓના સંદર્ભમાં ઉદભવતી માંગોને પહોંચી વળવા માટે શિક્ષણે એક સંસ્થાના સ્વરુપે પોતાના કાર્યક્રમો અને યોજનાઓ ખૂબ ઝડપથી પરિવર્તન કરી શકાય તેવા લવચિક બનાવવાં જરુરી થઈ પડ્યાં છે. આ જ કારણસર આજે શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓના એક ભાગ તરીકે સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરવો જરુરી થઈ ગયો છે.

### 3.4.1 સામાજિક પરિવર્તનનો અર્થ અને સંકલ્પના

આજના સમયમાં આપણે કેટલી ઝડપથી બદલાઈ રહ્યા છીએ? ખરું ને? બદલાવું આપણને પસંદ પડે છે. પરંતુ આ બદલાવાની પાછળનું સમાજશાસ્ત્ર સમજવું છે ને? સમાજમાં આવતાં પરિવર્તનોનો અભ્યાસ શિક્ષણશાસ્ત્રના વિદ્યાર્થીએ અવશ્ય કરવો જોઇએ. કારણ કે સામાજિક પરિવર્તનની અસર શિક્ષણની પરીપાટી પર થાય છે. તેથી શિક્ષક બનવા માટે આવાં પરિવર્તનોમાં કારણભૂત પરિબળો, તે પરિવર્તનોની બાળકો તથા સમાજના અન્ય સભ્યો પર થતી અસરો તેમજ એક સંસ્થા તરીકે શિક્ષણ આ પરિવર્તનોનો પડકાર કેવી રીતે ઝીલે છે અથવા તો તે ઝીલવામાં કેવી રીતે સફળ થાય છે તેનો અભ્યાસ અવશ્ય કરવો પડે. તો ચાલો, એ દિશામાં આગળ વધીએ.

સમાજનું માળખું અને લોકોની જીવનતરેહ અમુક રીતે ગોઠવાયેલા હોય છે. તેના આધારે દરેક સમાજની એક ચોક્કસ ઓળખ ઉભી થતી હોય છે. આ ઓળખ સ્થિર નથી રહેતી. સામાજિક નિયંત્રણો તેને સ્થિર રાખવા પ્રયત્નશીલ હોય છે, પણ તેમાં ફેરફારો થયા જ કરે છે. સામાજિક માળખું અને જીવનતરેહ સતત બદલાયા કરે છે. આ બદલાવને જ સામાજિક પરિવર્તન કહે છે. સમાજમાં આવતું આવું પરિવર્તન નિરીક્ષણગમ્ય હોય છે અને ચોક્કસ સમય સુધી ટકે છે. તે આપણી આજુબાજુ સતત નિહાળવા મળે છે.

સામાન્ય અર્થમાં સામાજિક પરિવર્તન એટલે સમાજના રીત-રિવાજ, રુઢિઓ, વિચારો, માન્યતાઓ અને મૂલ્યોમાં ફેરફાર. સામાજિક પ્રક્રિયા અને સામાજિક સ્વરૂપનાં કોઈપણ પાસાંમાં રુપાંતર અથવા ફેરફાર થાય તે સામાજિક પરિવર્તન છે.

"Social change is a process responsive to many types of changes in the man-made conditions of living, change in the attitude of man and change in biological and physical nature." ..... **Maciver & Page**

માનવસર્જીત જીવનપદ્ધતિ, મનુષ્યનાં વલણો અને માન્યતાઓમાં પરિવર્તન આવતું રહે છે. જૈવિક અને ભૌતિક બાબતોમાં માનવનિયંત્રણથી ઉપરવટ પરિવર્તનો આવતાં રહે છે. આ બધાં પરિવર્તનોને અસર કરતી પ્રક્રિયાને મેકાઈવર સામાજિક પરિવર્તન કહે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા નિરંતર ચાલ્યા જ કરે છે. 'પરિવર્તન' શબ્દ વૃદ્ધિ કરતાં કંઈક વિશેષ સૂચવે છે. ઉત્ક્રાંતિ એ પરિવર્તનની પ્રક્રિયા છે. સમાજમાં થતી ઉત્ક્રાંતિ સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે.

સામાજિક પરિવર્તનનો અર્થ સમજતી વખતે એક વાત સ્પષ્ટ થવી જોઈએ કે 'પરિવર્તન' શબ્દના અર્થમાં તટસ્થતા છે. તે સારું કે નરસું, ઊર્ધ્વગામી કે અધોગામી એવા કોઈપણ અર્થમાં હોઈ શકે. એટલે કે સામાજિક પરિવર્તન આપણા હિતમાં પણ હોય કે અહિતમાં પણ હોય. 'પરિવર્તન' શબ્દથી 'સમયાંતરે થતા ફેરફાર' એવો અર્થ નીકળે છે.

રોસ (Ross) કહે છે કે સમાજમાં કેટલાંક પરિવર્તનો સ્વયં આકાર લેતાં હોય છે. સ્વયં આકાર લેતાં પરિવર્તનો સંક્રમણના નામથી ઓળખાય, જેને આપણે સમાજના પરિપ્રેક્ષ્યમાં સામાજિક

સંક્રમણ કહી શકીએ. કરવા પડતા પરિવર્તનો પુન:રચનાના નામથી ઓળખાય, જેને આપણે સમાજના પરિપ્રેક્ષ્યમાં સામાજિક પુન:રચના કહી શકીએ. સામાજિક પરિવર્તન સહેતુક કે હેતુરહિત પણ હોઈ શકે. હેતુપૂર્વક થતું સામાજિક પરિવર્તન ચોક્કસ દિશા, સિદ્ધાંત કે સાતત્ય ધરાવે છે, જે સામાજિક પ્રગતિની દિશામાં લઈ જાય છે. હેતુરહિત એટલે સ્વયંભૂ રીતે થતું પરિવર્તન, જે ચોક્કસ દિશા, સિદ્ધાંત કે સાતત્ય ન પણ ધરાવતું હોય.

સામાજિક પરિવર્તનની વ્યાખ્યા પરથી એની સંકલ્પના આ રીતે સમજીશું :

- સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખું, તરાહ, આંતરક્રિયાઓ તથા સામાજિક કર્તવ્યોમાં આવેલા પરિવર્તનો.
- સામાજિક પરિવર્તન એટલે સામાજિક સંબંધોમાં આવેલું પરિવર્તન.
- જૈવિક અને ભૌતિક બાબતોમાં આવતાં પરિવર્તનો પણ સામાજિક પરિવર્તન કરે છે.
- અનુકૂલન સાધવા અને વધુ સારો માનવ બનવા કરાતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.

ઉત્ક્રાંતિથી આજ સુધીમાં માનવસમાજે પોતાના રહેઠાણ, રહેણી-કરણી, રીત-રિવાજ, આચાર-વિચાર અને ખોરાક તથા પોષાકમાં પરિવર્તન આણ્યું છે.

આદિમાનવથી અવકાશમાનવ બનવામાં સમાજનું સમગ્ર સ્વરૂપ આજે બદલાઈ ગયું છે. પહેલાં માતૃ-પિતૃપ્રધાન અને સંયુક્ત કુટુંબથી આજે આપણે વિભક્ત કુટુંબ – ન્યુક્લિયર ફેમિલી તરફ વળી ગયા છીએ.

સામાજિક પુન:રચના એ સામાજિક પરિવર્તનની મહત્વની લાક્ષણિક્તા છે.

'પરિવર્તન' એ માત્ર જે-તે સમાજના બાહ્ય સ્વરૂપમાંના પરિવર્તનનો જ વાચક શબ્દ નથી, પરંતુ જે-તે સમાજના જીવંત સભ્યોના વિચારમાંના પરિવર્તનનો ખ્યાલ પણ તેમાં સમાચેલો છે.

### 3.4.2 સામાજિક પરિવર્તનને લાવનારાં અને અસર કરતાં પરિબળો

ઝડપથી આવતાં પરિવર્તનોમાં આપણે હંમેશા આપણી જાતને ગોઠવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. પરંતુ આપણે કદાપિ એ વિચાર કર્યો છે, કે આ પરિવર્તનો આવે છે કેવી રીતે? એને લાવે છે કોણ? એના માટે જવાબદાર કોણ છે? એ કઈ કઈ બાબતોથી અસર પામે છે? તો ચાલો એ દિશામાં અધ્યયન કરીએ.

કોઈપણ સમાજ હંમેશા માટે સ્થગિત રહી શકે નહીં. સમાજમાં પરિવર્તન માત્ર અન્ય સમાજની અસરથી જ નહીં પણ અનેક કારણોથી આવે છે. સામાજિક પરિવર્તન લાવવામાં કેટલાંક પરિબળો જવાબદાર હોય છે. કેટલાંક પરિબળો સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને અસર કરે છે. આવાં ઘણાં પરિબળો હોઈ શકે, તે પૈકીનાં કેટલાંક પરિબળોની આપણે યાદી કરીએ. તમે આ યાદીમાં બીજાં કેટલાંક પરિબળો ઉમેરી શકશો.

- શિક્ષણ

- વિજ્ઞાન અને ટેકનોલૉજીની પ્રગતિ
- વૈચારિક ક્રાંતિ
- ધાર્મિક પરિબળો
- સાંસ્કૃતિક પરિબળો
- સામાજિક મૂલ્યોમાં પરિવર્તન
- રાજકીય ઘટનાઓ
- આકસ્મિક ઘટનાઓ
- વ્યવસાયીકરણ
- શહેરીકરણ

આધુનિકીકરણઆ પૈકી આપણે સામાજિક પરિવર્તન પર અસર કરતા પરિબળ તરીકે શિક્ષણ તથા શહેરીકરણ અને આધુનિકીકરણની વિગતે ચર્ચા કરવાના છીએ. બાકી રહેતા પરિબળો તથા ઉપરોક્ત યાદીમાં તમે ઉમેરેલા પરિબળો વિશે આપણે જાતે વિચારણા કરી અધ્યાપકશ્રી સાથે ચર્ચા કરીશું.

**અધ્યાપક મુક્ત ચર્ચા યોજી શકે એવા કેટલાક સંભવિત પ્રશ્નો....**

- “વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસના કારણે શિક્ષણ તથા સમાજમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે.” ...તમારા મંતવ્યો રજૂ કરો.
- સમાજમાં સમયાંતરે આવતાં મૂલ્ય પરિવર્તનો તથા વૈચારિક ક્રાંતિનું સામાજિક પરિવર્તનમાં પ્રદાન ચર્ચો.
- આકસ્મિક ઘટનાઓ સામાજિક પરિવર્તન કેવી રીતે આણી શકે? ઉદાહરણોની ચર્ચા કરો.
- રાજકીય પરિબળો સમાજને કેવી રીતે અસર કરે છે? તમારા મંતવ્યો રજૂ કરો.
- ડિસેમ્બર, 2013માં ભારતની સંસદમાં 'લોકપાલ બિલ' પાસ થયું છે. આ ઘટના આગામી દિવસમાં શિક્ષણ અને સમાજને શી અસર કરશે? વિચારો.

### 3.4.3 શિક્ષણ અને સામાજિક પરિવર્તન

સમાજના બધાં પાસામાં અને ક્ષેત્રોમાં સતત પરિવર્તનો થતાં રહે છે. સામાજિક પરિવર્તનોમાં શિક્ષણની ભૂમિકા હંમેશા પાયામાં અને અતિ મહત્વની રહેતી હોય છે. વળી, આપણે તો સમાજમાં વિધાયક પરિવર્તનોના પ્રહરી બનવાનું છે ત્યારે, સામાજિક પરિવર્તનોમાં શિક્ષણની ભૂમિકા આપણે વિશેષ કાળજીથી સમજવી જોઈએ, ખરું ને?

સામાજિક પરિવર્તનના અણસાર પામવાનું એક રડારયંત્ર એટલે શિક્ષણ. વળી સામાજિક પરિવર્તન લાવનાર બળ (Agent of Social Change) તરીકે શિક્ષણ કેટલો ભાગ ભજવે છે તે પણ

આપણે તપાસવું જોઈએ. આ સંદર્ભે એક ઐતિહાસિક અહેવાલના એક વિચાર પાછળનો ભાવ સમજીએ.

**"હિંસક ક્રાંતિ સિવાય મોટા પાયા પર પરિવર્તન સિદ્ધ કરવું હોય તો તેને માટે ઉપયોગી એવું એકમાત્ર શાસ્ત્ર તે શિક્ષણ. અન્ય પરિબળો આમાં મદદરુપ થાય અને ક્યારેક તો તેમની દેખીતી અસર વધારે જણાય, પરંતુ તમામ જનતા સુધી પહોંચે તેવું શસ્ત્ર તે માત્ર રાષ્ટ્રીય શિક્ષણપ્રથા જ છે. છતાં પણ ઈચ્છાઓ પરિપૂર્ણ કરવા માટેનો તે કંઈ જાદુઈ ચિરાગ નથી! આ તો તલવારની ધાર પર ચાલવા જેવું કપરું સાધન છે. તેના અસરકારક ઉપયોગ માટે લોખંડી ઈચ્છાશક્તિ, એમાં જ ખોવાઈ જવાની ખેવના અને આત્મસમર્પણની જરુર છે. અન્ય દેશોની વિકાસની મથામણમાં ઉપયોગી સાબિત થયેલું આ હથિયાર ભારતને પણ ઉપયોગી નીવડશે. "  - કોઠારી કમિશન (1964-66)ના અહેવાલમાંથી.**

આપણી પાસે હંમેશા બે માર્ગો હોય છે, એક છે શિક્ષણ દ્વારા સમાજને બદલવાનો અને બીજો છે બળ દ્વારા સમજને પલટવાનો. જહૉન ડ્યૂઈ કહે છે કે દર પેઢીએ લોકશાહી નવો જન્મ લે છે અને શિક્ષણ દાયણનું કામ કરે છે. સૉક્રેટિસ પણ શિક્ષણને દાયણ તરીકે ગણાવે છે. પરિવર્તનો તો થઈને જ રહે છે. પ્રશ્ન એ રહે છે કે એના માટે દાયણની ભૂમિકામાં કોણ રહે છે? શિક્ષણ કે અન્ય બળ? ઘણા દેશોમાં પણ બળનો વિજય થયો છે. શિક્ષણ પણ આ કામ કરી શકે છે અને વધારે અસરકારક રીતે કરી શકે છે. આ સમજવા માટે વ્યાપક સામાજિક સંદર્ભમાં શિક્ષણને જોવું જરુરી બને છે. ઈતિહાસ અનેક રાષ્ટ્રોના સાંસ્કૃતિક પરિવર્તન માટે યુદ્ધોને ભલે જવાબદાર ગણતો હોય, પણ હકીકતમાં માનવીના દૈનિક જીવનમાં પ્રસરેલા વિચારોએ જ સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનો સર્જ્યાં છે. આધુનિક લશ્કરનાં અણુશસ્ત્રો કરતાં પણ નવવિચારનો એક આંચકો લોકોના મગજને અને જીવનને વધુ ધક્કો પહોંચાડે છે.

ગાંધીજીએ અડધી સદી સુધી સમાજના નિમ્ન કહેવાતા વર્ગના લોકો માટે વ્યાપક લોકશિક્ષણનું કામ કર્યું, તેથી જ આજે આપણે આવા પરિણામો જોઈ શકીએ છીએ. સ્ત્રીશિક્ષણ માટે સ્વામી વિવેકાનંદના વિચારો અને મહાત્મા જ્યોતિબા ફૂલે જેવા મહાપુરુષોના જીવનકાર્યો આપણી સામે જ છે. સમાજ પરિવર્તનમાં શિક્ષણ આવું નક્કર કાર્ય કરી શકે તે માટે એના સીમાડા શાળાના ચોગાન અને વર્ગના સીમાડા ઓળંગીને છેક સમાજ સુધી પહોંચે તે ખૂબ જ જરુરી છે.

પુસ્તક પરસ્ત, શબ્દપ્રચૂર, વર્ગમાં પૂરાયેલું અને પરીક્ષાલક્ષી બની ગયેલું શિક્ષણ સમાજને પલટે એવી આશા રાખવી નિરર્થક છે. સમાજ પરિવર્તનના અગ્રદૂત તરીકે શિક્ષણમાં સ્થાન પામે તે માટે શિક્ષણને વ્યાપક સમાજશાસ્ત્રીય પાયા પર મૂલવવાની જરુર છે. શિક્ષણ માત્ર સામાજિક પરિસ્થિતિનું દર્પણ જ બની રહે તેમાં આપણને રસ ન હોવો જોઈએ. શિક્ષણનું કાર્ય માત્ર દર્પણનું જ નથી પણ દીપકનું ય છે.

### 3.4.3.1 સામાજિક પરિવર્તન લાવનાર બળ તરીકે શિક્ષણ – શૈક્ષણિક ફલિતાર્થ

સામાજિક પરિવર્તન લાવનાર બળ તરીકે શિક્ષણ જે મહત્વનાં કાર્યો કરે છે અને જે મહત્વનાં કાર્યો શિક્ષણે કરવાનાં છે, તેનો વિચાર કરીએ.

સમાજમાં વિચારોનું, મૂલ્યોનું કે સિદ્ધાંતોનું પરિવર્તન લાવવાનો શ્રેષ્ઠ માર્ગ શાળામાં એ વિચારો, મૂલ્યો કે સિદ્ધાંતો બાળકોને શીખવવાં એ છે. તેથી વિકસિત દેશોની માફક પ્રાથમિક શિક્ષણના પાયાથી લઈ શાળા શિક્ષણની આખી ઇમારત મજબૂત બને એ સુનિશ્ચિત કરવું પડશે.

વિચારપ્રણાલી, જીવનપ્રણાલી અને ઉપાસનાપ્રણાલી જે સંસ્કૃતિનું ગઠન કરે છે તેને સુરક્ષિત અને સંવર્ધિત કરવા માટે શિક્ષણ એ શ્રેષ્ઠ સાધન છે. શાળા-કૉલેજમાં વિદ્યાર્થીઓ પોતાની સંસ્કૃતિ અને સાંપ્રત વિચારસરણીની બાબતમાં શીખે છે. આ શિક્ષણ જો ચિરંજીવ બને તો વિદ્યાર્થીઓ નાગરિક બનતાં સુધી આ બાબતોને જાળવી શકે.

સમાજમાં વૈજ્ઞાનિક અને આર્થિક પ્રગતિ સાધવા માટે શિક્ષણ એ પ્રથમ જરુરિયાત છે. દેશમાં કૃષિસુધારણા માટે, ગૃહઉદ્યોગો તથા ઔદ્યોગિક વિકાસ માટે લોકોમાં શિક્ષણનો મહત્તમ વ્યાપ જરુરી છે.

શિક્ષણને સમાજમાં રાષ્ટ્રભાવના વિકસાવવાનું, સામાજિક એકતા નિર્માણ કરવાનું સાધન બનાવવું જોઈએ. ભારતદેશે આ માટે ઈઝરાયલ, જાપાન તથા જર્મની જેવા દેશો પાસેથી બોધ ગ્રહણ કરવો રહ્યો.

સામાજિક પરિવર્તનમાં સમૂહ માધ્યમોનો ફાળો અગત્યનો છે. સાહિત્ય, સમાચારપત્રો, રેડિયો, ટીવી ચેનલો, જાહેરખબરો તથા ઈન્ટરનેટ જેવા માધ્યમો પ્રજાના અભિપ્રાયો, વલણો તથા મૂલ્યોને કેળવે છે. આ તમામ સાધનોમાં કાર્યરત માનવબળ સુશિક્ષિત અને કેળવાયેલું હશે તો સામાજિક પરિવર્તન વધુ ઈચ્છિત અને વિધાયક દિશાનું થશે.

વૈજ્ઞાનિક સંશોધનો કૉલેજો અને યુનિવર્સિટીઓમાં થાય છે, જે સમાજની કાયાપલટ કરે છે. આવા સંશોધનો સમાજાભિમુખ અને નૈતિકતાના માર્ગે થાય, તેના લાભો અંતિમ માણસ સુધી શિક્ષણના માધ્યમથી પહોંચી શકે તો સામાજિક પરિવર્તન વધુ હકારાત્મક અને ગતિશીલ બની શકે.

દેશની આર્થિક મજબૂતી માટે શાળાના કાર્યક્રમો એવા હોવા જોઈએ કે વિદ્યાર્થીઓ શ્રમનું મહત્વ સમજે. કોઈપણ સમાજ શ્રમ વિના આર્થિક કે અન્ય ક્ષેત્રે પ્રગતિ કરી શકે નહીં. અભ્યાસક્રમમાં વૈવિધ્ય અને ઐચ્છિક વ્યાવસાયિક કાર્યક્રમો સામાજિક જરુરિયાતોને લક્ષમાં રાખીને પૂરા પાડવા જોઈએ.

શિક્ષણ સામાજિક પરિવર્તનનું અગત્યનું હથિયાર હોવા છતાં માત્ર ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા જ ઈચ્છિત સામાજિક પરિવર્તન માટે પર્યાપ્ત નથી. ઈતિહાસ એ વાતને સમર્થન કરે છે કે ઔપચારિક કેળવણી સાથે જોડાયેલા મહાન કેળવણીકારો કરતાં પણ ભારત તેમજ અન્ય દેશોમાં

પણ સંતો, ઋષિઓ તથા મહાપુરુષો અને ક્રાંતિકારીઓ સામાજિક પરિવર્તનના અગ્રદૂત બન્યા છે. આવા લોકશિક્ષકોની સામાજિક પરિવર્તનમાં ભૂમિકા પણ વિદ્યાર્થી તરીકે આપણે પિછાણવી રહી.

### 3.4.3.2 શિક્ષક અને સામાજિક પરિવર્તન – શૈક્ષણિક ફલિતાર્થ...

"શિક્ષકનો વ્યવસાય સર્વ વ્યવસાયોની સરખામણીમાં સર્જનાત્મક વ્યવસાય છે. એ રાષ્ટ્રના વિશાળ ઉત્પાદનને એની વહેંચણી કરવાની શક્તિનું સર્જન કરે છે. તેમજ વીસમી સદીની જીવનપરિસ્થિતિને અનુકૂળ બનવાની શક્તિનું પણ સર્જન કરે છે. એ વ્યાપક રીતે માનવીના મૂલ્યમાં વૃદ્ધિ કરે છે." **.......પ્રો. ફ્રેન્કલિન બોબિટ**

આજના કાળમાં પણ ઉપરોક્ત કથન એટલું જ ઔચિત્ય ધરાવે છે. સમય અને યુગના પરિવર્તનની સાથે શિક્ષકની ભૂમિકા તથા તેની પાસેની અપેક્ષાઓ પણ બદલાતી રહી છે. આજના સમયમાં જ્યારે શિક્ષણને સામાજિક પરિવર્તનનું અસરકારક અને અમોઘ શસ્ત્ર ગણવામાં આવે છે, ત્યારે શિક્ષણ આપનાર શિક્ષક એ સામાજિક પરિવર્તનનો અગ્રદૂત ગણાય એ વાત સાહજિક છે. શિક્ષકને પરિવર્તનનો પરિવ્રાજક અને નૂતન સમાજનો શિલ્પી કે ઘડવૈયો કહેવાય છે. શિક્ષકને આટલાં ગૌરવ અને પ્રતિષ્ઠા મળતાં હોય, તો એણે પોતાની સામાજિક ભૂમિકા અસરકારક રીતે ભજવવી જ રહી.

શિક્ષક એક કૃષિકાર છે. તેનું કાર્ય માથાં ઘડવાનું છે. આજના યુગમાં આમ પણ માથાં કાપનાર નહીં પણ માથાં બદલનારની જરુર છે, આ ભૂમિકામાં શિક્ષકે પોતાને ગોઠવવા પ્રયત્ન કરવો જોઈએ.

શિક્ષકે વિદ્યાર્થીઓમાં સામાજિકતાનો વિકાસ કરવાનો છે. શિક્ષકના વ્યક્તિત્વથી વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ઘડાય છે. તેથી શિક્ષકે પોતાના આદર્શ વર્તન-વ્યવહાર અને જીવનથી વિદ્યાર્થીઓ માટે દ્રષ્ટાંતરુપ બનવું જોઈએ.

શિક્ષકે બાળકોને સામાજિક અભિદર્શન મળે અને તેઓ સાથી જૂથમાં તથા સામાજિક પરિસ્થિતિઓમાં અસરકારક અધ્યયન કરી પોતાનો સમુચિત સામાજિક વિકાસ કરી શકે તેવી અધ્યાપન પદ્ધતિઓ પ્રયોજવી જોઈએ.

શિક્ષકે વિદ્યાર્થીઓની નેતૃત્વશક્તિને તાલીમ અને પ્રોત્સાહન આપવાનું છે. લોકશાહી માટે આવશ્યક એવા નાગરિકતાના ગુણો વિદ્યાર્થીઓમાં વિકસાવવા માટે સ્વયં વર્ગખંડમાં અને શાળામાં લોકશાહી ઢબે અધ્યાપનકાર્ય કરવું જોઈએ.

શિક્ષકે જડતાને ખંખેરી નવા પ્રયોગોને અને સંશોધનોને આવકારવાં જોઈએ. નવીનીકરણોને અજમાવી, ક્રિયાત્મક સંશોધનો હાથ ધરી નવાં પરિવર્તનો માટેનો માર્ગ મોકળો બનાવવો જોઈએ.

શિક્ષકે સામાજિક પ્રવાહોની વચ્ચે રહી, પોતાના મમત્વ, સૂચનો અને પ્રોત્સાહન વડે સામાજિક પરિવર્તનના નેતા બની નૂતન સમાજની સંરચના માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ.

માત્ર પોતાનો જ વિકાસ સાધવાની સંકુચિતતા ત્યજી, સમાજ માટે સ્વહિતને ગૌણ બનાવી સંતોષ અનુભવવો જોઈએ. આ માટે સમાજહિતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ.

સામાજિક સુધારણા અને સમાજોત્કર્ષ માટે યોગ્ય વલણો, મૂલ્યો અને લોકમાનસ કેળવવા શિક્ષકે કટિબદ્ધ બનવું જોઈએ. સામાજિક સમસ્યાઓ હલ કરવામાં પણ પોતાની બુધ્ધિપ્રતિભા અને નેતૃત્વશક્તિનો ઉપયોગ કરવો જોઈએ.

શાલેય શિક્ષણની ગુણવત્તાનો સર્વાંગી વિકાસ સાધવાના પ્રયત્નો કરી સમાજને તેમાં ભાગીદાર બનાવવા અભિમુખ કરવાની યોજના વિચારવી જોઈએ.

ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ શિક્ષકે વસતિ અને તારુણ્ય શિક્ષણના પ્રવર્તક બની તંદુરસ્ત ભાવિ સમાજનો પાયો તૈયાર કરવો જોઈએ.

શિક્ષણનો અધિકાર અધિનિયમ(Right of Children to Free and Compulsory Education Act 2009)ની જોગવાઈઓના અમલીકરણમાં સંનિષ્ઠ બની શિક્ષક અને આચાર્યે તેના થકી સામાજિક ઉન્નતિકરણના પ્રવર્તક બનવું જોઈએ.

શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) અને શાળા વચ્ચેનો સેતુ મજબૂત બનાવી શાળાના સ્થાનિક સમાજના ઉન્નતિકરણની યોજના બનાવવી જોઈએ.

શાળાના સ્થાનિક સમાજમાંથી શિક્ષણ પ્રત્યેની સૂગ દૂર કરી, અંધશ્રદ્ધા, દહેજપ્રથા, વ્યસન, જાતિય અસમાનતા જેવા દોષો અને કુપ્રથાઓના નિર્મૂલનમાં શાળાની ભૂમિકા વિસ્તારવી જોઈએ.

શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓની સામે એવા સંતો, ઋષિઓ, વૈજ્ઞાનિકો, કેળવણીકારો અને મહાપુરુષોના જીવનચરિત્રોને પોતાના શિક્ષણકાર્યમાં વણી લેવા પડશે કે જેમણે સામાજિક પુનરુત્થાનમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય.

જેવી રીતે ડૉક્ટરનું શિક્ષણ મેળવેલ પ્રશિક્ષણાર્થીને ગામડામાં અમુક વર્ષો સુધી સેવા આપવાની હિમાયત થાય છે, તેમ શિક્ષકને પણ ગ્રામવિકાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડવાનું આયોજન થવું જોઈએ.

શિક્ષક સાક્ષરતાના અને પ્રૌઢશિક્ષણના કાર્યમાં સિંહફાળો આપી શકે છે. તેનાથી અવૈધિક કેળવણીના માર્ગે શિક્ષક સામાજિક પરિવર્તનમાં પાયાનું પ્રદાન કરી શકશે.

શિક્ષકે વિદ્યાર્થીઓની વિચારશક્તિ, સર્જનાત્મકતા અને આંતરિક શક્તિઓની વિકાસયાત્રામાં પથદર્શક બનવાનું છે. સમાજમાં ગુણાત્મક સુધારણા શિક્ષક જ લાવી શકશે. શિક્ષકે પોતે સાંસ્કૃતિક એકતા અને સંવર્ધનના ઉપાસક બનવાનું છે.

શિક્ષક નેતા બની શકે, માર્ગદર્શક બની શકે, પરંતુ સમાજે શિક્ષકમાં આત્મશ્રદ્ધા તથા આત્મગૌરવ પ્રેરવા પડશે. આજે કેટલાક અંશે ગૌરવ અને સ્વાભિમાન ગુમાવેલા શિક્ષકને સમાજ ગૌરવ અને પ્રતિષ્ઠા પુન:પ્રદાન કરશે, તો જ શિક્ષક સામાજિક પરિવર્તનનો મશાલચી બની શકશે. આ માટે

સમાજ તરફથી પહેલની રાહ જોયા વિના શિક્ષક અને શાળાએ પોતાના પ્રામાણિક પ્રયત્નો હાથ ધરવા પડશે.

**પ્રોજેક્ટ કાર્ય / પ્રવૃત્તિ.......**

**પ્રોજેક્ટ-1**

આપણે સૌ પ્રશિક્ષણાર્થીઓ આપણા રહેઠાણના વિસ્તાર મુજબના જૂથમાં વહેંચાઈશું. 5થી 10 પ્રશિક્ષણાર્થીઓના જૂથમાં આપણી આજુબાજુના સમાજમાં આપણી અગાઉની પેઢી(માતા-પિતા અથવા દાદા-દાદી)ની સાથે સંવાદ કરી તેમના સમયમાં...

- શાળા અને સમાજનો સંબંધ
- શાળામાંથી સમાજ સાથે આંતરક્રિયા કરવાની તક
- શાળાની સમાજ પર જોવા મળતી અસરો
- શિક્ષકનું સામાજિક પરિવર્તનમાં પ્રદાન
- શિક્ષકનો સામાજિક મોભો અને સન્માન

.....વગેરે જેવા મુદ્દાઓ પર એક સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરીશું.

**પ્રોજેક્ટ-2**

ઉચ્ચ પ્રાથમિક શાળામાં પ્રાયોગિક શિક્ષણ / ઈન્ટર્નશિપ દરમિયાન જે-તે ગામ/ વિસ્તારના સ્થાનિક સમાજ અને બાળકો, શિક્ષકો, SMC સાથે આંતરક્રિયાઓ કરી સામાજિક પરિવર્તનમાં શાળા તથા શિક્ષકની કોઈ સક્રિય ભૂમિકા રહી છે કે કેમ? અને ભવિષ્યમાં આવી કોઈ ભૂમિકા બની શકે છે કે કેમ તે અંગેનો સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરીશું. આ માટે પ્રશિક્ષણાર્થીઓ 5-7 ના જૂથમાં વહેંચાઈ શકે.

**પ્રાધ્યાપકો માટે ......**

પ્રસ્તુત પ્રોજેક્ટમાં પ્રશિક્ષણાર્થીઓ ઉપરના વિષયમાં સ્થાનિક સામાજિક પરિસ્થિતિના સંદર્ભે કોઈ મુદ્દા વધ-ઘટ કરી શકે કે કેમ, તેમજ સંક્ષિપ્ત અહેવાલનું સ્વરૂપ શું હશે, તે અંગે તેમને માર્ગદર્શિત કરીશું.

### 3.4.4 તમારી પ્રગતિ ચકાસો

સૂચના : માગ્યા મુજબ ઉત્તરો નોંધો.

1. સામાજિક પરિવર્તન એટલે શું? તમારા શબ્દોમાં નોંધો.
2. સામાજિક પરિવર્તનનાં મુખ્ય પ્રેરક પરિબળો કયાં કયાં છે? યાદી તૈયાર કરો.
3. અપેક્ષિત સામાજિક પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા સમજાવો.
4. શાળા SMC અને RTE-2009 કાયદો સ્થાનિક સમાજના પરિવર્તનમાં કેવી રીતે મદદરુપ થઈ શકે છે?

## 3.5 સામાજિકીકરણ અને શિક્ષણની સંસ્થાઓનો શૈક્ષણિક ફલિતાર્થ

> **"The Socialization of the child is realized best in children's groups and the child is the best educator and teacher of other children". - Joseph H. Roueu**

માનવી સામાજિક પ્રાણી છે અને સામાજિક પરિવર્તન એ માનવ સમાજનું અભિન્ન અંગ છે એવું અગાઉ જોયુ. તેજ રીતે સામાજિકીકરણની પ્રક્રિયા પણ માનવ સમાજ સાથે જોડાયેલી છે. પ્રત્યેક સમાજને પોતાના આગવા સંસ્કારો હોય છે. તેમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ તે સંસ્કારોને પોતાનામાં વિકસાવે છે. તેનાથી વ્યક્તિ સમાજની ઓળખને અનુરુપ બને છે. આ પ્રક્રિયા સામાજિકીકરણ છે. મિત્રો, સામાજિકીકરણ અંગેની વિગતવાર ચર્ચા કોર્સ-૧(અ) અંતર્ગત મુદ્દા નં 3.5.3 અન્વયે કરવામાં આવેલ છે જેનો અભ્યાસ કરશો.

સામાજિકીકરણ અને શૈક્ષણિક સંસ્થાઓનો શૈક્ષણિક ફલિતાર્થ નીચે મુજબ છે.

- શિક્ષકે બાળકના સામાજિકીકરણ વિકાસ કરવાના પ્રયત્ન સભાનપૂર્વક કરવા જોઈએ.
- શિક્ષકે અધ્યયન અને અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓ જૂથમાં કાર્ય કરે તેવી જૂથ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.
- જે બાળક પર સામાજિકીકરણનો પ્રભાવ જોવા નહીં મળ્યો હોય તેવા બાળકોના કૌટુંબિક પૃષ્ઠભૂમિનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- વર્ગના બાળકોની કૌટુંબિક માહિતી મેળવી, સુદ્ઢીકરણનો ઉપયોગ કરવો જોઈએ.
- શિક્ષકે મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતનો ઉપયોગ કરી, બાળકને અધ્યયન પ્રત્યે પ્રેરિત કરવા જોઈએ.
- શાળામાં હકારાત્મક વાતાવરણનું સર્જન કરી બાળકને શાળાએ આવવા ઉત્સાહ રહે તેવા પ્રયત્ન હાથ ધરવા જોઈએ.
- શાળા કક્ષાએ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થનાસભા, રમત-ગમત, સ્પર્ધાઓ વગેરેનું આયોજન કરવું જોઈએ.
- બાળક ગ્રંથાલયનો ઉપયોગ કરે, વર્તમાનપત્રો, મેંગેઝિન અને સામયિકોનું વાંચન કરે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
- ટી.વી. અને ચલચિત્રોના સાંસ્કૃતિક પ્રદૂષણથી દૂર રહી, તેમાં પ્રકાશિત થતા સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમથી બાળકોને વાકેફ કરવા જોઈએ.

## 3.6 લોકશાહી અને શિક્ષણ*:*

> **લોકશાહીનો પાયો લખાણો પર નથી, નિયમો પર નથી પરંતુ પ્રજાની વૃત્તિઓ અને નીતિ પર છે.**
> **- ગણેશ વાસુદેવ માવલંકર**

રાજ્ય એ વ્યવસ્થાનું તંત્ર છે. જેમાં નિયમન, કાયદો, નેતૃત્વ, માર્ગદર્શક સિદ્ધાંતોનું માળખું અને સત્તા કેન્દ્રસ્થાને છે. ક્યારેક એકહથ્થુ સત્તા તો ક્યારેક સત્તાનું વિકેન્દ્રીકરણ જોવા મળે છે. આ પ્રકારે પ્રત્યેક રાજ્ય વ્યવસ્થામાં વહીવટ એ ચાલકબળ છે. જ્યારે શિક્ષણ વ્યવસ્થા એ વિકાસ વ્યવસ્થા છે. જેમાં વ્યક્તિ વિકાસ-ઘડતર અગ્રસ્થાને છે. માનવને મહત્વ આપનારી આ વ્યવસ્થા પર રાજ્ય વ્યવસ્થા વિવિધ રીતે અસર કરે છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી આપણા રાષ્ટ્રે લોકશાહી રાજ્ય વ્યવસ્થા સ્વીકારી છે. તાત્વિક રીતે જોવા જઈએ તો લોકશાહી એ રાજકીય શાસન તરાહ જ નથી. પરંતુ સામાજિક તરાહનો કલ્યાણકારી વિચાર છે, લોકશાહી આદર્શોનો સમૂહ છે. તે જીવન જીવવાની રીત છે (Way of life). જડ સમાજ વ્યવસ્થાનો અસ્વીકાર લોકશાહી કરે છે. તે સંપૂર્ણ લવચિક (Flexible) સામાજિક પર્યાવરણનો સ્વીકાર કરે છે. તે વ્યક્તિને જીવવાના ચોક્કસ આદર્શો પૂરા પાડે છે.લોકશાહીનો આધાર માનવ સ્વાતંત્ર્ય છે. 'હું કોઈનો ગુલામ નહીં' એ સ્વતંત્રતાની અધૂરી અને એકાંગી વ્યાખ્યા થઈ. 'મારો પણ કોઈ ગુલામ નહીં' એ વાક્ય ઉમેરતાં જ એ વ્યાખ્યા પૂર્ણ બને. તેથી જ સાચી લોકશાહી વગર સાચું સ્વાતંત્ર્ય શક્ય જ નથી અને સાચા સ્વાતંત્ર્ય વગર માનવીનો વિકાસ અધૂરો જ રહે છે.

### 3.6.1 લોકશાહીની સંકલ્પના

"લોકશાહી એ પૃથ્વી પરથી નાશ નહીં પામે તેવું લોકોનું, લોકો દ્વારા ચાલતું અને લોકો માટેનું શાસન છે." -
**અબ્રાહમ લિંકન**

"આધુનિક જીવન એટલે લોકશાહી અને લોકશાહી એટલે મનની પોતાની રીતે પોતાનું કામ કરવાની સ્વતંત્રતા." -
**જહૉન ડ્યૂઈ**

"લોકશાહી એ એવી શાસનપદ્ધતિ છે કે જેમાં, શાસન કોઈ વર્ગના હાથમાં નહીં પણ સમષ્ટિનાં હાથમાં હોય છે." - **લોર્ડ**
**બ્રાઈસ**

"લોકશાહી એટલે એવી સરકાર જેમાં સત્તા જનતાની મોટી સંખ્યાના હાથમાં હોય." **-ડાઈસી**

"લોકશાહી એ એવું રાજ્યતંત્ર છે કે જેમાં પ્રત્યેક વ્યક્તિ પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે વહીવટમાં ભાગ લેતી હોય છે." -
**પ્રો.સીલી.**

લોકશાહીની વાત આવે એટલે લિંકને જણાવેલ "લોકોનું, લોકો દ્વારા ચાલતું, લોકો માટેનું રાજ્ય એટલે લોકશાહી" વ્યાખ્યા યાદ આવે. લોકશાહીની આટલી સચોટ અને સુંદર વ્યાખ્યા બીજી કોઈ નથી. પરંતુ ઉપરથી દેખાય તેટલી આ વ્યાખ્યા સહેલી નથી. લોકશાહી જેને અંગ્રેજીમાં democracy કહે છે તે મૂળ ગ્રીક ભાષાનો શબ્દ છે. ડમોસ (Demos) એટલે લોકો, અને ક્રસી (Cracy)

એટલે રાજ્ય. આજની લોકશાહીનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ તેનો વિચાર પ્રાચીન છે. ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં ગ્રીસમાં એથેન્સ જેવા નાના નાના નગર રાજ્યોમાં લોકશાહીનો અમલ થયો હતો. અગત્યના પ્રધાનોની પસંદગી ચિઠ્ઠી ઉપાડીને થતી. હાલ જે પ્રણાલી અમલમાં છે તેના કરતા થોડી જુદી પરંતુ લોકશાહીના પાયામાં રહેલા તત્વો અને મૂલ્યોને ધ્યાનમાં અવશ્ય રાખવામાં આવતા. લોકશાહી વ્યવસ્થાને સમજવા માટે તેનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો સમજવા જરુરી છે.

- વિચાર અને વાણી સ્વાતંત્ર્ય
- કાયદા આગળ પ્રત્યેક નાગરિકની સમાનતા
- વ્યક્તિત્વના વિકાસ માટેની સમાન તક
- દેશના કાયદાને અને સમાજની નીતિમત્તાને અવિરોધે નહીં એવી મનપસંદ પ્રવૃત્તિ કરવાની છૂટ.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. લોકશાહીની બે વ્યાખ્યા લખો.
2. લોકશાહીના લક્ષણો કયા કયા તારવી શકાય?

### 3.6.2 લોકશાહીના પાયાના મૂલ્યો

લોકશાહીની સંકલ્પનામાં કેન્દ્રમાં મનુષ્યનું કલ્યાણ છે. વ્યક્તિના વૃદ્ધિ અને વિકાસને સમર્પિત સમાજમાં માણસ જે શ્રદ્ધાથી જીવે છે તે શ્રદ્ધા લોકશાહી છે. લોકશાહી એ શાસનવ્યવસ્થા કરતા જીવન જીવવાની પ્રણાલી છે. લોકશાહીના પાયામાં કેટલાક મૂલ્યો છે. જે હવે આપણે જોઈએ.

**સ્વતંત્રતાઃ**

લોકશાહીમાં દરેક નાગરિકને વિચાર અને વાણીની સ્વતંત્રતા આપવામાં આવે છે. લોકશાહીમાં પ્રત્યેક વ્યક્તિને અભિવ્યક્તિ પ્રાપ્તિની સ્વતંત્રતા હોય છે. તે જ રીતે વ્યક્તિને પસંદગીનું સ્વાતંત્ર્ય અને માન્યતા તેમજ જીવનપ્રણાલીનું પણ સ્વાતંત્ર્ય રહે છે.

**સમાનતાઃ**

લોકશાહીમાં સમાનતા પણ ધરોહર છે. પ્રત્યેક વ્યક્તિ સમાન છે. પરંતુ એકસરખી નથી. પ્રત્યેકના વિચારોનો આદર કરવામાં આવે છે. કોઈપણ પ્રકારના નાત, જાત કે લિંગભેદને લોકશાહીમાં સ્થાન હોતું નથી.

**બંધુત્વઃ**

સમાનહિત અને હેતુ માટેના પારસ્પરિક સહકાર દ્વારા સામાજિક વિકાસનો હેતુ સિદ્ધ કરવાનો હોવાથી લોકશાહીમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે બંધુત્વનો ભાવ અનુભવે એવા સમાજરચનાની આગ્રહી છે. બંધુત્વનો પાયો સહકાર છે અને મૈત્રી ભાવમાં સહિયારાપણું છે.

**વ્યક્તિ સન્માનઃ**

લોકશાહી પ્રમાણેનું જીવનદર્શન વ્યક્તિનો ઉત્કર્ષ સાધે છે. પ્રત્યેક વ્યક્તિ સમાજ કલ્યાણના વિશાળ કાર્યમાં પ્રદાન કરી શકે છે. એ જ રીતે નાગરિકના વ્યક્તિત્વને સન્માન આપવામાં આવે છે અને માનવીય વ્યક્તિમત્તા મૂલ્યોમાં શ્રદ્ધા અને આદર આપવામાં આવે છે.

**ન્યાયઃ**

લોકશાહીમાં ન્યાયમાં દરેક નાગરિકને શ્રદ્ધા રહે છે. શિક્ષણમાં જે સ્થાન મૂલ્યાંકનનું છે તે સ્થાન લોકશાહીમાં ન્યાયનું છે. ન્યાય દ્ધારા સાચી દિશા પ્રાપ્ત થાય છે. ન્યાયના અભાવમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ કે વ્યક્તિ સન્માનના મૂલ્યોનો કશો અર્થ નથી.

**પરિવર્તનમાં શ્રદ્ધાઃ**

લોકશાહીમાં પરિવર્તન અને પ્રગતિ એકમેકના પર્યાય છે. સમાનતા અને સહિષ્ણુતાના પાયા પર ઊભેલી સામાજિક સંરચના માટે વ્યક્તિ વિજ્ઞાનનિષ્ટ વલણો કેળવે અને પરિવર્તન અભિમુખ બને એ આશય છે.

| **તમારી પ્રગતિ ચકાસો :** |
|---|
| 1. સ્વતંત્રતા અને સમાનતા વચ્ચે શો તફાવત છે? |

### 3.6.3 લોકશાહીમાં શિક્ષણનું સ્વરૂપ

શિક્ષિત નાગરિક એ લોકશાહીની સફળતા માટેની પૂર્વશરત છે. લોકશાહીની સફળતાનો આધાર શિક્ષણ છે; એટલે જ લોકશાહી નેતૃત્વની પ્રયોગશાળા છે. લોકશાહીનો વિકાસ શિક્ષણના વિકાસનું પરિણામ છે. જેથી હવે આપણે લોકશાહી શાસનવ્યવસ્થામાં શિક્ષણ કયા પ્રકારનું, કેવી રીતે તેમજ કેવુ શિક્ષણ આપવામાં આવે છે તેની ચર્ચા કરીશું.

3.6.3.1 શિક્ષણના હેતુઓ

લોકશાહી શિક્ષણનો પ્રધાન હેતુ આદર્શ નાગરિકનું સર્જન કરવાનો છે. લોકશાહી શિક્ષણના હેતુઓ જો તારવવામાં આવે તો નીચે મુજબના તારવી શકાય.

| | | |
|---|---|---|
| 1 | **આત્મસાક્ષાત્કારનો હેતુ** | - પૃચ્છાશીલ મનનો વિકાસ<br>- અધ્યયનના સાધનો પર નિપુણતા<br>- કૌશલ્યપૂર્વકનું શ્રવણ અને નિરીક્ષણ<br>- ફુરસદના સમયનો ડહાપણભર્યો ઉપયોગ<br>- સૌંદર્યનું અનુભાવન |
| 2 | **માનવીય સંબંધોનો હેતુ** | - અન્ય સાથે ભાર વિનાનો વ્યવહાર<br>- માનવમૂલ્યોને અગ્રતા<br>- સહાધ્યાયી મૈત્રીનું અનુભાવન |

| | | |
|---|---|---|
| | | - પરસ્પર સહકાર |
| | | - જવાબદાર વ્યક્તિનું સ્થાન |
| | | - રોજિંદા જીવન વ્યવહારમાં લોકશાહી વ્યવહાર |
| 3 | **આર્થિક કાર્યક્ષમતાનો હેતુ** | - ઉત્કૃષ્ટ કામગીરી માટે ગૌરવ |
| | | - કાર્યમૂલક પ્રત્યે ઝોક |
| | | - વ્યવસાયની વિચારપૂર્વક પસંદગી |
| | | - કાર્યમાં સફળતા માટે ઝઝૂમવું |
| | | - આર્થિક સલામતીની પ્રાપ્તિ |
| 4 | **નાગરિક તરીકેના ઉત્તરદાયિત્વનો હેતુ** | - માનવની જરુરિયાતો સમજવી |
| | | - વિશ્વસનીય માહિતીની પ્રાપ્તિ કરવી. |
| | | - અન્યના મંતવ્યોનું ગૌરવ કરવું. |
| | | - કુદરતી સ્ત્રોતોનું રક્ષણ |
| | | - લોકશાહી પ્રત્યે વફાદારી |
| | | - વિશ્વકલ્યાણનું ચિંતન |

3.6.3.2 અભ્યાસક્રમ

લોકશાહી શિક્ષણનો હેતુ છે આદર્શ નાગરિકનું સર્જન. તેથી આ શિક્ષણનો અભ્યાસક્રમ આદર્શ નાગરિકનું સર્જન કરે તેવો હોવો જોઈએ. અહીં એ સમજી લઈએ કે અભ્યાસક્રમ સાધન છે, સાધ્ય નથી.

લોકશાહી શિક્ષણના અભ્યાસક્રમમાં વિવિધ વિષયોનું શિક્ષણ તો હોય જ. તે ઉપરાંત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, રમતગમત અને અનુભવોની ગૂંથણી પણ તેમાં થવી જોઈએ. વિદ્યાર્થીઓમાં લોકશાહી મૂલ્યો પાંગરે તે માટેની પ્રવૃત્તિઓને અભ્યાસક્રમમાં આવરી લેવી જોઈએ. લોકશાહી સ્વતંત્રતાને પોષે છે; સમાનતા, બંધુત્વ અને વ્યક્તિ સન્માનને તેમાં માવજત મળે છે. આથી લોકશાહી શિક્ષણનો અભ્યાસક્રમ લવચિકતાનો આગ્રહ રાખે છે. વ્યક્તિગત તફાવતો અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. ટૂંકમાં, જીવન જીવવાની કળા અભ્યાસક્રમ વડે પ્રાપ્ત થાય છે.

3.6.3.3 શિક્ષણ-પદ્ધતિ

પ્રગતિ અને સક્રિયતા લોકશાહીના ચાવીરુપ લક્ષણો છે. આથી લોકશાહીના શિક્ષણની પદ્ધતિ ક્રિયાત્મક હોવી જોઈએ. લોકશાહીનું શિક્ષણ પ્રવૃત્તિલક્ષી પદ્ધતિને પસંદ કરે છે. તેમાં 'learning by doing' નો સ્વીકાર થયેલો છે.

લોકશાહી શિક્ષણ-પદ્ધતિમાં નીચે મુજબના લક્ષણો હોવા અનિવાર્ય ગણી શકાય :

- વિદ્યાર્થીઓને વિભિન્ન પરિસ્થિતિઓ વિશે પોતાનાં મંતવ્યો આપવા અને ચર્ચા કરવા પ્રેરે તેવી પદ્ધતિ જોઈએ.
- વિદ્યાર્થીઓને પ્રવૃત્ત કરતો અને સ્વતંત્ર વિચારણા કરતો થાય તેવી પદ્ધતિ હોવી જોઈએ.
- શિક્ષણની પદ્ધતિ 'કેમ વિચારવું' અને 'શું વિચારવું' તે શીખવે તેવી હોવી જોઈએ.
- શિક્ષણની પદ્ધતિ ચિંતનાત્મક હોવી જોઈએ.

ટૂંકમાં, લોકશાહી શિક્ષણની પદ્ધતિ વિદ્યાર્થીની વ્યક્તિમત્તાનો સુસંવાદી વિકાસ કરી તેને આદર્શ નાગરિક બનાવે તેવી હોવી જોઈએ.

3.6.3.4 શાળાનું સ્વરૂપ

લોકશાહી શાળા લોકશાહી ઢબે જ ચાલવી જોઈએ, સમાજની પ્રતિકૃતિ બનતી જોઈને શાળાને 'લોકશાહીની પ્રયોગશાળા' બનાવવી જોઈએ. શાળા સામાજિક કલ્યાણને કેન્દ્રમાં રાખી કાર્ય કરતી હોય, લોકશાહીના મૂલ્યોનું સંવર્ધન કરતી હોય. રાષ્ટ્રના ઉત્તમ નાગરિકોનું સર્જન કરતી હોય તેમજ વિદ્યાર્થીઓમાં નેતાગીરીના ગુણો વિકસાવતી હોવી જોઈએ. શાળામાં નિર્ણયો લાદવામાં નહીં આવે તેવી પરિસ્થિતિનો સ્વીકાર થવો જોઈએ. શાળામાં વિદ્યાર્થીઓને સ્વતંત્રતા આપવી જ જોઈએ.

3.4.3.5 શિક્ષક

દેશના ભવિષ્યનું ઘડતર કરવાની જવાબદારી લોકશાહીમાં શિક્ષકના ખભા પર છે. તેથી લોકશાહી શાળાનો શિક્ષક લોકશાહી મૂલ્યોમાં ઊંડી શ્રદ્ધા ધરાવતો હોવો જોઈએ. મુસ્ગ્રેવે કહ્યું છે કે, "શિક્ષક મહત્વની સામાજિક પદવી પર છે. જે સમાજે તેનું ઘડતર કર્યુ છે તે સમાજમાં જ તે બીજાઓનું ઘડતર કરવા પાછો ફરે છે." પોતાની શિક્ષણયાત્રા દરમિયાન આત્મસાત કરેલા મૂલ્યોને તે સરળતાથી વિદ્યાર્થીઓમાં સંક્રમિત કરી શકે, વિદ્યાર્થીની પ્રેરણામૂર્તિ છે તેથી તે માર્ગદર્શક બની રહેવો જોઈએ. તેનો વ્યવહાર પ્રેમપૂર્ણ અને સહકારયુક્ત હોવો જોઈએ.

3.4.3.6 વિદ્યાર્થી

વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વના વિકાસ માટે શાળામાં સ્વતંત્રતા આપવામાં આવે છે. સ્વતંત્ર વિચાર વડે વિદ્યાર્થીને વિકસવાની તકો આપવામાં આવે છે. શિક્ષણ એ વિદ્યાર્થીનો મૂળભૂત અધિકાર છે, આ માન્યતા સાથે વિદ્યાર્થી સાથે સમાનતાનો વ્યવહાર કરવામાં આવે છે અને શાળા સંચાલનમાં તેની ભાગીદારીનો સ્વીકાર કરવામાં આવે છે. વિદ્યાર્થી સ્વયંશિસ્તનું પાલન કરે, શિસ્તમાં રાખવાને બદલે શિસ્તમાં રહેતો થાય. શાળાના દરવાજે પોલીસ વાહન ઊભું હોય તે લોકશાહી માટે શરમજનક ઘટના ગણાય.

| |
|---|
| તમારી પ્રગતિ ચકાસો : |
| 1. લોકશાહીના અભ્યાસક્રમમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરી શકાય? |
| 2. લોકશાહીમાં શિક્ષકની ભૂમિકા કયા પ્રકારની રહે છે? |

| |
|---|
| 3. માનવીય સંબંધના હેતુઓને સમજાવવા એક ઉદાહરણ જણાવો. |

### 3.6.4 શૈક્ષણિક ફલિતાર્થ

લોકશાહી અને શિક્ષણનો શૈક્ષણિક ફલિતાર્થ નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય :

- વર્ગમાં અને શાળામાં વિદ્યાર્થીઓ મુક્ત શિસ્તનો ઉપયોગ કરે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
- અધ્યયન, અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓ સ્વતંત્રતાથી શિક્ષક સાથે ચર્ચા-વિચારણા કરે તેવી તકોનો ઉદભવ કરવો જોઈએ.
- અધ્યાપન પદ્ધતિમાં વિદ્યાર્થીઓને મુક્ત અભિવ્યક્તિની તક મળે તેવી પદ્ધતિની પસંદગી કરવી જોઈએ.
- શાળામાં વિદ્યાર્થીઓ નિર્ભયતાથી પોતાની મુશ્કેલીઓની રજૂઆત કરે તેવા વાતાવરણનું સર્જન કરવું જોઈએ.

## *3.7* આધુનિકીકરણ અને શહેરીકરણ

### 3.7.1 આધુનિકીકરણ

શિક્ષણ એ હેતુલક્ષી અને પરિવર્તનશીલ પ્રક્રિયા છે. શિક્ષણ અને સમાજના પરસ્પર અવલંબનના પરિણામે સામાજિક પરિવર્તનની સાથે સાથે શિક્ષણના સ્વરૂપ તથા પ્રક્રિયામાં પણ પરિવર્તન આવતાં રહે છે. સમાજની વિચારધારાઓ તથા સામાજિક પ્રક્રિયાઓનું સ્વરૂપ સામાજિક પરિવર્તનને પ્રેરે છે અને તેના દ્વારા આધુનિકીકરણનો પાયો તૈયાર થાય છે.

3.7.1.1 આધુનિકીકરણની સંકલ્પના

આધુનિકીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા એક વ્યક્તિ, સમાજ કે દેશ જે-તે સમકાલીન પરિસ્થિતિમાં પોતાને ઢાળવાનો કે બનાવવાનો પ્રયાસ કરે છે. સમયના વહેણની સાથે માનવજીવનનાં દરેક ક્ષેત્રોમાં જે પરિવર્તનો થયાં છે અને થઈ રહ્યાં છે તે આધુનિકીકરણનો એક ભાગ છે.

માનવ પ્રયત્નનાં મહત્તમ પરિણામો મેળવવા માટે કોઈ સમાજ જેટલે અંશે ભૌતિક અને માનવ સંસાધનનો ઉપયોગ કરે છે તેટલે અંશે એ આધુનિક છે. દરેક સમાજ માટે આધુનિક બનવું આવશ્યક છે. આધુનિકીકરણને શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે તેનો અર્થ સમજવો જરુરી છે.

આધુનિકીકરણ એ અંગ્રેજી શબ્દ Modernizationના મૂળ શબ્દ Modern પરથી બન્યો છે. મૉર્ડન (Modern) શબ્દ મૂળ લૅટિન ભાષાનો શબ્દ Modo (મોડો) પરથી ઉદભવ્યો છે, જેનો અર્થ 'પ્રચલન' થાય છે. આધુનિકીકરણ એ વ્યાપક પરિવર્તનની પ્રક્રિયા છે. જ્યારે સમગ્ર વિશ્વ પરિવર્તન પામતું હોય, આધુનિકીકરણના રંગે રંગાયેલું હોય ત્યારે તેના તમામ ઘટકોએ બદલાવાની તૈયારી રાખવી જોઈએ.

- **આધુનિકીકરણની વ્યાખ્યા**

"આધુનિકીકરણ એ સામાજિક તથા રાજકીય વ્યવસ્થામાં એક પ્રકારના પરિવર્તનની પ્રક્રિયા છે." – એસ. એન. ઈશનસ્ટેડ

"આધુનિકતા એ પ્રગતિ, ઉન્નતિ તથા સંપન્નતા અને અનુકૂલનની તાત્પર્યતાથી સંબંધિત મનની આકાંક્ષાઓની એક અવસ્થા છે" – ડેનિયલ લર્નર

"સંસ્થાઓના બદલાતા કાર્યોને અનુરુપ પોતાનું સમાયોજન કરી લેવાની પ્રક્રિયા આધુનિકીકરણ કહેવાય છે. જેના પરિણામસ્વરૂપ વ્યક્તિના જ્ઞાનમાં એવી આશાપૂર્ણ વૃદ્ધિ થઈ જાય છે, જે પર્યાવરણ પર લગભગ પોતાનું નિયંત્રણ કરી લે છે."

– બ્લેક

"આજની દુનિયામાં પછાત અને અવિકસિત સમાજોને આધુનિક બન્યા સિવાય છૂટકો નથી. જો તેઓ આધુનિક નહિ બની શકે, તો કદાચ તેમનું અસ્તિત્વ ભૂંસાઈ જશે." - મેરિયમ જે. લેવી (1966)

નોંધપાત્ર આધુનિકીકરણને પામેલા વિભિન્ન સમાજના અભ્યાસોના આધારે એલેક્સ ઈંકલ્સ આધુનિકીકરણના કેટલાંક લક્ષણો તારવે છે.

- આધુનિકીકરણ એટલે નવા વિચારોને સ્વીકારવાની કે નવી પદ્ધતિઓને અપનાવવાની તૈયારી.
- પોતાના વ્યક્તિગત અભિપ્રાયોને વ્યક્ત કરવાની તૈયારી
- ભૂતકાળમાં નહિ, પરંતુ વર્તમાનમાં અને નિકટના ભવિષ્યમાં વધારે રસ
- જીવનમાં નિયમિતતા માટેનો વિશેષ આગ્રહ
- કાર્યક્ષમતા પર વિશેષ ભાર
- આયોજન કરવાની વૃત્તિ
- વિજ્ઞાન અને ટૅકનોલૉજીમાં શ્રદ્ધા
- દુનિયાને તર્કયુક્ત રીતે સમજવાનો અભિગમ
- સામાજિક ન્યાયનો એક મૂલ્ય તરીકે સ્વીકાર

3.7.1.2 આધુનિકીકરણનું સ્વરૂપ

આધુનિકીકરણની અસર તથા તેનો શિક્ષણ સાથેનો સંબંધ સમજવા માટે તેનાં મહત્વના લક્ષણોને સમજવા જરુરી છે. આધુનિકીકરણની વિશેષતાઓ નીચે મુજબ છે.

**(1) વિજ્ઞાન અને ટૅકનોલૉજી**

જૂના સમયના પરંપરાગત સમાજની તુલનાએ હાલના આધુનિક સમાજનું જો કોઈ બિલકુલ અલગ લક્ષણ હોય તો તો તે છે સાંપ્રત સમાજ દ્વારા વિજ્ઞાન અને ટૅકનોલૉજીનો સ્વીકાર અને ઉપયોગ. વિજ્ઞાન અને ટૅકનોલૉજીથી સમાજની સુખાકારી અને ઉત્પાદકતામાં વધારો થયો છે.

**(2) જ્ઞાનનો વિસ્ફોટ**

છેલ્લા બેથી ત્રણ દાયકામાં જ્ઞાનનો જબરદસ્ત વિસ્ફોટ થયો છે. પરંપરાગત સમાજમાં જ્ઞાનનો જથ્થો મર્યાદિત હતો એમ નથી પરંતુ તુલનાત્મક દ્રષ્ટિએ જ્ઞાનનાં નવા ક્ષેત્રો ખુલ્યા છે.

**(3) ઝડપી સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનો**

આધુનિક સમાજનું આ પણ એક આગવું લક્ષણ છે કે એમાં સામાજિક તથા સાંસ્કૃતિક પરિવર્તનો ખૂબ જ ઝડપી ગતિએ અને વ્યાપક દિશામાં થતાં હોય છે. આધુનિકતાની વધુ અસર ઝીલનાર સમાજ જ હોય છે. આધુનિકીકરણ સામાજિક સંરચનાઓ પણ કરે છે.

**(4) આધુનિકીકરણ :**

આ પણ આધુનિકીકરણની એક વિશેષતા છે કે તેમાં સર્વવ્યાપકતા અનિવાર્ય નથી. સમાન ક્ષેત્રોમાં પણ આધુનિકીકરણની પ્રક્રિયા સમાન નથી હોતી. કોઈ વ્યક્તિ, સમાજ કે દેશને આધુનિકતાના સંદર્ભે અમુક બાબતો સ્વીકાર્ય લાગે, તો બીજી વ્યક્તિ, સમાજ કે દેશને તે બાબત અસ્વીકાર્ય પણ લાગતી હોય. ઉ. દા. પશ્ચિમના દેશોમાં પણ આધુનિકીકરણના વિચારો અને તરાહમાં ભેદ છે.

**(5) વૈશ્વિક પ્રક્રિયા**

આધુનિકીકરણ બધા દેશો માટેની પ્રક્રિયા છે. તેથી આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા પણ બને છે. તે એક રાજ્ય, દેશ કે સમુદાય પૂરતું સીમિત ન રહેતાં, દેશોને એકબીજા સાથે જોડે છે. તેનો ઉદ્ધેશ આંતરરાષ્ટ્રીય સહયોગ વિકસિત કરવાનો હોય છે, આમ, આધુનિકીકરણ એ એક વૈશ્વિક પ્રક્રિયા છે.

**(6) પ્રગતિને અવરોધક**

આધુનિકીકરણમાં ઘણી વખત પ્રગતિ અથવા પ્રગતિનો વિરોધ પણ હોઈ શકે. આધુનિકીકરણ સમાજ જીવનને બદલે છે. મૂલ્યોમાં પરિવર્તન લાવે છે. જે બધું જ પરિવર્તન ઈચ્છનીય કે પ્રગતિકારક જ હોય તેવું નથી. કેટલુંક આધુનિકીકરણ સામાજિક પ્રગતિને અવરોધનારું પણ બનતું હોય છે.

3.7.1.3 શિક્ષણ અને આધુનિકીકરણ

સમાજના આધુનિકીકરણ માટે શિક્ષણ મહત્વની ભૂમિકા નિભાવે છે. આધુનિકીકરણની પ્રક્રિયા માટે શિક્ષણ મહત્વની ગુરુચાવી છે. શિક્ષણ અને આધુનિકતા વચ્ચેનો પારસ્પરિક સંબંધ ઘનિષ્ઠ છે. હવે, આધુનિકીકરણમાં કેળવણી શો ભાગ ભજવે છે તે જોઈશું:

- પુરાતન સંસ્કૃતિઓમાં બદલાવ કે સંવર્ધન શિક્ષણથી જ થયું છે એટલે કે લોકમાનસ બદલવાનું કામ શિક્ષણ કરે છે એ રીતે શિક્ષણ એ આધુનિકીકરણનું અગત્યનું સાધન છે.
- શિક્ષણથી આધુનિકીકરણને વેગ મળે છે. શિક્ષણ વ્યક્તિના વલણો, કાર્યપદ્ધતિ, માન્યતા, મૂલ્યો, તકનિકી વગેરેમાં આમૂલ પરિવર્તન લાવે છે જે અંતે આધુનિકીકરણમાં પરિણમે છે.
- શિક્ષણ દ્વારા આધુનિકીકરણને પરિણામે સંસ્થાકીય ભાવાવરણમાં, વ્યાવહારિક જગતમાં આમૂલ પરિવર્તન આવે છે.
- શિક્ષણ પરંપરાઓને બદલવાનો વિકલ્પ આપે છે જે તેનું આધુનિકીકરણના સંદર્ભે મહત્વનું કાર્ય છે. શિક્ષણનું કામ નબળી, જૂની અને જર્જરિત માન્યતાઓ અને પરંપરાઓને તોડી તેની સામે નવા વિચારો કે વિકલ્પો પૂરા પાડવાનું છે.
- શિક્ષણ સામાજિકીકરણ કરી સમાજમાં નવા મૂલ્યો તથા વિચારોને પ્રકાશમાં લાવે છે જે આધુનિકીકરણના બીજ સ્વરુપે સમાજમાં જાય છે.
- શિક્ષણ અને આધુનિકીકરણથી રાષ્ટ્રીય ભાવના વિકસે છે. શિક્ષણ જનતાની જરૂરિયાત અને સમસ્યાને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી જોઈ તેને ઉકેલવા મથે છે.
- શિક્ષણ દ્વારા લોકોની જિજ્ઞાસા વધે છે. જ્ઞાનની નવી ક્ષિતિજોનો સ્પર્શ થાય છે. વિવિધ પ્રકારની જાણકારી અને માહિતી વધે છે. આથી આધુનિકીકરણની પ્રક્રિયાને વેગ મળે છે.
- શિક્ષણના પ્રચાર અને પ્રસાર દ્વારા વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસમાં જ્ઞાનનાં નૂતન દ્વાર ખૂલે છે.
- શિક્ષણ દ્વારા કૃષિ, તબીબી અને ઈજનેરી ક્ષેત્રે સંશોધન શક્ય બને છે, જે આધુનિકીકરણ તરફ દોરી જાય છે.
- સમાજ પરિવર્તન શક્ય બને છે. સમાજમાં નૂતન મૂલ્યો અને નૂતન દષ્ટિકોણનો આવિર્ભાવ થાય છે.
- શિક્ષણ દ્વારા આધુનિકીકરણને અનુરુપ વૈજ્ઞાનિક ચેતના કે મિજાજનો વિકાસ થાય છે. તાર્કિકતા, અનાત્મલક્ષીતા અને પૃથક્કરણશક્તિનો વિકાસ થાય છે.
- કેળવણી દ્વારા લોકશાહીના મૂલ્યો દ્રઢ બને છે.
- નવા વ્યવસાયો અને રોજગારીની નૂતન વ્યવસ્થાઓ ઊભી કરી શકાય છે.

ડૉ. મૂરેના મતે આધુનિકતા એક ક્રાંતિ છે, એક પરિવર્તન છે. તેમણે આધુનિકીકરણ માટે નીચે પ્રમાણેની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે.

"એક પરંપરાગત અથવા પૂર્વ આધુનિક સમાજને પાશ્ચાત્ય વિશ્વના વિકસિત, આર્થિક રીતે સમૃદ્ધ અને તુલનાત્મક રીતે રાજકીય સ્થિરતા ધરાવતા દેશોનાં તાંત્રિક અને સંબંધિત સામાજિક સંગઠનોના વિવિધ પ્રકારો તરફ દોરી જતું ક્રાંતિકારી પરિવર્તન એટલે આધુનિકીકરણ."

આધુનિકીકરણને રાજ્યશાસ્ત્રીઓના મતે, ઈતિહાસકારોના મતે અને મનોવૈજ્ઞાનિકોના મતે તેમજ સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં વિચારી તારેવેલ મુદ્દા તમારી નોંધપોથીમાં નોંધી વર્ગખંડમાં ચર્ચા કરો.

ચર્ચાના અંતે આધુનિકીકરણના લક્ષણો નોંધો.

**ચાલો પ્રોજેક્ટ કરીએ :**

**'નિરક્ષરતા આધુનિકીકરણ માટે વિધ્નરુપ છે.' આ વિધાનના સંદર્ભે માહિતીલક્ષી પ્રોજેક્ટ તૈયાર કરીએ.**

**તમારી પ્રગતિ ચકાસો :**

1. **'આધુનિકીકરણ શિક્ષણ દ્વારા શક્ય બને છે'. સમજાવો**

### 3.7.2 શહેરીકરણ

ઉદ્યોગોના કેન્દ્રીકરણને કારણે શહેરીકરણ સર્જાયુ.તેથી શહેરીકરણ વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસનું પરિણામ છે. શહેરીકરણ ઔદ્યોગિકીકરણનું અવિભાજ્ય ભાગીદાર છે. શહેરીકરણ વૃદ્ધિનો માપદંડ, તેની જટિલતાનો આઇનો અને તેનાં મૂલ્યોનો દુભાષિયો છે.

3.7.2.1શહેરીકરણની સંકલ્પના

શહેરીકરણનો સામાન્ય અર્થ થાય છે કે માણસો – વસતિનું ગામડાં તરફથી શહેર તરફ સ્થળાંતર. જ્યારે બીજો અર્થ એ પણ થાય છે કે ગામડાંઓમાં શહેરની સુવિધાનો આવિર્ભાવ. ઔદ્યોગીકરણને લીધે રોજગારીનો વિકાસ શહેરોમાં થયો. તેની વિરુદ્ધ ગામડાંઓમાં બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળ્યું. ભૌતિક વિકાસને કારણે આર્થિક જરુરિયાત વધતી ગઈ. જેને પરિણામે લોકો રોજગારી મેળવવા શહેરો તરફ સ્થળાંતર કરવા લાગ્યા. આથી શહેરમાં ગામડાંઓમાંથી આવેલા લોકોનો એક અલગ વર્ગ જોવા મળ્યો. બીજી રીતે જોઈએ તો ગામડાંઓ પણ સમૃદ્ધ થવા લાગ્યા. ગામડાંમાં ખેતી અને ગૃહઉદ્યોગોનો વિકાસ થયો તેની સાથે ગામડાં સાથે જોડાયેલા શહેરોના વિકાસને લીધે શહેરોની સુવિધા જેવી કે, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, શિક્ષણ તેમજ રહેણીકરણીની બાબતોનો પણ ગામડાંઓમાં વિકાસ થવા લાગ્યો. જેને પણ શહેરીકરણ કહી શકાય.

ટૂંકમાં શહેરીકરણના બે લક્ષણો ગણાવી શકાય : એક ગામડાંથી શહેર તરફ લોકોનું સ્થળાંતર અને બીજું ગામડાંઓમાં શહેરની સુવિધાનો વિકાસ.

3.7.2.2 **શહેરીકરણના પરિણામો (ફાયદા/ ગેરફાયદા)**

- **ફાયદા:**
  - માણસને વધારે ફુરસદ મળી છે.
  - સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે.
  - ઉચ્ચતમ જીવનની આકાંક્ષાઓનું વાતાવરણ સર્જાયું છે.
  - શિક્ષણમાં સવલતો વધી છે.તેમજ વ્યક્તિગત શૈક્ષણિક સ્તરમાં સુધારો થયો છે.
  - વ્યવસાયની દ્રષ્ટીએ ધંધા રોજગારની તકો વધી છે.
- **ગેરફાયદા:**
  - લોકોનું શહેરોમાં સ્થળાંતર વધ્યું પરિણામે ગામડા ભાંગી પડ્યા.
  - ગ્રામ્ય સંસ્કૃતિની જગ્યાએ શહેરી સંસ્કૃતિની બોલબાલા.
  - સયુંકત કુટુંબ વ્યવસ્થા ભાંગી પડી.
  - શહેરીકરણ ને લીધે વસ્તીની ગીચતા,ગંદકી જેવી પ્રદુષણને લગતી સમસ્યાઓ ઉભી થઇ.

ચાલો પ્રવૃત્તિ કરીએ.....

શહેરીકરણની હકારાત્મક અને નકારાત્મક અસરો સંદર્ભે વર્ગમાં ચર્ચા યોજીએ. વધુમાં વધુ દસ-દસ મુદ્દાઓ સંદર્ભે વિચારીએ. ઉદાહરણ દ્વારા ચર્ચા કરીએ.

3.7.2.3 શિક્ષણ અને શહેરીકરણ

શહેરમાં સિનેમાથી માંડીને સ્ટેડિયમ જેવી વધુ આકર્ષક જગ્યાઓનો વિદ્યાર્થીઓ પરનો પ્રભાવ મર્યાદિત રાખવા માટે શાળામાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

શહેરમાં પ્રવર્તતી બેકારીનો ભોગ બનેલાં લોકોનાં તેજસ્વી બાળકોને લોન – સ્કૉલરશિપની વ્યવસ્થા કરવામાં આવે છે.

યાંત્રીકરણને લીધે શહેરમાં ફુરસદનું પ્રમાણ વધ્યું છે. આ બાબતનો સર્જનાત્મક ઉપયોગ કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપવા શિક્ષણના કાર્યક્રમોની વધુ જરુર છે.

યાંત્રીકરણને લીધે યંત્રવિદોની ઊભી થતી વધુ માંગને ખ્યાલમાં રાખી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાવિધિક શિક્ષણની જોગવાઈને પણ પૂરતું મહત્વ આપવું જોઈએ.

શહેરીકરણને લીધે શિક્ષણનો વ્યાપ વધ્યો છે. સાથે સાથે અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓનું વૈવિધ્ય અને પ્રમાણ પણ વધ્યું છે.

શહેરમાં ગુણવત્તાયુક્ત શિક્ષકોની પ્રાપ્તિ સરળ બને છે અને વિદ્યાર્થીઓમાં સામાજિક વિકાસની તક વધી છે.

શહેરીકરણના પરિણામે શિક્ષણના સ્વરૂપમાં કેટલાક પાયાગત પરિવર્તનોની પણ જરુર ઊભી થઈ છે, કારણ કે શહેરીકરણના કારણે ઊભા થયેલાં કેટલાંક ભયસ્થાનો જેવાં કે વ્યસનોમાં વધારો,

ઈન્ટરનેટનો દુરુપયોગ, તરુણાવસ્થામાં જાતીય દુર્વ્યવહારો વગેરેએ શિક્ષણજગતમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે. શહેરમાંથી આ દૂષણ હવે ગામડાંઓની શાળામાં પણ ઝડપથી વ્યાપી રહ્યું છે. આ બાબતની શિક્ષણજગતે ગંભીરતાથી નોંધ લઈ તે દિશામાં નક્કર પગલાં લેવાં રહ્યાં.

### 3.7.3 શૈક્ષણિક ફલિતાર્થ

- શિક્ષકે વર્ગખંડ અધ્યાપન-અધ્યયન દરમિયાન શૈક્ષણિક ટેકનોલૉજીનો ઉપયોગ કરવો જોઈએ.
- વર્ગખંડ શિક્ષણકાર્ય દરમિયાન નવીન બાબતો અને સંશોધનોથી વાકેફ હોવા જોઈએ.
- સમાજમાં થતા ફેરફારો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી, વર્ગખંડ શિક્ષણકાર્ય દરમિયાન ઉદાહરણો ટાંકવા જોઈએ.
- પરિસ્થિતિ અને વિષયવસ્તુ અનુસાર અધ્યયન-અધ્યાપન પદ્ધતિમાં લવચિકતા લાવવી જોઈએ.
- શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં સમાનતા દાખવી, તમામ વર્ગના વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમભાવ કેળવવો જોઈએ.

શિક્ષણને ઉપયોગી એવું સમાજશાસ્ત્રનું જ્ઞાન એ શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા છે. શિક્ષણનું સમાજશાસ્ત્ર શિક્ષણની પ્રક્રિયાને વ્યક્તિના મહત્તમ વિકાસને ધ્યાનમાં રાખીને ગોઠવવાનો પ્રયાસ કરે છે. શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઘણું વ્યાપક છે. ઘણાં આધુનિક માધ્યમો અને ઈન્ટરનેટની મદદથી સંબંધોના જૂથમાં શૈક્ષણિક પ્રક્રિયાઓ જોવા મળે છે. સાંપ્રત સમયમાં ટેકનોલૉજી અને આધુનિકીકરણના પરિણામ સ્વરૂપ ઈન્ટરનેટના પ્રચલનથી સામાજિક સંબંધોમાં પણ નવા પરિણામો ઉમેરાયાં છે.

સામાન્ય અર્થમાં સામાજિક પરિવર્તન એટલે સમાજના રીત-રિવાજ, રુઢિઓ, વિચારો, માન્યતાઓ અને મૂલ્યોમાં ફેરફાર. સામાજિક પરિવર્તન લાવવામાં કેટલાક પરિબળો જવાબદાર હોય છે. કેટલાંક પરિબળો સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને અસર કરે છે. સામાજિક પરિવર્તનોમાં શિક્ષણની ભૂમિકા હંમેશા પાયામાં અને અતિ મહત્વની રહેતી હોય છે. આજના સમયમાં શિક્ષણને સામાજિક પરિવર્તનનું અસરકારક અને અમોઘ શસ્ત્ર ગણવામાં આવે છે. શહેરીકરણ અને આધુનિકીકરણે સામાજિક પરિવર્તનની સાથે શિક્ષણની જવાબદારીઓ તથા સ્વરૂપમાં ઘણાં પરિવર્તનો આણ્યાં છે.

લોકશાહી એ માણસની અને મનની પોતાની રીતે કામ કરવાની સ્વતંત્રતા અર્પતી શાસનપદ્ધતિ છે, એ વાતની સ્પષ્ટતા મેળવવાની સાથે આપણે તેના પાયાનાં મૂલ્યો જેવાં કે, સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, વ્યક્તિ સન્માન, ન્યાય, પરિવર્તનમાં શ્રદ્ધા વગેરેનો અભ્યાસ કર્યો. આત્મ સાક્ષાત્કાર, માનવીય સંબંધો, આર્થિક કાર્યક્ષમતા અને નાગરિક તરીકેના ઉત્તરદાયિત્વ જેવા હેતુઓ આધારિત લોકશાહીના શિક્ષણના સ્વરૂપને પણ આપણે જાણ્યું. સાથે સાથે લોકશાહીને પોષક

એવા અભ્યાસક્રમ, શિક્ષણ-પદ્ધતિ અને શાળાના સ્વરૂપની પણ આ એકમ અંતર્ગત આપણે સમજ મેળવી.

## 3.8 સમજ ચકાસતા પ્રશ્નો

- શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓનો અભ્યાસ શા માટે મહત્વનો બને છે?
- સમાજ અને શિક્ષણ વચ્ચેનો સંબંધ સમજાવો. આ સંબંધનું શાળા અને શિક્ષક માટે શું મહત્વ છે?
- શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પના સ્પષ્ટ કરી સાંપ્રત સમયમાં તેની અનિવાર્યતા સિદ્ધ કરો.
- સાંપ્રત કાળમાં શિક્ષણના સમાજશાસ્ત્રનો વ્યાપ શિક્ષણને કેવી રીતે સ્પર્શે છે? તેમાં કયા નવા આયામોનો વિચાર કરવો પડશે?
- સામાજિક પરિવર્તનનો અભ્યાસ શિક્ષક માટે જરુરી હોવાના મુખ્ય કારણો નોંધો.

## 3.9 સદર્ભ સૂચિ


- ભારતની શિક્ષણ વ્યવસ્થા: જયંતિભાઇ ડી. ભાલ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
- કેળવણીના સમાજશાસ્ત્રીય આધારો : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
- ભારતનું બંધારણ, એસ.બી.ડી. પ્રકાશન, અમદાવાદ
- Curriculum Frame Work two year B.Ed. Program (2014) N.C.T.E. New Delhi
- Mathur S.S. (2000) A Social approach to Indian Education Vinod pustak Mandir, Agra
- Chaule S.P. Philosophical and Sociological foundations of education , Vinod Pustak Mandir, Agra

# એકમ : 4 ભારતનું બંધારણ અને શિક્ષણ

4.1 પ્રસ્તાવના

4.2 ઉદ્દેશ

4.3 ભારતીય બંધારણની રચના અને વિઝન

4.4 બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓ

4.4.1 શિક્ષણનો સંયુક્ત યાદીમાં સમાવેશ

4.4.2 જન્મથી 6 વર્ષના બાળકોની દેખભાળ અને શિક્ષણની વ્યવસ્થા

4.4.3 6થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ

4.4.4 શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સમાન અધિકાર

4.4.5 સ્ત્રીશિક્ષણ સંબંધી જોગવાઈ

4.4.6 સમાજના નબળા વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો માટે શિક્ષણની જોગવાઈઓ

4.4.7 લઘુમતીઓ માટે શિક્ષણની જોગવાઈઓ

4.4.8 ધાર્મિક શિક્ષણ સંબંધી સ્પષ્ટ નિર્દેશ

4.4.9 મહત્વની રાષ્ટ્રીય ભાષાઓનું શિક્ષણ

4.4.10 રાષ્ટ્રભાષા હિન્દી માટેની જોગવાઈ

4.4.11 માતૃભાષામાં શિક્ષણ

4.4.12 માતા-પિતા કે વાલીની જવાબદારી

4.5 ભારતીય બંધારણમાં સમાનતા માટે શિક્ષણ

4.5.1 શૈક્ષણિક સમાન તક માટે કોઠારી શિક્ષણ પંચની ભલામણો

4.5.2 કન્યાઓ માટે શિક્ષણ અને સમાનતા

4.3.3 સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોનું શિક્ષણ

4.3.4 વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોનું શિક્ષણ (CWSN)

4.6 શિક્ષણનો અધિકાર *(*Right to Education Act-2009)

4.6.1 પ્રસ્તાવના

4.6.2 ઉદ્દેશ

4.6.3 બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009

4.7 માનવ અધિકારનું શિક્ષણ

4.7.1 માનવ અધિકાર એટલે શું?

4.7.2 માનવ અધિકારો

4.7.3 માનવ અધિકારોનું શિક્ષણ એટલે શું ?

4.7.4 માનવ અધિકારના શિક્ષણમાં તંત્ર અને શાળાની ભૂમિકા

4.7.5 માનવ અધિકારોના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા

4.8 સારાંશ

4.9 સમજ ચકાસતા પ્રશ્નો

*4.10* સંદર્ભ સૂચિ

# એકમ : 4 ભારતનું બંધારણ અને શિક્ષણ

## *4.1* પ્રસ્તાવના

પ્રશિક્ષણાર્થી મિત્રો, એકમ-1માં આપણે ભારતની પ્રાચીન અને મધ્યકાલીન તેમજ બ્રિટિશ સમયની શિક્ષણ પ્રણાલી વિશે અભ્યાસ કર્યો. શિક્ષણના વિકાસ માટે જે-તે શાસકોએ આપેલ યોગદાન અને પ્રોત્સાહનથી આપણે વાકેફ છીએ. પ્રાચીન સમયમાં વિશ્વપ્રસિદ્ધ વિદ્યાપીઠો જેવી કે નાલંદા, વલ્લભી, તક્ષશીલા વગેરે પ્રચલિત હતી. બ્રિટિશ શાસનના પ્રયાસો દ્વારા મુંબઈ, મદ્રાસ અને કલકત્તા વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ હતી. આ સંસ્થાઓએ શિક્ષણના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. 15મી ઓગસ્ટ, 1947ના રોજ ભારતદેશ સ્વતંત્ર થયો અને તેનું પોતાનું બંધારણ 26મી જાન્યુઆરી 1950થી અમલમાં આવ્યું, ત્યારે આપણે એ જોવું રહ્યું કે આપણા બંધારણનું વિઝન શું છે તથા તેમાં આપણે શિક્ષણની કેટલી ચિંતા કરી શિક્ષણ સંબંધી કેવી જોગવાઈઓ કરી છે. આપણે આ એકમમાં ભારતીય બંધારણીય રચના અને તેનું વિઝન, બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓ અને વિવિધ આર્ટિકલોના અર્થઘટનની સાથે સાથે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાના અધિકારના કાયદા (2009) વિશે તેમજ માનવ ઘડતર માટેના પાયારુપ અધિકારોનું પ્રાથમિક શિક્ષણથી જ આરોપણ થાય એ દ્રષ્ટિકોણથી માનવ અધિકારોના શિક્ષણનો અભ્યાસ કરીશું.

## *4.2* ઉદ્દેશ

પ્રસ્તુત એકમના અભ્યાસથી આપ નીચે જેવી બાબતોમાં સમર્થ બનશો.

1. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય બંધારણની રચના અને તેનું વિઝન મૂલવી શકશે.
2. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓ વર્ણવી શકશે.
3. પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણ સંબંધી આર્ટિકલની યાદી બનાવી તેનું અર્થઘટન કરી શકશે.
4. પ્રશિક્ષણાર્થીઓ ભારતીય બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓના ફલિતાર્થ જણાવી શકશે.
5. પ્રશિક્ષણાર્થીઓ સમાનતા માટે શિક્ષણ વિશે જણાવી શકશે.
6. પ્રશિક્ષણાર્થીઓ વંચિત જૂથના બાળકોના શિક્ષણની સમજૂતી આપી શકશે.
7. પ્રશિક્ષણાર્થીઓ R.T.E.-2009 વિશેની મૂળભૂત બાબતો જણાવી શકશે.
8. પ્રશિક્ષણાર્થીઓ માનવ અધિકારો વિશે જણાવી શકશે.
9. પ્રશિક્ષણાર્થીઓ માનવ અધિકારોના શિક્ષણમાં તંત્ર અને શાળાની ભૂમિકા જણાવી શકશે.
10. પ્રશિક્ષણાર્થીઓ માનવ અધિકારોના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા જણાવી શકશે.

## 4.3 ભારતીય બંધારણની રચના અને વિઝન

15મી ઓગસ્ટ, 1947ના મંગલદિને ભારત સ્વતંત્ર થયું. સ્વતંત્ર દેશના સુચારું વહીવટ માટેના મૂળભૂત દસ્તાવેજ ઘડવા માટે બંધારણ સમિતિની રચના કરવામાં આવી હતી. બંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર પ્રસાદની પસંદગી કરવામાં આવી. ખરડા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. ભીમરાવ આંબેડકરની પસંદગી કરવામાં આવી. બંધારણ સભામાં કુલ 389 સભ્યો હતા. આ સભ્યો ભારતની વિવિધ કોમ, પ્રદેશ અને રાજકીય પક્ષોનું પ્રતિનિધિત્વ કરતા હતા. બંધારણના ભગીરથ કાર્ય માટેની કામગીરી 2 વર્ષ, 11 માસ અને 18 દિવસ ચાલી હતી. બંધારણ સભાના 166 દિવસના અંતે 26મી નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભામાં ભારતનું બંધારણ પસાર કરવામાં આવ્યું અને 26મી જાન્યુઆરી, 1950ના રોજથી તેનો અમલ શરુ થયો.

**બંધારણનું વિઝન**

ભારતીય બંધારણનું વિઝન પંડિત જવાહરલાલ નેહરુના નીતિદર્શક ઠરાવ-12 જાન્યુઆરી, 1947માંથી સ્વીકારવામાં આવ્યું છે. આ ઠરાવમાં નીચે મુજબના આદર્શોને ધ્યાનમાં રાખીને બંધારણની રચના કરવામાં આવી છે :

1. સ્વતંત્ર, સાર્વભૌમ, પ્રજાસત્તાક ભારત રાજ્યની સ્થાપના
2. ભારતસંઘમાં જોડાતા પ્રદેશોનું સ્થાન સ્વશાસિત એકમોનું હશે.
3. સાર્વભૌમ સત્તા પ્રજા પાસે રહેશે.
4. દરેક નાગરિકને મૂળભૂત અધિકારો, તક અને કાનૂનની સમાનતા તેમજ સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાય પ્રાપ્ત થશે.
5. લઘુમતી કોમો, પછાત અને આદિવાસી સમુદાયોને પોતાની ઉન્નતિ અને વિકાસ માટે તકો અને સલામતી પૂરી પાડવામાં આવશે.
6. પ્રજાસત્તાક રાજ્યના વિસ્તારની અખંડિતતાનું અને તેના સાર્વભૌમ હક્કોનું રક્ષણ અને ન્યાય સંસ્કૃત રાષ્ટ્ર રાજ્યોના કાયદાઓ અનુસાર કરવામાં આવશે.
7. આ રીતે આ પ્રાચીન સભ્યતા, જગતમાં પોતાનું માનભર્યું તથા ન્યાયોચિત સ્થાન મેળવશે. વિશ્વશાંતિ તેમજ માનવજાતના કલ્યાણમાં પોતાનો સંપૂર્ણ ફાળો આપશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ભારતના દરેક નાગરિકના કલ્યાણ અર્થે બંધારણનું ઘડતર કરવામાં આવ્યું છે. આ તમામ આદર્શો ભારતીય બંધારણમાં અને આમુખમાં પ્રતિબિંબિત થાય છે.

ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે. બંધારણની શરુઆત આમુખથી થાય છે. આમુખનો શાબ્દિક અર્થ પ્રસ્તાવના થાય છે. પણ અહીં આમુખ ફક્ત પ્રસ્તાવના ન રહેતા તેનાથી વિશેષ છે. આમુખ બંધારણનું હાર્દ છે. તે બંધારણના આદર્શો અને ધ્યેયોનું વર્ણન કરે છે.

પ્રશિક્ષણાર્થી મિત્રો, 1950 પછી 1976માં 42મા બંધારણીય સુધારા દ્વારા આમુખમાં ‘સમાજવાદી’, ‘ધર્મનિરપેક્ષ’, ‘રાષ્ટ્રની એકતા’ અને ‘અખંડિતતા’ જેવા શબ્દો સામેલ કરી આમુખની મૂળ ભાવનાને વધારે સ્પષ્ટ કરી છે. ભારતના બંધારણનું આમુખ નીચેના શબ્દોમાં રજૂ થયું છે.

**આમુખ**

"અમે, ભારતના લોકો, ભારતને એક
સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક
લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો તથા તેના સર્વે નાગરિકોને:
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને
ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની
સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો અને
તેઓ સર્વેમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદ્રઢ કરે એવી
બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ
કરીને અમારી સંવિધાનસભામાં 26મી
નવેમ્બર, 1949ના રોજ આથી આ
સંવિધાન અપનાવી તેને અધિનિયમિત
કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ"

ઉપરોક્ત આમુખમાં સ્પષ્ટ થાય છે કે ભારત લોકશાહી ગણરાજ્ય છે. ગણરાજ્યના છ મૂળ સિદ્ધાંતો-સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો, સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને ન્યાય છે. ભારત એક 'કલ્યાણ રાજ્ય' (Welfare State) બને એવો આદર્શ અહીં રજૂ થયો છે.

ભારતીય બંધારણમાં આર્ટિકલ 12થી 32 સુધી નાગરિકોના મૂળભૂત અધિકારો સ્પષ્ટ કર્યા છે. શરુઆતમાં નાગરિકોને સાત મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા. પરંતુ 1979માં બંધારણના 44મા બંધારણીય સુધારા દ્વારા ‘સંપત્તિના અધિકાર’ને આ યાદીમાંથી રદ કરી કાનૂની અધિકાર યાદીમાં સામેલ કર્યો છે. ત્યારબાદ 2002માં સરકારે 86મા બંધારણીય સુધારા અન્વયે ‘શિક્ષણનો અધિકાર’ મૂળભૂત અધિકાર તરીકે સામેલ કર્યો છે.

બંધારણના અમલથી 1976 સુધી બંધારણમાં મૂળભૂત અધિકારોની જ વ્યવસ્થા કરી હતી. પણ નાગરિકોના ઉત્તરદાયિત્વની ચર્ચા-વિચારણા બંધારણમાં ન હતી. 1976માં 42મા બંધારણીય

સુધારા દ્વારા આર્ટિકલ-51 (ક)માં ભારતીય નાગરિકોના દસ મૂળભૂત કર્તવ્ય(ફરજ) ને સામેલ કર્યા. 2002માં 86મા બંધારણીય સુધારા દ્વારા આર્ટિકલ-51(ક)(ડ)માં 11મી મૂળભૂત ફરજનો ઉમેરો કર્યો.

આપણે ભારતના બંધારણમાં મૂળભૂત હકો અને કર્તવ્ય (ફરજો) વિશે જાણ્યું પણ એક ભાવિ શિક્ષક તરીકે આપણે મૂળભૂત હકોને જેટલું મહત્વ આપીએ છીએ તેટલું જ મહત્વ મૂળભૂત કર્તવ્યોને આપવું જોઈએ. નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે, દેશના વિકાસ માટે અને ભારત એક 'કલ્યાણ રાજ્ય' (Welfare State) બની રહે એ અતિ મહત્વનું છે. આપણા બંધારણના આદર્શો સાચા અર્થમાં ચરિતાર્થ થાય એવા પ્રયત્નશીલ બનીએ.

**પ્રોજેક્ટ કાર્ય** :

આપણી શાળામાં/અભ્યાસક્રમમાંથી બંધારણના આમુખમાં દર્શાવેલ મૂલ્યોને તારવી સંગ્રહિત કરીએ.

**તમારી પ્રગતિ ચકાસો** :

1. બંધારણની રચના વિશે ટૂંક નોધ લખો.
2. આમુખનો અર્થ સમજાવો.

## *4.4* બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓ

ભારતીય બંધારણે ભારતના નાગરિકોને શિક્ષણનો અધિકાર (Right to Education) આપ્યો છે. ત્યારે નાગરિક પોતાના શિક્ષણના અધિકારનો ઉપયોગ કરી પોતાના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બને તે અપેક્ષિત છે. પ્રશિક્ષણાર્થી મિત્રો, બંધારણમાં શિક્ષણ સંબંધી અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓનો અભ્યાસ કરતા પહેલા 'રાજ્ય' ની ટૂંકી સમજ મેળવીએ.

**રાજ્ય (State) :** બંધારણમાં રાજ્ય શબ્દ સંઘ (કેન્દ્ર), રાજ્ય અને સ્થાનિક કારોબારી એમ ત્રણેય માટે વપરાયો છે.

### 4.4.1 શિક્ષણનો સંયુક્ત યાદીમાં સમાવેશ

ભારતીય બંધારણમાં સત્તાની વહેંચણી ત્રણ ભાગમાં કરવામાં આવી છે : (1) સંઘ યાદી (Union List) (2) રાજ્ય યાદી (State List) અને (3) સંયુક્ત યાદી (Concurrent List). સંઘ યાદીમાં સામેલ વિષયો સંબંધી કાનૂન કેન્દ્ર સરકાર બનાવે છે. રાજ્ય યાદીના વિષયો પર રાજ્ય અને કેન્દ્ર સરકાર કાયદા ઘડી શકે, પણ જ્યારે બન્નેના કાયદામાં વિરોધાભાસ હોય તો કેન્દ્ર સરકારનો કાયદો અમલી બને. બંધારણના અમલથી 1976 સુધી શિક્ષણનો સમાવેશ રાજ્ય યાદીમાં હતો એટલા માટે શિક્ષણની

વ્યવસ્થા કરવાનું ઉત્તરદાયિત્વ જે-તે રાજ્ય સરકારોનું હતું. કેન્દ્ર (સંઘ) સરકારનું ઉત્તરદાયિત્વ કેન્દ્રશાસિત પ્રદેશની શિક્ષણ વ્યવસ્થા અને કેટલીક રાષ્ટ્રીય મહત્વ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ટેકનિકલ અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા જાળવવા સુધી સીમિત હતું. ઈ. સ. 1976માં 42મા બંધારણીય સુધારા અન્વયે શિક્ષણને સંયુક્ત યાદીમાં સામેલ કરવામાં આવ્યું. આ સુધારાથી શિક્ષણની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંયુક્ત બની. વર્તમાન સમયમાં કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું નિર્માણ, કેન્દ્રશાસિત પ્રદેશોની શિક્ષણ વ્યવસ્થા કરવી, સમગ્ર દેશમાં સામાન્ય શિક્ષણની સુવિધાઓનો સમન્વય સ્થાપિત કરવો, ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવવી, રાષ્ટ્રીય મહત્વની ભાષાઓનો વિકાસ કરવાની અને રાષ્ટ્રીય મહત્વની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓની વ્યવસ્થા કરવાની જવાબદારી છે. રાજ્ય સરકારોની જવાબદારી રાષ્ટ્રીય શિક્ષણનીતિને અનુરુપ પોત-પોતાના રાજયોમાં શિક્ષણ વ્યવસ્થાની છે. કેન્દ્ર સરકારે દેશના વિભિન્ન ભાગોમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને શિક્ષણ વ્યવસ્થા માટે આર્થિક સહાયતા પૂરી પાડે છે. રાજ્ય સરકારો શિક્ષણના સાર્વત્રિકરણના ધ્યેય માટે સતત પ્રયત્નશીલ છે અને રાજ્ય સ્તરે અનેક યોજનાઓ ચલાવે છે. ઉદાહરણ તરીકે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી વગેરે.

### 4.4.2 જન્મથી 6 વર્ષના બાળકોની દેખભાળ અને શિક્ષણની વ્યવસ્થા

બંધારણના આર્ટિકલ-45મા ઘોષણા કરાઈ હતી કે – 'રાજ્ય બંધારણના અમલની શરુઆતથી 10 વર્ષના સમયગાળાની અંદર 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરશે.' પરંતુ 2002માં 86મા બંધારણીય સુધારા દ્વારા તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એ મુજબ રાજ્ય 0થી 6 વર્ષના બાળકોની દેખભાળ અને તેમના શિક્ષણની વ્યવસ્થા કરવાની જવાબદારી રાજ્યની રહેશે.

### 4.4.3 6થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ

ભારતીય બંધારણના આર્ટિકલ-45મા ઘોષણા કરવામાં આવી હતી કે રાજ્ય બંધારણના અમલથી 10 વર્ષના સમયગાળાની અંદર 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ દિશા-નિર્દેશક સિદ્ધાંત અન્વયે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હતી અને તેના ભાગ રુપે શિક્ષણમાં સુધારા જોવા મળ્યા છે. પરંતુ અંતિમ ધ્યેય સાર્વત્રિકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો હેતુ સંપૂર્ણપણે સિદ્ધ થયો ન હતો. આ હેતુ-સિદ્ધિ માટે 2002માં 86મા બંધારણીય સુધારા અન્વયે શિક્ષણનો અધિકાર નામનો કાયદો ઘડવામાં આવ્યો અને તેને એપ્રિલ-2010થી અમલીકૃત કરવામાં આવ્યો. આ સુધારા અન્વયે આર્ટિકલ-21(ક) ઉમેરવામાં આવ્યો. આ આર્ટિકલ મુજબ દેશના તમામ 6 થી 14 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાની જવાબદારી સરકારની છે અને બાળકોને શિક્ષણ

મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો. આગળના મુદ્દામાં શિક્ષણના અધિકાર વિશે વિગતે અભ્યાસ કરીશું.

### 4.4.4 શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સમાન અધિકાર

ભારતીય બંધારણના આર્ટિકલ-29(2) મુજબ રાજ્ય સંચાલિત, રાજ્યની સહાયથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈપણ વ્યક્તિને ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષાના આધારે પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણના અધિકારના અમલથી આર્થિક સહાય લેતી કે નહી લેતી શાળાઓને આ લાગુ પડે છે.

### 4.4.5 સ્ત્રીશિક્ષણ સંબંધી જોગવાઈ

પ્રાચીન સમયની જેમજ ભારતીય બંધારણમાં સ્ત્રીશિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે. આર્ટિકલ-15(3) મુજબ "રાજ્ય નાગરિકોને જાતીયતાને આધારે ભેદભાવ નહીં કરે અને જરુર જણાય તો સ્ત્રીઓ તેમજ બાળકોના ઉત્કર્ષ માટે રાજ્ય ખાસ જોગવાઈ કરી શકશે.'' આ અનુસાર રાજ્ય સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપે તેવા વિશિષ્ટ કાર્યક્રમો માટે સ્વતંત્રત છે. આપણા રાજ્યમાં સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવા સંદર્ભે પ્રાથમિક કક્ષાએ કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા શિક્ષણને નિ:શુલ્ક કરવામાં આવેલ છે.

### 4.4.6 સમાજના નબળા વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો માટે શિક્ષણની જોગવાઈઓ

બંધારણના આર્ટિકલ-17 મુજબ 'અસ્પૃશ્યતા (છૂઆ-છૂત)ને લગતી બાબતો પ્રતિબંધિત છે તેમજ તેના માટે દંડનીય જોગવાઇ કાયદામાં કરવામાં આવેલ છે.' સમાજમાં અને શાળામાં આ પ્રકારનાં ભેદભાવ બાળકો વચ્ચે રાખવા ગેરબંધારણીય છે.

આર્ટિકલ-46મા જણાવ્યા અનુસાર રાજ્ય સમાજના નબળા વર્ગો વિશેષ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક તથા આર્થિક હિતોનું વિશેષ ધ્યાન આપી સામાજિક અન્યાય અને બધા જ પ્રકારના શોષણથી રક્ષણ કરવું જોઈશે. અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે ખાસ જોગવાઈ કરી છે. સરકારી શાળાના તમામ બાળકોને મફત પાઠ્યપુસ્તક અને ગણવેશ આપે છે તેમજ શિષ્યવૃત્તિની પણ જોગવાઈ કરવામાં આવી છે.

### 4.4.7 લઘુમતીઓ માટે શિક્ષણની જોગવાઈઓ

બંધારણમાં લઘુમતી શબ્દ અલ્પસંખ્યક માટે ઉપયોગમાં લેવાયો છે. તે ધર્મ કે ભાષાકીય જૂથ હોઇ શકે. ભારતીય બંધારણમાં લઘુમતી સમુદાય માટે આર્ટિકલ-30માં બે મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે.

30(1) તમામ ધાર્મિક કે ભાષાકીય લઘુમતી જાતિઓને પોતાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર રહેશે.

30(2) શિક્ષણ સંસ્થાઓને આર્થિક સહાય આપવાની બાબતમાં રાજ્ય કોઈપણ સંસ્થા પ્રત્યે તે ધાર્મિક કે ભાષાકીય લઘુમતીઓ દ્વારા સંચાલિત સંસ્થા છે તેવા કારણસર ભેદભાવ રાખી શકશે નહિ.

### 4.4.8 ધાર્મિક શિક્ષણ સંબંધી સ્પષ્ટ નિર્દેશ

ભારતીય બંધારણના આર્ટિકલ-28માં ઘોષણા કરવામાં આવી છે કે રાજ્યના નાણાંમાંથી નિભાવાતી શિક્ષણ સંસ્થામાં કોઈ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં. તેમજ સહાય દ્વારા ચાલતી અથવા રાજયે માન્ય કરેલી શિક્ષણ સંસ્થાઓમાં હાજરી આપનાર કોઈપણ વ્યક્તિને એવી સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણમાં કે સંસ્થા સાથે સંકળાયેલા મકાનમાં ચાલતી ધાર્મિક વિધિમાં હાજર રહેવાની ફરજ પાડી શકાય નહીં.

### 4.4.9 મહત્વની રાષ્ટ્રીય ભાષાઓનું શિક્ષણ

ભારતીય બંધારણના આર્ટિકલ-344(1) અન્વયે 15 ભાષાઓને મહત્વની રાષ્ટ્રીય ભાષાઓ ઘોષિત કરી છે. ત્યારબાદ 1992માં 72મા બંધારણીય સુધારા સાથે અન્ય ત્રણ ભાષાઓનો ઉમેરો કર્યો હતો. ત્યારબાદ 2003માં બંધારણીય 92માં સુધારા અન્વયે ચાર ભાષાઓનો સમાવેશ કર્યો છે. આ 22 ભાષાઓના વિકાસ માટે રાજ્ય આવશ્યક બધા જ પ્રયાસ કરશે.

**જાણવા જેવું :**

બંધારણમાં મહત્વની રાષ્ટ્રીય ભાષાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. અસમીયા | 2. બંગાળી | 3. બોડો | 4. ડોંગરી | 5. ગુજરાતી | 6. હિન્દી |
| 7. કન્નડ | 8. કશ્મીરી | 9. કોકણી | 10. મૈથિલી | 11.મલયાલમ | 12. મણિપુર |
| 13. મરાઠી | 14. નેપાળી | 15. ઊડીયા | 16. પંજાબી | 17. સંસ્કૃત | 18. સંથાલી |
| 19. સિંધી | 20. તમીલ | 21. તેલુગુ | 22. ઉર્દૂ | | |

### 4.4.10 રાષ્ટ્રભાષા હિન્દી માટેની જોગવાઈ

ભારતીય બંધારણમાં આર્ટિકલ-343માં હિન્દીને સંઘની રાજભાષા ઘોષિત કરી છે. સંઘ સરકારના પત્રવ્યવહારનું માધ્યમ હિન્દી સ્વીકાર્યુ છે. આ ઉપરાંત આર્ટિકલ-351માં તેના વિકાસ/પ્રસાર–પ્રચાર માટેની વિશેષ વ્યવસ્થા કરવાની જવાબદારી રાજ્યની ઘોષિત કરી છે.

### 4.4.11 માતૃભાષામાં શિક્ષણ

ભારતીય બંધારણના આર્ટિકલ-350(ક)માં જોગવાઈ કરવામાં આવી છે, તે અનુસાર પ્રાથમિક શાળાના બાળકોને પોતાની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે પૂરી પાડવી.

### 4.4.12 માતા-પિતા કે વાલીની જવાબદારી

ભારતીય બંધારણમાં શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડવાની જવાબદારી રાજ્યની છે તે સંબંધી જોગવાઈઓનો અભ્યાસ કર્યો. બંધારણીય સુધારા-2002 અંતર્ગત પહેલી વાર ભારતીય નાગરિકોને વાલી તરીકે બાળકોના શિક્ષણની જવાબદારી નક્કી કરવામાં આવી.

ભારતીય બંધારણના આર્ટિકલ-51(ક)(ડ)માં “વાલી કે ગાર્ડિયને 6 થી 14 વર્ષના બાળકોને શૈક્ષણિક તકો પૂરી પાડવી.” તે મુજબની જોગવાઈ કરવામાં આવી છે.

ભારતમાં શિક્ષણનો અધિકાર અમલમાં આવતા શિક્ષણનું સાર્વત્રિકરણ તેમજ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુઓ સિદ્ધ થશે.

લોકશાહી રાષ્ટ્ર અને તેના નાગરિકોને વિકાસ માટે બંધારણમાં શિક્ષણનો અધિકાર પોતાના નાગરિકોને આપી એક સબળ રાષ્ટ્ર, વિકસિત રાષ્ટ્રનિર્માણ તરફ કદમ મૂક્યું છે ત્યારે આદર્શ નાગરિક અને આદર્શ વાલી બની દેશના ભાવિ નાગરિકોના નિર્માણમાં યશભાગી બનીએ.

**પ્રોજેક્ટ કાર્ય** :

પોતાના ગામમાં 6થી 14 વર્ષના બાળકો શાળા બહાર હોય તેની યાદી બનાવીએ, તેમના કારણો અને આ બાળકોને શાળામાં પુનઃપ્રવેશ માટે શું કરી શકાય તે વિશે અહેવાલ તૈયાર કરો.

**તમારી પ્રગતિ ચકાસો** :

**સુચના** : માગ્યા મુજબ ઉત્તરો નોંધો.

1. પૂર્વપ્રાથમિક શિક્ષણ સંબંધી બંધારણમાં કઈ જોગવાઈ છે?
2. પ્રાથમિક શાળામાં પ્રવેશ સંબંધી જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?
3. ભાષાશિક્ષણ સંબંધી કઈ-કઈ જોગવાઈઓ ભારતીય બંધારણમાં છે? દરેકની સમજૂતી આપો.
4. ભારતીય બંધારણના કયા આર્ટિકલ દ્વારા નાગરિકોને શિક્ષણના સાર્વત્રિકરણમાં ભાગીદાર બનાવવામાં આવ્યા છે?

## 4.5 ભારતીય બંધારણમાં સમાનતા માટે શિક્ષણ


ભારત લોકશાહી દેશ છે. ભારતના બંધારણમાં પ્રત્યેક નાગરિકોને સાત મૂળભૂત અધિકાર આપવામાં આવ્યા છે. આ અધિકારો દેશના બધા જ નાગરિકોને કોઈપણ જાતના ભેદભાવ સિવાય ભોગવે છે. બંધારણ આ અધિકારોના રક્ષણની ખાતરી આપે છે. નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ એ લોકશાહીનું જ રક્ષણ છે.

**સમાનતા માટેના શિક્ષણની સંકલ્પના** :

સમાન શૈક્ષણિક તક આપવા સમાનતા માટે શિક્ષણ એ કોઈપણ લોકશાહી દેશના પાયામાં રહેલો આદર્શ છે. ભારતીય બંધારણે પ્રત્યેક નાગરિકને તેની બુદ્ધિશક્તિની મર્યાદામાં રહીને પોતાનો વિકાસ સાધવાનો હક આપેલ છે. સમાન શૈક્ષણિક તકમાં શિક્ષણ પ્રાપ્તિની સમાનતાનો હક અને તેના દ્વારા વ્યક્તિ વિકાસનો આદર્શ અભિપ્રેત છે. આ દેશમાં રહેતી તમામ વ્યક્તિઓને પોતાની બૌદ્ધિક મર્યાદામાં રહીને પોતાનો મહત્તમ વિકાસ સાધવાનો અબાધિત અધિકાર છે. ભલે વ્યક્તિ કોઈપણ ધર્મ, વર્ણ કે સ્તરની હોય, કોઈપણ વિસ્તારમાં રહેતી હોય, છોકરો હોય કે છોકરી, ગમે તેવા અંતરાયો હોવા છતાં તે સૌની જેમ શિક્ષણ મેળવી શકે અને પોતાનો વિકાસ સાધી શકે એટલે સમાન શૈક્ષણિક તક. શિક્ષણની પ્રાપ્તિ માટે કોઈપણ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક કે જાતિય અંતરાયો વિના સમાજના પ્રત્યેક નાગરિકને શિક્ષણ મેળવવાની અને વિકાસ સાધવાની સમાન તક એટલે સમાનતા માટેનું શિક્ષણ.

વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે એટલાથી સમાન શૈક્ષણિક તક પ્રાપ્ત નથી થતી. શાળામાં પ્રવેશ મેળવી લીધા બાદ પ્રત્યેક વિદ્યાર્થીને શૈક્ષણિક વિકાસની એકસરખી તક પ્રાપ્ત થવી જોઈએ. ભારતીય બંધારણના આર્ટિકલ-15 મુજબ શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈપણ વ્યક્તિને ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળના આધારે ભેદભાવ કે પ્રતિબંધિત કરી શકાશે નહીં.

બીજા અર્થમાં એમ કહી શકાય શિક્ષણ જ એક એવું પરિબળ છે જેના દ્વારા સમાજમાં સમાનતા લાવી શકાય. શિક્ષણ દ્વારા સૌનો આર્થિક વિકાસ થવો જોઈએ. શિક્ષણ દ્વારા જાતિ, લિંગભેદ, જ્ઞાતિભેદ દૂર થવા જોઈએ. આર્થિક પરિસ્થિતિ આધારિત સમાજના ઉચ્ચ, મધ્યમ અને નીચલા વર્ગો વચ્ચેની ખાઈ દૂર થવી જોઈએ. આ માટે સૌને સમાન શૈક્ષણિક તક મળવી જોઈએ.




આર.ટી.ઈ.-2009ના અમલથી પ્રાથમિક શાળાઓમાં કોઈપણ જાતના ભેદભાવ વિના બધાને માટે પૂરતો સમય તથા વિષયવસ્તુ સાથે મફત અને ફરજિયાત શિક્ષણની સુવિધાની વ્યવસ્થા રાજ્ય દ્વારા કરવામાં આવી છે.

**સમાન શૈક્ષણિક તકની જરુરિયાત** :

- ભારત લોકશાહી દેશ છે. લોકશાહી દેશમાં નાગરિકો પોતાનું મહત્વ સમજે તે માટે શિક્ષણની જરુરિયાત છે.
- ભારતદેશના પ્રાણપ્રશ્નો, ગરીબી, બેકારી, વસ્તીવધારો, પર્યાવરણ અસમતુલાના ઉકેલ માટે
- દેશના આર્થિક, સામાજિક અને ઔધોગિક વિકાસ માટે
- રાષ્ટ્રીય એકતા અને ભાવાત્મક એકતા માટે
- સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન માટે
- બિનસાંપ્રદાયિકતા, જાતિય સમાનતા, પર્યાવરણ જાળવણી, નાના કુટુંબની ભાવનાનું પાલન, વૈજ્ઞાનિક વલણ જેવા રાષ્ટ્રીય મૂલ્યોના વિકાસ માટે
- દેશમાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે પ્રવર્તમાન અસમાનતા દૂર કરવા માટે

### 4.5.1 શૈક્ષણિક સમાન તક માટે કોઠારી શિક્ષણ પંચની ભલામણો

સમાન શૈક્ષણિક તક માટે કોઠારી શિક્ષણ પંચે ખૂબ જ મહત્વની ભલામણો કરી છે, જે સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :

**(1) શિક્ષણ-ફીની નાબૂદી** :

શિક્ષણના તમામ તબક્કે મફત શિક્ષણ આપવાનું ધ્યેય રાષ્ટ્રનું અંતિમ ધ્યેય હશે. આ ભલામણની ફલશ્રુતિ રુપે આર.ટી.ઈ.-2009ના અમલ અન્વયે પ્રાથમિક શાળામાં 6થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે અને ખાનગી શાળાઓમાં નબળા અને વંચિત જૂથના બાળકો માટે પ્રથમ ધોરણમાં પ્રવેશ માટે પણ 25% અનામત વ્યવસ્થા કરવામાં આવી છે.

**(2) મફત પાઠ્યપુસ્તકો** :

પ્રાથમિક શાળાઓના બધા જ બાળકોને મફત પાઠ્યપુસ્તકો આપવાની યોજના અમલમાં છે.

**(3) કેળવણીના તમામ તબક્કે શિષ્યવૃત્તિની સગવડ** :

પ્રાથમિક કક્ષાએ કોઈપણ આશાસ્પદ વિદ્યાર્થી આર્થિક મુશ્કેલીને કારણે ભણી ન શકે તેવું ન બનવું જોઈએ. વર્તમાન સમયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

**(4)** છોકરીઓના શિક્ષણ પર વધુ ભાર આપવો.

**(5)** આદિવાસી બાળકોના શિક્ષણ પર વિશેષ ભાર આપવો.

કોઠારી શિક્ષણ પંચની ઉપરોક્ત ભલામણો ધ્યાનમાં રાખી પ્રાથમિક શિક્ષણમાં શિક્ષણની સમાન તકો માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. વંચિત જૂથો, ખાસ કન્યાઓ માટેનું શિક્ષણ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો તથા વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોના શિક્ષણ વિશે ચર્ચા કરીશું.

### 4.5.2 કન્યાઓ માટે શિક્ષણ અને સમાનતા

ભારતમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં ઘણા ચડાવ-ઉતાર જોવા મળ્યા છે. ઈતિહાસ વિહંગાવલોકન કરીએ તો વેદકાલીન સમયમાં સ્ત્રીઓ અને પૂરુષોને સમાન સ્થાન આપવામાં આવતું હતું. વર્તમાન સમયમાં તેમાં બદલાવ જોવા મળે છે. હાલના તબક્કે કન્યાઓનો શિક્ષણઆંક નીચો છે. સ્ત્રી-પુરુષના સાક્ષરતાના આંકડામાં પણ સ્પષ્ટપણે તફાવત જોઈ શકાય છે. 21મી સદીમાં આ પરિસ્થિતિમાં ધીમો પણ મક્કમ સુધારો જોવા મળ્યો છે. તેને વધારે સમાન તક મળે એ માટેના પ્રયત્નો અહીં નીચે મુજબ સૂચવવામાં આવ્યા છે.

**(1)** કન્યા કેળવણી માટે એક રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશ શરુ કરવી. કન્યા કેળવણીનું મહત્વ સમજાવવા જાગૃતિ લાવવા એક્શન પ્લાન ઘડી સમૂહ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર કરવો. ગુજરાતમાં છેલ્લા 10 વર્ષથી કન્યા કેળવણી મહોત્સવ ઊજવાય છે.

**(2)** કન્યાઓ માટે ફી નાબૂદી કરવી.

**(3)** કન્યા કેળવણી માટે પછાત વિસ્તારોમાં આશ્રમશાળાની સ્થાપના કરવી જોઈએ. આવી શાળાનો સંપૂર્ણ ખર્ચ સરકારે ભોગવવો.

**(4)** રાજ્યકક્ષાએ અને કેન્દ્રમાં કન્યાઓના શિક્ષણના પ્રશ્નો સાંભળી, તેનો ઉકેલ લાવે તેવા વહીવટી-તંત્રની રચના કરવી.

**(5)** મહિલા સંગઠનોએ કન્યા કેળવણીની ઝુંબેશને વિશેષ મહત્વ આપી તેના માટે કાર્ય કરવું.

**(6)** આર્થિક રીતે પછાત કન્યાઓને આર્થિક સહાય અને તેજસ્વી કન્યાઓ માટે વિશેષ શિષ્યવૃત્તિની જોગવાઈ કરવી.

- શિક્ષણના સાર્વત્રિકરણ, સામાજિક ન્યાય અને સમાનતા માટે ખાસ કરીને જે કન્યાઓએ તેમનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો હોય તેઓ માટે કસ્તુરબા-ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) શાળાઓ શરુ કરવામાં આવી છે.
- આ શાળાઓમાં શિક્ષણ ઉપરાંત તેમને ઉપયોગી એવા સીવણ, ભરતગૂંથણ, પાકશાસ્ત્ર, ચિત્રકામ વગેરે વિષયો પર ભાર મૂકવામાં આવે છે.

### 4.5.3 સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોનું શિક્ષણ

રોજિંદા જીવનમાં મુશ્કેલીઓ અને મર્યાદાઓનો સામનો કરતા, સંતોષકારક આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દરજ્જો (Status) પ્રાપ્ત કરવાને અસમર્થ એવા લોકોને સામાજિક રીતે પછાત ગણવામાં આવે છે. ભારતમાં સામાન્ય રીતે કેટલીક નીચલી જ્ઞાતિઓ, આદિવાસીઓને સામાજિક પછાત ગણવામાં આવે છે. આર્થિક રીતે પછાત એ આર્થિક સ્થિતિના સંદર્ભમાં જોવામાં આવે છે. અહીં આપણે સમાજના વંચિત વર્ગ ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિના શિક્ષણની સમાન તકો વિશે ચર્ચા કરીએ.

**(1)** અનુસૂચિત જાતિ અને જનજાતિના બાળકોને કોઈપણ મુશ્કેલી વગર શાળામાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી. શાળામાં અસ્પૃશ્યતા સમાનતા માટે બાધક છે. આથી બંધારણના આર્ટિકલ-17 દ્વારા અસ્પૃશ્યતાની નાબૂદી કરવામાં આવી છે. તેનું કોઈપણ સ્વરુપમાં આચરણ પ્રતિબંધિત છે. શાળામાં આ પ્રકારનું ભેદભાવમુક્ત વાતાવરણનું નિર્માણ કરવું.

**(2)** શાળામાં પછાત વર્ગના બાળકો અન્ય બાળકોથી જુદા ન પડે તેની તકેદારી રાખવી. શાળામાં આ માટે વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરી બધા જ વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા.

**(3)** પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમોનો ઢાંચો પ્રાદેશિક વિસ્તારના વાતાવરણને અનુરુપ બનાવવો.

**(4)** પછાત વર્ગોને મુખ્ય પ્રશ્ન ભાષાનો હોય છે. તેઓની વિવિધ બોલીઓના માધ્યમ દ્વારા શિક્ષણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી અને તે અનુસાર શિક્ષકે શિક્ષણકાર્ય કરવું.

**(5)** પછાતવર્ગોવાળા વિસ્તારમાં વધુને વધુ આશ્રમશાળાઓ શરુ કરવી.

**(6)** પછાત વર્ગોના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે શિષ્યવૃત્તિ અને આર્થિક સહાય આપવી. પ્રાથમિક શાળાઓમાં શિષ્યવૃત્તિ, ગણવેશ, પાઠ્યપુસ્તકો વગેરે નિ:શુલ્ક આપવામાં આવે છે.

### 4.5.4 વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોનું શિક્ષણ (CWSN)

વર્ગખંડોમાં અધ્યયન સમસ્યા ધરાવતા બાળકો હોય છે. આ બાળકો વારસાગત અથવા અધ્યયન પર્યાવરણના અભાવે આ સમસ્યા ધરાવે છે. વિદ્યાર્થીઓની નિમ્ન પ્રકારની બૌદ્ધિક શક્તિ,

કાનની બહેરાશ કે આંખની નબળાઈ વગેરે આંતરિક ક્ષતિઓ તેમજ અન્ય શારીરિક ખોડખાંપણ જેવી બાહ્ય ક્ષતિઓ વગેરે અધ્યયનને નડતી ક્ષતિઓ છે. આ બધી ક્ષતિઓ અધ્યયન સમસ્યાઓ સર્જે છે. આ ક્ષતિઓ દૂર કરવામાં શિક્ષકે સજાગ રહી સતત પ્રયત્નશીલ રહેવુ જોઈએ. સમાનતા માટેના શિક્ષણના સંદર્ભે અહીં નીચેની બાબતો પર વિચાર કરીએ.

**(1)** વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોના શિક્ષણ સંદર્ભે ચર્ચા કરીએ છીએ ત્યારે શાળા આરોગ્ય તપાસ વિશે ખાસ ધ્યાન આપી વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોની સમસ્યાઓથી પરિચિત થઈ તે સમસ્યાઓ દૂર કરવામાં મદદરુપ બનવું અને તે અંગે વાલીઓને માર્ગદર્શન પણ આપવું.

**(2)** વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકો સાથે સહાનુભૂતિભર્યુ વર્તન રાખવું જોઈએ. આ બાળકોને સામાન્ય બાળકો સાથે દરેક અધ્યયન-પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવા.

**(3)** વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોને વર્ગમાં યોગ્ય હોય તેવી બેઠક-વ્યવસ્થા કરવી. દા.ત., શ્રવણની વિશિષ્ટ જરુરિયાતવાળા તેમજ દ્રષ્ટિની ખામી ધરાવતા બાળકોને આગળની હરોળમાં સ્થાન આપવું.

**(4)** માનસિક ક્ષતિ ધરાવતા બાળકો માટે અધ્યાપન દરમિયાન મૂર્ત શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો.

**(5)** શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા કરવી.

**(6)** વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકો માટે રિસોર્સ ટીચરની વ્યવસ્થા કરવી.

ભારતીય બંધારણમાં નાગરિકોના નિર્માણ માટે સમાન જોગવાઈઓ કરવામાં આવી છે. સમાજના મોટા સમૂહની વંચિતતા દૂર કરવા ખાસ પ્રબંધ કરાયો છે. શિક્ષક તરીકે આપણે શિક્ષણમાં સમાનતા લાવવા અને તેને વર્ગખંડમાં સાકાર કરવા આગળ વધીએ. વિશેષ ચર્ચા દ્વિતીય વર્ષના કોર્ષ 2-(બ) "સમાવેશી શિક્ષણ" કોર્સ અંતર્ગત કરીશું.

- **તમારી પ્રગતિ ચકાસો** :

1. શિક્ષણમાં સમાનતા એટલે શું?
2. સ્ત્રીશિક્ષણ માટે શિક્ષક શું કરી શકે ?
3. પછાત વર્ગના બાળકોને શિક્ષણની સમાન તક માટે શું કરવું જોઈએ ?
4. વિશિષ્ટ જરુરિયાતવાળા બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહિત કરવા કઈ-કઈ યોજનાઓ છે ?

## *4.6 શિક્ષણનો અધિકાર (Right to Education Act-2009)*

### 4.6.1 પ્રસ્તાવના.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે શિક્ષણના અધિકાર-2009 પૂર્વે પણ અનેકવિધ પ્રયાસો થયા છે, થઈ રહ્યા છે. આ બાબતને કાયદાકીય સ્વરુપ મળતાં શું ફેરફાર આવશે એ વિશે

આપણે ચર્ચા કરીશું. બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુદાયિક પ્રયાસ થાય અને જે-તે કક્ષાએ જવાબદારી સુનિશ્ચિત થાય એ માટે 'બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009' ઘડવામાં આવ્યો છે. આ કાયદાને ટૂંકમાં 'આર.ટી.ઈ. (રાઈટ ટુ એજ્યુકેશન) એક્ટ-2009' અથવા 'શિક્ષણના અધિકાર' તરીકે ઓળખવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં બાળકોના શિક્ષણ મેળવવાના અધિકાર સંદર્ભે કરવામાં આવેલ જોગવાઈઓ અને આ જોગવાઈઓ સંદર્ભની વિશિષ્ટ સમજ અંગેની ચર્ચા કરવામાં આવી છે.

### 4.6.2 ઉદ્દેશ

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચે જણાવેલ મુદ્દાઓ માટે સમર્થ બનશો.

- બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, 2009ની મૂળભૂત બાબતો જાણી શકશો.
- બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, 2009ની વિશિષ્ટ જોગવાઈઓ સંદર્ભે જરુરી સમજ કેળવી શકશો.

### 4.6.3 બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો અધિનિયમ ભારતીય સંસદ દ્વારા ઓગષ્ટ, 2009માં પસાર કરવામાં આવ્યો અને તેને 26મી ઓગષ્ટ, 2009ના દિવસે મહામહીમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા બહાલી આપવામાં આવી. ત્યારબાદ 01 એપ્રિલ, 2010થી જમ્મુ અને કશ્મીર સિવાયના સમગ્ર દેશમાં કાયદા સ્વરુપે તેનું અમલીકરણ શરુ કરવામાં આવ્યું.

પ્રસ્તુત કાયદો ભારતીય બંધારણના 86મા સુધારા તરીકે દાખલ કરવામાં આવ્યો જેમાં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવી.

- આર્ટિકલ-21(A) તરીકે રાઈટ ટુ એજ્યુકેશન નામનો અધિકાર દાખલ કરવામાં આવ્યો.
- આર્ટિકલ-45મા ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જગાએ દરેક રાજ્ય છ વર્ષ સુધીના બાળક માટે બાળકોના પૂર્વ પ્રારંભિક સંભાળ અને શિક્ષણ માટેના પ્રયાસો કરવા જોઈશે તે બાબત ઉમેરવામાં આવી.
- બંધારણની કલમ-51(A)માં સુધારો : માતા-પિતા કે વાલીને 6થી 14 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવા માટેની તક આપવા માટે જણાવેલ છે.

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009માં સાત પ્રકરણો હેઠળ કુલ 38 કલમો સમાવવામાં આવી છે. જેની ટૂંકી વિગત નીચે દર્શાવેલ છે.

| પ્રકરણ નંબર | કલમ ક્રમ | અગત્યની જોગવાઈઓ |
|---|---|---|
| 1 | 1 અને 2 | ટૂંકું શિર્ષક, વ્યાપ અને આરંભ |
| 2 | 3 થી 5 | મફત અને ફરજિયાત શિક્ષણનો હક, પ્રવેશ અને શિક્ષણ માટે ખાસ જોગવાઈ અને શાળા બદલીના હક |
| 3 | 6 થી 11 | યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો |
| 4 | 12 થી 28 | શાળા અને શિક્ષકોની જવાબદારી |
| 5 | 29, 30 | અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું |
| 6 | 31 થી 34 | બાળકોના અધિકારોનું શિક્ષણ |
| 7 | 35 થી 38 | પ્રકીર્ણ |

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 હેઠળ જે વિશિષ્ટ જોગવાઈઓ બાળકો સંદર્ભે કરવામાં આવી છે તેની ટૂંકી વિગતો જાણીએ :

- 6થી 14 વર્ષના બાળકને તેની નજીકની શાળામાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક રહેશે.
- 6થી વધુ વર્ષની વયજૂથના બાળકને શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો હોય ત્યારે ખાસ તાલીમ બાદ જ તેને તેની ઉંમર પ્રમાણેના ધોરણમાં દાખલ કરવામાં આવે.
- બાળકના પ્રવેશ માટે માથાદીઠ ફી કે પ્રવેશપરીક્ષા લઈ શકાશે નહીં.
- આ ઉપરાંત શાળામાં દાખલ કરેલ કોઈપણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે નહીં અથવા કાઢી શકાશે નહીં.
- બાળકને શારીરિક શિક્ષા કે માનસિક કનડગત કરી શકશે નહીં એટલે કે બાળકો સાથે મારપીટ નહીં કરી શકાય કે તેમને અપમાનજનક શબ્દો વડે સંબોધિત પણ નહીં કરી શકાય કે કોઈપણ એવું કૃત્ય પણ નહીં કરી શકાય કે જે બાળકને માનસિક તાણ પહોંચાડતું હોય.
- બાળકને પ્રાથમિક શિક્ષણ પૂરું થતા સુધી બોર્ડની કોઈ પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં અને પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં નિયત કરવામાં આવેલ સ્વરુપમાં પ્રમાણપત્ર આપવામાં આવશે.

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 હેઠળ જે શાળા અને શિક્ષકોની જવાબદારીઓ દર્શાવવામાં આવી છે તેની ટૂંકી વિગતો આપણે જાણીએ :

- શાળામાં નિયમિત હાજરી અને સમયપાલન
- નિર્ધારિત જોગવાઈઓ અનુસાર અભ્યાસક્રમ ચલાવવો અને પૂર્ણ કરવો.
- નિર્દિષ્ટ સમયની અંદર સંપૂર્ણ અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
- દરેક બાળકની ભણવાની / શીખવવાની શક્તિઓનું મૂલ્યાંકન કરી તેના આધારે પોતાની શિક્ષણ યોજનાઓ તૈયાર કરવી.

- બાળકોના માતા-પિતા અને વાલીઓ સાથે નિયમિત બેઠક યોજી બાળકની હાજરીની નિયમિતતા, બાળકની શીખવાની ક્ષમતા, અભ્યાસમાં સાધેલી પ્રગતિ તેમજ બાળક અંગેની અન્ય પ્રસ્તુત માહિતી અંગે જાણકારી આપવી.
- કોઈપણ શિક્ષક ખાનગી ટ્યૂશન કરે નહીં તથા બાળકોને શારીરિક કે માનસિક ત્રાસ આપી શકે નહીં.
- નિમ્ન પ્રાથમિક શાળાઓમાં ઓછામાં ઓછું 200 દિવસ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ઓછામાં ઓછું 220 દિવસનું શિક્ષણ થવું જોઈએ.
- એક અઠવાડિયામાં ઓછામાં ઓછું 45 કલાકનું કામ થવું જોઈએ.

**પ્રોજેક્ટ કાર્ય** :

ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અંગેના કાયદા-2009નો અભ્યાસ કરવો અને તદઅનુરૂપ ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અંગેના નિયમો-2012 અને ઠરાવો એકત્રિત કરી આ નિયમો અને ઠરાવોની મુદ્દાસર નોંધ તૈયાર કરો.

**તમારી પ્રગતિ ચકાસો** :

1. આ અધિનિયમમાં દર્શાવ્યા અનુસાર મફત અને ફરજિયાત શિક્ષણનો અર્થ શો થશે?
2. જો કોઈ 12 વર્ષના બાળકે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ ન હોય અને તે શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છે તો તેને .......................... ધોરણમાં પ્રવેશ આપવો જોઈએ. આ માટેની આપની દલીલ જણાવો.
3. શું આ અધિનિયમ ફક્ત નબળા વર્ગના બાળકો માટે જ છે? શા માટે?

## *4.7* માનવ અધિકારનું શિક્ષણ

### 4.7.1 માનવ અધિકાર એટલે શું?

પ્રશિક્ષણાર્થી મિત્રો, માનવ અધિકાર કોને કહેવાય ? તે બાબતથી અવગત થઈએ.

'માનવ અધિકાર' નો અર્થ વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા તેમજ ગરિમા સાથે સંબંધ ધરાવતા ભારતીય સંવિધાન દ્વારા પ્રમાણભૂત અધિકારોથી છે, જે આંતરરાષ્ટ્રીય કરારમાં વર્ણિત છે અને ભારતમાં ન્યાયાલયો દ્વારા પસાર કરાયેલ છે. આ અધિકારો વિના વ્યક્તિની સ્થિતિ પશુ સમાન થઈ જાય. તેના માધ્યમથી જ વ્યક્તિ પોતાની વ્યક્તિગત, સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક જરુરિયાતોને પૂર્ણ કરી શકે છે તથા પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધવા માટે સમર્થ બની શકે છે.

મનુષ્ય હોવાના કારણે તેની સાથે કેટલાક અધિકારો અને સ્વતંત્રતા જોડાયેલ છે, જેનાથી વંચિત રહેવાથી મનુષ્ય પોતાની માનવતાથી જ વંચિત થઈ જાય છે. આથી જ જેમાં તમામ માનવ અધિકારોને ઉદ્ઘોષિત કરાયા છે તે માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાને 'માનવજાતિનો મહાધિકાર પત્ર (Magna Carta)' કહેવાયો છે તે યોગ્ય જ છે. જે મુજબ 'માનવ અધિકાર'નો અર્થ વિવિધ દ્રષ્ટિકોણથી નીચે મુજબ વર્ણવી શકાય.

- માનવ અધિકાર એ એવો અધિકાર છે જે દરેક વ્યક્તિને માનવ હોવા માત્રથી પ્રાપ્ત થાય છે, પછી ભલેને તેની રાષ્ટ્રીયતા, લિંગ, વ્યવસાય, વર્ગ અને સામાજિક-આર્થિક સ્થિતિ ગમે તેવા પણ કેમ ના હોય.
- માનવ અધિકાર એટલે માનવજીવનને અર્થપૂર્ણ, સંતોષજનક અને ગૌરવવંત બનાવે એવા મુખ્ય અધિકારો.
- માનવ અધિકારો એટલે માણસના ગૌરવ અને રક્ષણની વ્યવસ્થા જણાવતા અધિકારોનો સમૂહ.
- માનવના એક માનવ તરીકેના માનવામાં આવેલા કુદરતી અધિકારો એટલે માનવ અધિકારો.

### 4.7.2 માનવ અધિકારો

માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણામાં જે 'માનવ અધિકારો' નિર્ધારિત કરવામાં આવેલા છે, તે બાબતો વિશે જાણકારી મેળવીએ :

દરેક વ્યક્તિ જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય, જન્મ કે અન્ય દરજ્જો તેમજ સામાજિક-આર્થિક સ્થિતિ જેવા કોઈપણ જાતના ભેદભાવ વગર આ ઘોષણાપત્રમાં જણાવેલા બધા જ અધિકારો અને સ્વાતંત્ર્યોનો હકદાર છે. તે માનવ અધિકારોને ટૂંકમાં નીચે મુજબ તારવી શકાય :

- દરેક વ્યક્તિને જીવવાનો, સ્વતંત્રતાનો અને સ્વ-રક્ષણનો અધિકાર છે.
- કોઈને પણ ગુલામી કે પરાધીન દશામાં રાખી શકાશે નહીં.
- કોઈપણ વ્યક્તિ ઉપર જુલમ કરવામાં આવશે નહીં.
- દરેક વ્યક્તિને દરેક ઠેકાણે કાયદાની સમક્ષ માનવ તરીકે સ્વીકાર કરવાનો અધિકાર છે.
- કાયદા સમક્ષ સર્વ માણસો સમાન છે અને કોઈપણ જાતના ભેદભાવ વગર કાયદાનું રક્ષણ સમાન ધોરણે મેળવવાને હકદાર છે.
- દરેક વ્યક્તિને સંવિધાન દ્વારા પ્રાપ્ત મૂળભૂત અધિકારોનો ભંગ કરતા કૃત્યો માટે સક્ષમ રાષ્ટ્રીય ન્યાયાધિકરણ દ્વારા અસરકારક ઉપયોગ કરવાનો હક છે.
- કોઈપણ વ્યક્તિને આપખુદ રીતે ગિરફ્તાર કરવામાં, અટકાયતમાં રાખવામાં અથવા દેશનિકાલ કરવામાં આવશે નહીં.
- કાયદા પ્રમાણે ગુનેગાર સાબિત થાય ત્યાં સુધી પોતાને નિર્દોષ માનવાનો સૌ કોઈને અધિકાર છે.

- દરેકને વ્યક્તિના ઘર, કુટુંબ, પત્રવ્યવહાર જેવી બાબતોમાં દખલગીરી અથવા તેના માન-પ્રતિષ્ઠા પર આક્રમણની સામે કાયદાનું રક્ષણ માંગવાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને પોતાના દેશમાં હરવા-ફરવા / સ્થળાંતર / હેરફેર / વસવાટ / ત્યાગ / પુનઃપ્રવેશની સ્વતંત્રતાને લગતો અધિકાર છે.
- દરેક વ્યક્તિને અન્યાયમાંથી છટકીને બીજા દેશોમાં આશ્રય લેવાનો અધિકાર છે.
- કોઈપણ વ્યક્તિ પાસેથી આપખુદ રીતે તેની રાષ્ટ્રીયતાનો હક ઝૂંટવી લેવામાં આવશે નહીં અથવા તેની રાષ્ટ્રીયતામાં ફેરફાર કરવાના હકથી તેને વંચિત રાખી શકાશે નહીં.
- પુરુષો અને સ્ત્રીઓને કોઈપણ જાતના ભેદભાવ વગર લગ્ન/કુટુંબ સંબંધી સ્વતંત્રતાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને એકલા તેમજ બીજાની સાથે મિલકત રાખવાનો અધિકાર છે. આવી મિલકત આપખુદ રીતે ઝૂંટવી શકાશે નહીં.
- દરેક વ્યક્તિને વિચાર, અંતઃકરણ અને ધર્મની સ્વતંત્રતાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને અભિપ્રાય અને ઉચ્ચારણની સ્વતંત્રતાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને શાંત સભા અને મંડળી રચવાની સ્વતંત્રતાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને પ્રત્યક્ષ રીતે કે સ્વતંત્ર રીતે ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા પોતાના દેશની સરકારમાં ભાગ લેવાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને પોતાના દેશની જાહેર નોકરીઓમાં સમાન પ્રવેશનો અધિકાર છે.
- સમાજના એક સભ્ય તરીકે સામાજિક સલામતીનો અધિકાર અને તેના ગૌરવ તથા તેના વ્યક્તિત્વના વિકાસ માટે અપરિહાર્ય એવા આર્થિક, સામાજિક અને સંસ્કાર વિષયક અધિકારો સિદ્ધ કરવાનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને કામ કરવાનો, મુક્ત રીતે નોકરી પસંદ કરવાનો, કામની ન્યાયસંગત અને સાનુકૂળ પરિસ્થિતિઓનો તેમજ બેકારી સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.
- કોઈપણ જાતના ભેદભાવ વગર દરેકનો સમાન કામ માટે સમાન વેતનનો અધિકાર છે.
- દરેક વ્યક્તિને કામના કલાકોની વાજબી મર્યાદા અને પગાર સાથેની સામાજિક રજાઓ સહિત આરામ અને ફુરસદનો અધિકાર છે.
- પોતાના અને પોતાના પરિવારના આરોગ્ય તથા કલ્યાણ માટે પર્યાપ્ત જીવનધોરણનો અધિકાર છે.
- બિમારી, અપંગ અવસ્થા, વૈધવ્ય, વૃદ્ધાવસ્થા કે અન્યથા આજીવિકાના અભાવ પ્રસંગે સલામતીનો અધિકાર છે.

- દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર છે. ઓછામાં ઓછું પ્રાથમિક અને પાયાના તબક્કાઓમાં શિક્ષણ મફત અને ફરજિયાત રહેશે. લાયકાતના ધોરણે ઉચ્ચ શિક્ષણ સૌને પ્રાપ્ત થવાનો અધિકાર રહેશે.
- પોતાના બાળકોને કયા પ્રકારનું શિક્ષણ આપવું તે પસંદ કરવાનો પ્રથમ અધિકાર મા-બાપને રહેશે.
- સમાજની સંસ્કારિક પ્રવૃત્તિઓમાં મુક્તપણે ભાગ લેવાનો અને તેની કળા તથા વૈજ્ઞાનિક વિકાસ અને તેનો લાભ લેવાનો અધિકાર સૌને છે.
- પોતે જેનો સર્જક હોય તેવા કોઈ વૈજ્ઞાનિક, સાહિત્ય વિષયક કે કલાલક્ષી સર્જનમાંથી નીપજતાં નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણનો સૌને અધિકાર છે.

આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલ અધિકારો અને સ્વતંત્રતાઓ જેમાં સંપૂર્ણ તથા સિદ્ધ થઈ શકે તેવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે દરેક વ્યક્તિ અધિકારી છે. આ સાથે જે કોમમાં જ તેના વ્યક્તિનો સ્વતંત્ર અને સંપૂર્ણ વિકાસ શક્ય છે તે કોમ પ્રત્યે દરેક વ્યક્તિને ફરજો પણ બજાવવાની રહેશે. આ અધિકારોનો નાશ કોઈ રાજ્ય/જૂથ/વ્યક્તિ કરી શકશે નહીં.

**તમારી પ્રગતિ ચકાસો** :

1. માનવ અધિકારનો ટૂંકમાં અર્થ જણાવો.
2. દરેક વ્યક્તિ કેવા કેવા ભેદભાવ વગર માનવ અધિકાર ભોગવવાનો હકદાર છે?
3. સામાજિક સલામતીનો અધિકાર એટલે શું?

### 4.7.3 માનવ અધિકારોનું શિક્ષણ એટલે શું ?

માનવ અધિકારનું શિક્ષણ એ માનવ અધિકારો થકી જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યોના વિકાસ સંબંધી શીખવાની પ્રક્રિયા છે. જેમાં માનવ અધિકાર સંબંધિત જ્ઞાનને આપણા અધિકારો સંબંધી જાણકારી અને માનવ અધિકારોનો ભંગ થતા કેવા પરિણામો આવે તે શીખવવામાં આવે છે. માનવ અધિકારો સંબંધિત કૌશલ્યમાં બીજાને સાંભળવું, સંવાદ અને સંબંધિત પ્રશ્નો પૂછવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. માનવ અધિકારોના મૂલ્યો ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેમાં દરેક માનસન્માન અને પ્રતિષ્ઠાના અધિકારી છે, એવી માન્યતાનો સમાવેશ થાય છે.

વ્યક્તિ જ્યારે પોતાના માનવ અધિકારો પ્રત્યે સભાન બને છે, ત્યારે જ તે અન્યના માનવ અધિકારોને માનસન્માનની નજરે જોઈને તેનું રક્ષણ કરતાં શીખે છે. આ બધું તે રોજબરોજના જીવનમાં અમલમાં મૂકી જાતે અનુભવે ત્યારે જ સારી રીતે પ્રાપ્ત કરી શકે. રોજબરોજના જીવનમાં શાળા તેને આ અનુભવો વધુ સારી રીતે પૂરા પાડી શકે છે. જેમ કે, સ્વતંત્રતા, સહિષ્ણુતા, સત્ય, સમદ્રષ્ટિ જેવી અમૂર્ત બાબતોને ઔપચારિક શિક્ષણકાર્ય દરમિયાન સુદ્રઢ કરીને આ ભાવનાને પ્રોત્સાહિત કરી શકાય.

આ ઉપરાંત, માનવ અધિકાર શિક્ષણના મૂળભૂત તત્વો નીચે મુજબ તારવી શકાય :

- આ અધિકારો સંબંધી જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કરવા.
- આ અધિકારો પ્રત્યેના વલણ અને મૂલ્યને વિકસાવવા.
- પ્રેરણા દ્વારા સક્રિય નાગરિકતાનું નિર્માણ કરવું.
- પાયારુપ માનવ અધિકારોના સિદ્ધાંતોનું રોજબરોજના જીવનમાં સમાવેશન કરવું.

### 4.7.4 માનવ અધિકારના શિક્ષણમાં તંત્ર અને શાળાની ભૂમિકા

શાળાકક્ષાએ માનવ અધિકારોનું શિક્ષણ આપવા માટે શિક્ષણતંત્ર અને શાળાએ નીચે મુજબના પ્રયત્નો હાથ ધરવા જોઈએ:

- શાળા શિક્ષણને અસર કરતા રાષ્ટ્રીય કાયદાઓમાં માનવ અધિકાર શિક્ષણનો સમાવેશ કરવો.
- જરુરિયાત પ્રમાણે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોનું પુનઃગઠન કરવું.
- શિક્ષકોની પૂર્વસેવા અને સેવાકાલીન તાલીમમાં માનવ અધિકારો અને માનવ અધિકારોના શિક્ષણની પદ્ધતિઓનો સમાવેશ કરવો.
- જરુરિયાત પ્રમાણેનું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવું.
- શાળાકક્ષાએ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન એવી રીતે કરવું કે જેથી માનવ અધિકારો અંગેની જાગૃતિ બાળકોના કુટુંબ અને સમાજ સુધી વિસ્તરીત કરી શકાય.
- શિક્ષકો અને માનવ અધિકાર સાથે જોડાયેલા શિક્ષક સંઘો, માનવ અધિકાર સમૂહ તેમજ બિનસરકારી સેવા સંસ્થાઓ (NGO) સાથે મળીને આ ક્ષેત્રે મદદરુપ થઈ શકે એવા એક તંત્રનું ગઠન કરવું.
- અનૌપચારિક રીતે શાળા સમય બાદની પ્રવૃત્તિઓ, વિવિધ મંડળો અને યુથ ફોરમના માધ્યમથી માનવ અધિકારોનું શિક્ષણ શાળા પ્રાંગણમાં કે પ્રાંગણની બહાર જરુરિયાત મુજબ આપી શકાય.
- શાળાઓએ બાળકો, તેમના વડીલો અને પંચાયતો/મ્યુનિસિપલ મંડળોનો સમાવેશ કરતા બાળ સંરક્ષણ પ્રબંધન એકમ કે જૂથની સ્થાપના કરવી જોઈએ. જે એકમનું કાર્ય સંભાળ અને સંરક્ષણની જરુરિયાતવાળા બાળકોની નોંધ રાખવાનું તથા બાળ દુર્વ્યવહારના કિસ્સાઓની ખબર પોલીસ કે બીજા સંબંધિત અધિકારીઓને આપવાનું હોઈ શકે.
- શિક્ષકો દ્વારા બાળકોને માનવ અધિકારોની જાગૃતિ કેળવાય તે વિષય પર ચર્ચા સત્રો શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં ગોઠવી શકાય.
- શાળાકક્ષાએ માનવ અધિકારને લગતા વિષયો આધારિત વક્તૃત્વ સ્પર્ધા યોજી શકાય.
- માનવ અધિકારોના રક્ષણ માટેની પ્રવૃત્તિ કરતી સંસ્થા કે કચેરીના તજજ્ઞ વ્યક્તિ દ્વારા શાળાના બાળકોની વયકક્ષાનુસાર વિષયને લગતા વક્તવ્ય અને પ્રશ્નચર્ચા ગોઠવી શકાય.
- માનવ અધિકારના વિષયો પર આધારિત નિબંધ સ્પર્ધાઓ તેમજ લોકજાગૃતિ માટે રેલીનું આયોજન પર કરી શકાય.

### 4.7.5 માનવ અધિકારોના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા

શિક્ષકે વર્ગખંડ અને શાળાકક્ષાએ માનવ અધિકારોનું શિક્ષણ આપવા માટે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- શિક્ષકે બાળકોના Friend, Philosopher અને Guide બનવું જોઈએ, જેથી બાળકો તેમની સામે પોતાની ચિંતાઓ, વેદનાઓ, ભય ઈત્યાદિ વ્યક્ત કરી શકે.
- શિક્ષકે બાળકોના અધિકારોને માનવીય અધિકારો સમજવા તેમજ સમાજમાં પણ તેવા પ્રકારની જાગરુક્તા કેળવવી.
- બાળકોને શાળામાં કે શાળા બહાર કોઈપણ સ્થાને ઉપેક્ષા, દુર્વ્યવહાર, જબરદસ્તી, શોષણને આધીન બનાવવામાં આવી શકે છે. શિક્ષકે શાળા બહારની આ પરિસ્થિતિનો સ્વીકાર કરી, બરાબર સમજી અને ઓળખવામાં પૂરતો સમય આપીને તે માટેના સંભવિત ઉપાયો હાથ ધરવા જોઈએ.
- શિક્ષક શાળાના પરિસરમાંથી બહાર નીકળે એટલે બાળકોના અધિકારોના રક્ષણની ફરજનો અંત આવતો નથી. શાળાના તંત્રની બહારના બાળકનું જીવન શિક્ષકના હકારાત્મક હસ્તક્ષેપથી બદલાઈ શકે છે. જેના માટે શિક્ષકે પોતાની જાતને આવી સમસ્યાઓને હલ કરવા માટે તૈયાર કરવાની જરુર છે.
- વર્ગખંડ શિક્ષણને વધુ રસપ્રદ અને માહિતીપ્રદ બનાવવું જોઈએ. જેના માટે શિક્ષકકેન્દ્રી અધ્યયન-અધ્યાપનને બદલે બહુમાર્ગીય સંચારને સ્થાન આપવું જોઈશે, કેમ કે બાળકોને તેમની શંકાઓ અને પ્રશ્નો રજૂ કરતા કરવા જરુરી છે. અનૌપચારિક ચર્ચાઓમાં બાળકો સાથે જોડાવાનો પ્રયત્ન દરેક શિક્ષકે કરવો જોઈએ. બાળકો દ્વારા શાળા કે ઘરે સામનો કરાતા વિવિધ મુદ્દાઓ અને સમસ્યાઓનું આદાન-પ્રદાન તેમજ ચર્ચા કરવી જોઈએ.
- શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠકો તેમજ વાલી સંમેલનોમાં આ અધિકારોના મુદ્દાની ચર્ચા કરવી જોઈએ.
- શિક્ષકે બાળકોને શિસ્તબદ્ધ કરવા માટે પક્ષીય ચર્ચા અને સલાહ જેવી હકારાત્મક સશક્તિકરણ પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો જોઈએ.
- સંગઠિત કાર્યક્રમોમાં બાળકોને સમાવિષ્ટ કરવા જોઈએ. આ ઉપરાંત શિક્ષકે તેમને વિવિધ જવાબદારીઓ સોંપવી અને સાથે તેમને જરુરી માર્ગદર્શન પણ આપવું જોઈએ.
- શાળાના અન્ય શિક્ષકોની મદદ લઈને પણ બાળકો માટે આજુબાજુ સંરક્ષણાત્મક વાતાવરણ નિર્માણ કરવામાં અને તેને મજબૂત બનાવવામાં આવે તે માટે શિક્ષકે આગળ આવવું જોઈએ.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓ જ્યારે અસ્પૃશ્યતા, દંગાઓ, જાતીયતા જેવા સંવેદનશીલ મુદ્દાઓની ચર્ચા કે મત-મતાંતર રજૂ કરતા હોય ત્યારે શિક્ષકે જાગૃત રહીને ઊભી થતી આવી બાબતોને લગતી શંકાઓનું નિષ્પક્ષીય રીતે સમાધાન કરવું જરુરી બને છે.

- ઘણીવાર માનવ અધિકારના શિક્ષણમાં પરંપરાઓ, મૂલ્યો, માન્યતાઓ વગેરે બાબતો અડચણરુપ પણ બની શકે છે, શિક્ષકે તેને દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.
- શિક્ષકે માનવ અધિકારોને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરતાં પહેલાં પ્રશાસન સમક્ષ તેના મહત્વની ચર્ચા કરી, તેઓને સારી પેઠે વાકેફ કરવા જોઈએ.
- શિક્ષકે સહાનુભૂતિ, નૈતિકતા, પડકારો, માનવગૌરવ તથા સમાનતા જેવી સંકલ્પનાઓ વિશે તેમની ધારણા અને રોજિંદા અનુભવો તેમજ જવાબદારીઓ વગેરે બાબતોને અધ્યાપનમાં સંકલિત કરવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો** :

1. માનવ અધિકારના શિક્ષણને લગતા મુદ્દાઓ કયા વિષયમાં સવિશેષ રીતે આવરી શકાય?
2. માનવ અધિકાર શિક્ષણના મૂળભૂત તત્વો જણાવો.
3. માનવ અધિકારના શિક્ષણ માટે શાળાકક્ષાએ કેવી કેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય ?

**પ્રોજેક્ટ કાર્ય / પ્રવૃત્તિ** ................

**પ્રોજેક્ટ-1**

પ્રશિક્ષણાર્થી મિત્રોએ છેલ્લા એક વર્ષમાં વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલ માનવ અધિકારને સ્પર્શતા સમાચારના કટિંગ્સ એકત્રિત કરી તેને ચાર્ટ-પેપર પર લગાવવા.

**પ્રોજેક્ટ-2**

પ્રશિક્ષણાર્થી મિત્રોએ જિલ્લા કે તાલુકાની માહિતી કચેરીની મુલાકાત લઈ માનવ અધિકારને લગતી જરુરી પૂરક માહિતી અંગેનો હસ્તલિખિત અંક તૈયાર કરવો.

**પ્રોજેક્ટ-3**

પ્રશિક્ષણાર્થી મિત્રોએ શાળા ઈન્ટર્નશિપ દરમિયાન તે શાળા કક્ષાએ માનવ અધિકારના રક્ષણ માટે કાળજી રાખવા થયેલા પ્રયત્નોનો અહેવાલ તૈયાર કરવો.

**પ્રાધ્યાપકો માટે** ............

પ્રસ્તુત પ્રોજેક્ટ-1ના આધારે તૈયાર થયેલ ચાર્ટસની વિગતોને પ્રશિક્ષણાર્થીઓના જૂથ પાડી ચર્ચા સત્ર ગોઠવી શકાય. પ્રોજેક્ટ-2ના આધારે તૈયાર થયેલ હસ્તલિખિત અંકનું સમગ્રલક્ષી સંકલન કરાવી તેનો એક વિસ્તૃત અંક તૈયાર કરાવી શકાય. જ્યારે પ્રોજેક્ટ-3 અંતર્ગત તૈયાર થયેલ અહેવાલની જૂથ પાડી સમીક્ષા કરાવી, માનવ અધિકારના રક્ષણ માટેની નવતર પ્રવૃત્તિઓની માર્ગદર્શિકા તૈયાર કરાવવી. જેની રજૂઆત પ્રાર્થના-સંમેલન દરમિયાન કરાવી શકાય.

## *4.8* સારાંશ

આ એકમના અંતે આપણે ભારતીય બંધારણની રચના અને તેમાં તેના આદર્શ ભારતીય સમાન અને નાગરિકની ચર્ચા આમુખમાં સ્પષ્ટ કરવામાં આવી છે. ત્યારબાદ બંધારણમાં શિક્ષણ

સંબંધી પૂર્વપ્રાથમિક, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ, સ્ત્રીશિક્ષણ, ભાષાશિક્ષણ વિશે વિગતે અભ્યાસ કર્યો. આજ એકમમાં બંધારણમાં સમાનતા માટેના શિક્ષણની ચર્ચા-વિશેષ કરીને વંચિત જૂથ વિશે કરવામાં આવી.

દેશભરમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે આમૂલ પરિવર્તન લાવવા માટેનો સૌથી મોટો પ્રયાસ બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર મળ્યો છે તે છે. આ કાયદાની જોગવાઈઓ અને તેના તાર્કિક અર્થઘટનોથી ભાવિ પ્રાથમિક શિક્ષકે વાકેફ થવું અતિ આવશ્યક છે. આ કાયદો અને તેના અંતર્ગત ગુજરાત સરકારે ઘડેલા નિયમોનું પાલન તમામ પ્રાથમિક શાળાઓમાં થાય તે જરુરી છે. અંતે દરેક વ્યક્તિના વિકાસમાં અને જીવન જીવવામાં મહત્વનો ભાગ ભજવતા 'માનવ અધિકારો' અંગેની જાણકારી મેળવી. માનવ અધિકારોનું શિક્ષણ પૂરું પાડવામાં તંત્ર, શાળા અને શિક્ષકની ભૂમિકા અંગેનું જ્ઞાન હોવું ખૂબ અગત્યનું બની રહે છે.

21મી સદીમાં ભારત વિકસિત રાષ્ટ્રોની હરોળમાં બેસી શકે તે માટે શિક્ષણની બંધારણીય જોગવાઈઓને સાકાર કરી એક આદર્શ નાગરિક તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ. આ બાબત ત્યારે જ સાકાર થશે જ્યારે સમાજ શિક્ષણનું મહત્વ સમજી તેને પરિવર્તનના વાહક તરીકે સમજે.

## *4.9* સમજ ચકાસતા પ્રશ્નો

1. 'ભારતીય બંધારણનું વિઝન આમુખમાં ચરિતાર્થ થાય છે.' – સમજાવો.
2. ભારતીય બંધારણમાં શિક્ષણનું સ્થાન મહત્વનું છે - ઉદાહરણ સહિત સમજાવો.
3. 'શિક્ષણમાં સમાનતા માટે બંધારણમાં યોગ્ય જોગવાઈઓ કરવામાં આવી છે.' – વિધાન સ્પષ્ટ કરો.
4. રાજ્યના પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ ઘડવાની જવાબદારી કઈ સંસ્થા નિભાવશે ? આ સંસ્થાએ અભ્યાસક્રમ નિર્માણમાં કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે?
5. શિક્ષણ મેળવવાના અધિકાર, 2009માં તમને સૌથી અગત્યની લાગતી કોઈ એક જોગવાઈ સંદર્ભે આપની દલીલો નોંધો.
6. માનવ અધિકારના શિક્ષણમાં તંત્ર અને શાળાની ભૂમિકા જણાવો.
7. 'માનવ અધિકારના શિક્ષણનો સૌથી અગત્યનો વાહક તે શિક્ષક છે.' – આ વિધાન સમજાવો.

## *4.10.* સંદર્ભ સૂચિ


1. ઉપેન્દ્ર બી. પાઠક (2006) ભારતનું બંધારણ; ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.
2. ડૉ. સી. કે. પટેલ (1997) નાગરિકોના અધિકાર અને ફરજો; ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.
3. ત્રિદીપ સુહૃદ (1992) બંધારણના લક્ષણો; ગૂર્જર પ્રકાશન, અમદાવાદ
4. પ્રવિણ ન. શેઠ અને મકરંદ મહેતા (1965) ભારતનું રાજ્ય બંધારણ; ન્યૂ ગુજરાત લૉ હાઉસ, અમદાવાદ.
5. ભારતનું સંવિધાન (ચતુર્થ આવૃત્તિ) (2011) વિધિ અને ન્યાય મંત્રાલય, ભારત સરકાર
6. ……………… (…………….) Education in Emerging Indian Society; NCERT, New Delhi.

7. www/indiacode.nic.in/coiweb/amend 86.htm.
8. Right to Education Act, 2009.
9. ગુજરાત, બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, 2012.
10. લલિત પરમાર (1997) માનવ અધિકાર; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
11. મફતલાલ પટેલ (1998) માનવ અધિકાર સંરક્ષણ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
12. Teaching Human Rights – Practical Activities for Primary and Secondary schools; United Nations; New York (2004).
13. Guidelines for Human Rights & Value in Education; UGC – New Delhi.

## પ્રથમ વર્ષ

## કોર્સ–૨ (બ) ભારતીય શિક્ષણ દર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ

**વિચાર પ્રેરક પ્રશ્નો:–**

1. "દરેક શાળામાં મુખ્ય શિક્ષકની ખાસ જરૂરિયાત હોય છે." આ વિધાનની વિરુદ્ધ કે તરફેણમાં તમારા વિચારો જણાવો.
2. કોઈ એક શાળાના મુખ્ય શિક્ષક વધારે પડતા કડક અને શિસ્તના આગ્રહી છે તો આવી શાળાનું વાતાવરણ કેવું હશે?
3. મુખ્ય શિક્ષક માત્ર વહીવટી કાર્ય કરે છે શાળાની અભ્યાસિક તેમજ સહભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા નથી તો એવા મુખ્ય શિક્ષક માટે તમે શું વિચારશો.
4. શિક્ષક પાસે વિષયવસ્તુનુ ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોવું જોઈએ. શા માટે?
5. શું તમે માનો છો કે શિક્ષક પાસે સતતઅને સર્વગ્રાહી મૂલ્યાંકન ની ક્ષમતા ન હોય તો સફળ શિક્ષક બની શકાય? કઈ રીતે?
6. "શિક્ષણનું સમાજશાસ્ત્ર તેમજ શૈક્ષણિક સમાજશાસ્ત્ર બંનેનો સમન્વય લોકશાહીના પાયાના મૂલ્યોમાં જરૂરી છે. " આ વિધાનના સંદર્ભમાં તમારી તર્કયુક્ત દલીલો રજૂ કરો.
7. સોશિયલ નેટવર્કિંગ સાઇટ અને સોશિયલ મીડિયાનો પ્રાથમિક શિક્ષક તરીકે તમે કરેલા ઉપયોગની નોંધ કરો.
8. સામાજિક પરિવર્તનના પ્રેરકબળ તરીકે તમે શિક્ષણ ને કેવી રીતે મૂલવશો?
9. શિક્ષણના ચોક્કસ ધ્યેયો વગર લોકશાહીના પાયાનાં મૂલ્યો જાળવવાં કઠિન છે તેવું તમને શા પરથી લાગે છે.
10. આધુનિકીકરણની તમારા જીવન પર શું અસર પડી છે? આ અસરો ન થઈ હોત તો શું થયું હોત જણાવો.
11. Covid–19 જેવા સમયગાળામાં એક શિક્ષક તરીકે બાળકોના શિક્ષણ માટે તમે ચિંતિત છો તમે તેના શિક્ષણ માટે તમે ક્યાં ઉપાયો વિચારશો?
12. ફરજીયાત શિક્ષણ વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપરની તરાપ છે, એવું તમને કેમ લાગતું નથી?
13. ગામના લોકોનો સહયોગ મેળવી શાખામાં નામાંકન વધારી શકાય? કઈ રીતે?

**નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઈ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.**